Friday 13, September 2024
Page : 08 Rs. 3/-

આપનું અખબાર : આપનો અવાજ

# દમણગંગા ટાઇમ્સ

વલસાડ, નવસારી, ડાંગ જિલ્લા તથા સંઘપ્રદેશ દમણ, દા.ન.હ.નું વાપીથી પ્રસિધ્ધ થતું સૌ પ્રથમ સંપૂર્ણ સ્થાનિક દૈનિક

❖ RNI No. 72378/99 Email : damangangatimes@yahoo.co.in

❖ વર્ષ : ૨૭ ❖ અંક : ૧૦૮ ❖ તંત્રી : શ્રીમતી મંજુલાબેન ઉકાણી ❖ નિવાસી તંત્રીઃ વિકાસ ઉપાધ્યાય. ❖ વાપી કાર્યાલય : નેશનલ હાઈવે નં.૮, પો.બો. નં. ૩૨, વાપી - ૩૯૬ ૧૯૧. ❖ ટેલિ ફોન : ૭૬૦૦૭ ૧૭૩૧૦ ❖ ફેક્સ : ૨૪૨૨૭૧૧

## અબ્રામા હાઈવેના ઔરંગા બ્રીજ પર બાકોરું !



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૨ :** વલસાડના અબ્રામામાંથી પસાર થતો નેશનલ હાઈવે નં.૪૮ પરની ઔરંગા નદીના બ્રિજ પર મોટું બાકોરું પડતા અમદાવાદથી મુંબઈ જતા હાઈવે રોડ પર ૪ કિલો મીટર જેટલી વાહનોને લાંબી લાઈનો અને ટ્રાફિકજામ જોવા મળ્યો હતો. જોકે આ બાકોરૂમાંથી નદીનો પટ પણ દેખાઈ રહ્યો છે.

વલસાડ જિલ્લામાં પડેલા ભારે વરસાદના કારણે મુંબઈથી અમદાવાદ કે અમદાવાદથી મુંબઈ નેશનલ હાઈવે નંબર ૪૮ પર મોટા મોટા ખાડાઓ પડવાના કારણે હાઈવે રસ્તો બિસ્માર બનતા વાહન ચાલકો ભારે પરેશાન થઈ ગયા છે તો બીજી તરફ વલસાડના અબ્રામા ગામેથી પસાર થતી ઔરંગા નદીના બ્રિજ પર મોટું બાકોરૂ પડ્યું હતું. જોકે આ બકોરુંમાંથી નદીનો પટ પણ દેખાઈ રહ્યો છે. ઔરંગા નદીના હાઈવેના બ્રીજ પર બાકોરું પડવાની ઘટનાની જાણ થતા હાઈવે ઓથોરિટી તાત્કાલિક દોડી જઈ હાઈવે પર પડેલા બાકોરાં ઉપર પાટીયું મૂકી ઢાંકી સંતોષ માન્યો હતો. હાઈવે ઉપર પડેલા ખાડાઓ અંગે વારંવાર રજુઆત છતાં ખાડાઓ ન પુરવાના કારણે વલસાડની ઔરંગા નદી ઉપર મોટો ખાડો પડી જતા બ્રિજ પરના ખાડામાં સળિયાઓ દેખાય રહ્યા છે. સાથે નદીનો પટ દેખાય રહ્યો છે. લાખો રૂપિયાનો ટોલ ટેક્ષ લેતી નેશનલ હાઈવે ઓથોરિટી દ્વારા ખાડા ઉપર માત્ર પાટિયું મૂકી રસ્તો બંધ કરી સંતોષ માનવામાં આવી રહ્યો છે જેને લઈ અમદાવાદથી મુંબઈ જતા લોકોએ ભારે ટ્રાફિકજામનો સામનો કરવાનો વારો આવ્યો છે. તો કેટલાક લોકો ટ્રાફિકજામથી બચવા માટે હાઈવે ઉપર રોંગ સાઈડ પર પોતાનો જીવ જોખમમાં રાખી જવા મજબૂર બન્યા છે. વારંવાર રજુઆત છતાં હાઈવે ઓથોરિટી દ્વારા ખાડો ન પુરવાના કારણે લોકોમાં રોષ જોવા મળ્યો છે. હાઈવે ઓથોરિટી હાઈવે પર કોઈ મોટી દુર્ઘટનાની રાહ જોઈ બેઠું હોય એવું લાગી રહ્યું છે.

## મોટી દમણનાં રામ સેતુ- જમ્પોર વચ્ચે નવી ત્રણ ટેન્ટ સીટી બનાવાશે



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**દમણ, તા.૧૨ :** દમણમાં પ્રવાસનનો વિકાસ થયા બાદ પ્રવાસીઓની સંખ્યામાં વધારો થયો છે. નવા રોકાણકારો પણ વધી રહ્યા છે. અગાઉ મોટી દમણમાં ટેન્ટ સિટી શરૂ કરવામાં આવી હતી તેની સફળતા બાદ આ દિશામાં નવા રોકાણકારો આવી રહ્યા છે. પ્રવાસન વિભાગે નવા ટેન્ટ સિટી માટે ત્રણ ટેન્ડર બહાર પાડ્યા છે. જુપ્રિમ વેલનેસ સેન્ટર પાસે મોટી દમણ રામ સેતુ પર ટેન્ટ સિટી બનાવવામાં આવશે. દસ હજાર ચોરસ મીટર જમીનમાં ૪૦ ટેન્ટ અને સ્વિમિંગ પુલ વગેરે બનાવવામાં આવશે. બીજી ટેન્ટ સિટી હિન્દુ સ્મશાનભૂમિની આસપાસની જમીન પર બનાવવામાં આવશે. અહીં પણ ૧૦ હજાર ચોરસ મીટરમાં ૪૦ ટેન્ટ બનાવવામાં આવશે. આ પછી જમ્પોર નજીક કાલય રોડ પર ૪૫૦૦ ચોરસ મીટર જમીન પર ૧૫ ટેન્ટ વગેરે બનાવવામાં આવશે. જે પણ આ ટેન્ડર લેશે તેણે પોતાના ખર્ચે ટેન્ટ સિટીનું નિર્માણ, સંચાલન અને જાળવણી કરવાની રહેશે. ૪૦ ટેન્ટ ધરાવતી સાઈટ પર દર ટેન્ટ દીઠ ૩૫ હજાર રૂપિયાનું માસિક ભાડું પ્રવાસન વિભાગને ચૂકવવું પડશે. ૨૫ ટેન્ટવાળા સ્થળે, એક ટેન્ટનું ભાડું ૨૫,૦૦૦ રૂપિયા પ્રતિ માસ પ્રવાસન વિભાગને ચૂકવવામાં આવશે. આ ટેન્ડર ૫ વર્ષ માટે રહેશે. આ ટેન્ટ કન્સ્ટ્રક્શન પછી લાઈટ હાઉસથી જમ્પોર સુધી કુલ ૫ ટેન્ટ સિટી થઈ જશે.

## વલસાડમાં સગીરાને હત્યાની ધમકી આપી દુષ્કર્મના આરોપીને ૨૦ વર્ષની કેદ અને દંડ

### ૬ વર્ષ અગાઉ બનેલી ઘટનામાં પિડિતાનું ૨૦૨૩માં અવસાન થઈ ગયું હોવાથી તેના માતા-પિતાને સરખે હિસ્સે રૂા.૬ લાખનું વળતર ચુકવવા પણ આદેશ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા.૧૨ :** છ વર્ષ અગાઉ વલસાડમાં રહેતી અને ધો. ૭માં અભ્યાસ કરતી ૧૧ વર્ષીય સગીરા ઘરે જતી વખતે વલસાડમાં રહેતા એક યુવાને જાનથી મારી નાંખવાની ધમકી આપી સાયકલ પર બેસાડી નજીકમાં આવેલ એક વાડીમાં લઈ જઈ બબ્બે વાર દુષ્કર્મ કરવાના ગુનામાં વલસાડની કોર્ટે આરોપીને ૨૦ વર્ષની કેદ અને ૪૫ હજાર રૂપિયાનો દંડ ભરવો અને ભોગ બનનાર સગીરાનું ૨૦૨૩માં અવસાન થતાં તેના માતા-પિતાને સરખે હિસ્સે ૬ લાખનું વળતર આપવાનો મહત્વનો ચુકાદો આપ્યો છે.

વલસાડ શહેરના એક વિસ્તારમાં રહેતા શ્રમિક પરિવારની ૧૧ વર્ષીય સગીર વયની દીકરી મનસ્વી (નામ બદલ્યું છે) પરિવાર સાથે રહે છે અને મનસ્વી વલસાડની સરકારી શાળામાં ધો.૭માં અભ્યાસ કરે છે. મનસ્વી સવારે ૭ વાગ્યે શાળામાં ગઈ હતી અને તેની માતા નજીકમાં આવેલી સોસાયટીમાં સવારે ૧૧ વાગ્યે ઘરકામ કરવા માટે ગઈ હતી. મનસ્વી બપોરે એક કલાકે શાળામાંથી ઘરે આવતી હતી તે દરમિયાન વલસાડના ડેરા ફળિયામાં રહેતો હાર્દિક ઝીણા નાયકા નામના યુવાને મનસ્વીને સાયકલ પણ બેસાડી લઈ જતા જોતા તેને હાર્દિક ઉપર શંકા થઈ હતી. માતા જલ્દી જલ્દી ઘરકામ પતાવી પોતાને દિકરી મનસ્વીને અંગે તપાસ તથા પૂછપરછ અને શોધખોળ કરતા તે વલસાડ ગ્રીન પાર્ક વિસ્તારમાં આવેલી વાડીમાં લઈ જઈ હાર્દિકે મનસ્વીને મારી નાંખવાની ધમકી આપી બેવાર દુષ્કર્મ કર્યું હોવાનું માતાને જણાવતા માતાએ વલસાડ સીટી પોલીસ મથકમાં હાર્દિક ઝીણા નાયકા રહે ડેરા ફળિયા વલસાડ સામે ફરિયાદ નોંધાવી હતી. જે અંગેનો કેસ વલસાડની કોર્ટમાં ચાલતો હતો બંને પક્ષોની દલીલો સાંભળ્યા બાદ એપીપી ભરત આર. પ્રજાપતિ અને એપીપી નવીન પ્રજાપતિની દલીલોને ગ્રાહ્ય રાખી એડિશનલ સેશન્સ જજ ડી.જે. શાહે આરોપી હાર્દિક ઝીણાભાઈ નાયકાને ૨૦ વર્ષની સખત કેદ અને ૪૫૦૦૦ રૂપિયાનો દંડ ભરવો, દંડ નહિ ભરે તો વધુ સજા ભોગવવાની રહેશે. તેમજ ભોગ બનનાર સગીરાનું ચાર વર્ષ બાદ ૨૦૨૩માં અવસાન થયું હોવાથી તેનાં માતા પિતાને સરખે હિસ્સે રૂા.૬ લાખ વળતર આપવાનો મહત્વપૂર્ણ ચુકાદો આપ્યો હતો.

## વાપીમાં મુક્તિધામ પાસે શ્રીજી વિસર્જનની છુટ અપાઈ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા.૧૨ :** વાપી જીઆઈડીસીના મુક્તિધામ નજીક આવેલ દમણગંગા નદીમાં શ્રીજીની પ્રતિમાનું વિસર્જન કરવા પર અહીં ચાલતા વિકાસના કામોને લઈ પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. પરંતુ હવે આ પ્રતિબંધ ઉઠાવી લેવાયો છે અને હવે ૭, ૯ અને અનંત ચૌદશની ગણપતિજીનું વિસર્જન કરવા માટેની છૂટ આપવામાં આવી છે. પરંતુ અહીં માત્ર મર્યાદિત સંખ્યામાં ગણેશ ભક્તો તેમની પ્રતિમાઓ લઈને રિયલ ડેમ સુધી જશે. જ્યારે શ્રીજી સાથે આવેલ ભાવિક ભક્તો અને ડીજે તથા બેન્ડ બાજા તેમજ ઢોલ નગારાવાળાઓએ નેશનલ હાઈવે નં. ૪૮ ઉપર આવેલ યુપીએલ બ્રિજ નીચેથી જ પરત જવું પડશે. જોકે આ કાર્યમાં ગણેશ ભક્તો વહીવટી તંત્રને સાથ અને સહકાર આપે તેવી અપીલ પણ કરાઈ રહી છે.

## શ્રીડીમાં ગૃહ મંત્રાલયે બદલીનો ગંજીફો ચિપ્યો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**દમણ, તા.૧૨ :** કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ-દીવમાં અનેક અધિકારીઓની બદલી કરવામાં આવી છે. ગૃહ મંત્રાલય તરફથી જાહેર કરવામાં આવેલી યાદીમાં આઈપીએસ, આઈએએસ અને દાનિક્સ અધિકારીઓનો સમાવેશ થાય છે. ગૃહ મંત્રાલય દ્વારા બહાર પાડવામાં આવેલી યાદીમાં ૩૩ અધિકારીઓમાં દાનહ અને દમણ-દીવના અધિકારીઓનો પણ સમાવેશ થાય છે. નાણાં સચિવ ગૌરવ સિંહ રાજાવત અને સમાજ કલ્યાણ સચિવ ફરમાન બ્રહ્માને દમણથી અરુણાચલ પ્રદેશ મોકલવામાં આવ્યા હતાં. દીવ કલેક્ટર ભાનુ પ્રભાને દિલ્હી મોકલવામાં આવ્યા છે. અજય ગુપ્તા અને મોનિકા પ્રિયદર્શિનીને દિલ્હીથી દમણ મોકલવામાં આવ્યા છે. આઈપીએસ પોલીસ અધિકારીઓમાં દીવના પોલીસ અધિક્ષક ફુલજલે પીયૂષ નિરકરને લદ્દાખ અને મણિ ભૂષણ સિંહને દમણથી મિઝોરમ મોકલવામાં આવ્યા છે.

દિલ્હીથી કુમાર જ્ઞાનેશ અને ચંદીગઢથી કેતન બંસલને દમણ મોકલવામાં આવ્યા છે. દાનિક્સ અધિકારીઓમાં સેલવાસના મોહિત મિશ્રાને દિલ્હી, અપૂર્વ શર્માને અંદમાન, કૃષ્ણ ચૈતન્યને અંદમાન અમિત પમાસી અને પુનીતકુમાર પટેલને દિલ્હી અને મરાઠા ઓમકાર ગોપાલને દમણ મોકલવામાં આવ્યા છે. DANIPS પોલીસ અધિકારીઓમાં રજનીકાંત અવધિયાને દિલ્હી અને તનુ શર્માને દિલ્હીથી દમણ મોકલવામાં આવ્યા છે.

## અબ્રામામાં મજુરની માથામાં હથોડો ઝીંકી કરપીણ હત્યા

### શ્રમિક પતિની નજર સામે રાત્રે મજુરે પત્નીને શારિરીક અડપલા કરતા બંને શ્રમિકો વચ્ચે ઝઘડો થતા ઉશ્કેરાયેલા પતિએ હથોડો ઝીંકી દીધો હતો : ટ્રેનમાં ફરાર આરોપી જલગાંવથી ઝડપાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા.૧૨ :** વલસાડના અબ્રામા હાઈવે પર આવેલા જલારામ ઈન્ડસ્ટ્રીયલ પાર્કમાં રહેતા મજૂરે બીજા મજુરની પત્નીને શારીરિક અડપલા કરવાના મામલે ગઈકાલે રાત્રે સાથી મજૂરને માથામાં હથોડો મારી હત્યા કરી ટ્રેનમાં બેસી ભાગી છૂટવાની ઘટના બનતા વલસાડ સીટી પોલીસ પોલીસે રેલવે પોલીસની મદદથી ટ્રેનમાં જઈ રહેલા આરોપીને જલગાંવ રેલવે સ્ટેશન પરથી ટ્રેનમાંથી ઝડપી પાડી સીટી પોલીસ મથકે લવાયો હતો.

વલસાડના હાઈવે પર આવેલી જલારામ ઈન્ડસ્ટ્રીઝ પાર્કમાં બહારથી આવેલા મજૂરો રહી બાંધકામમાં મજુર તરીકે કામ કરે છે. ગઈકાલે રાત્રે પપ્પુ પાસવાન નામના શ્રમિકે વિકાસ માંઝીની પત્ની સાથે રાત્રિ દરમિયાન શારીરિક હડપલા કર્યા હતાં જેને લઈ પપ્પુ અને વિકાસ વચ્ચે રાત્રે ઝઘડો થયો હતો. ગુસ્સે ભરાયેલા વિકાસે પપ્પુના મોઢા અને માથાના ભાગે હથોડો મારી હત્યા કરી આરોપી વિકાસ માંઝા રાતો રાત ફરાર થઈ ગયો હતો. આજરોજ સવારે મજૂરો કામ કરવા માટે આવતા જોયું તો પપ્પુ પાસવાનની હત્યા કરાયેલી લાશ જોવા મળતા તાત્કાલિક વલસાડ સીટી પોલીસમાં જાણ કરતા સીટી પોલીસ મથકના પીઆઈ ડી. પરમાર, ડીવાયએસપી વર્મા અને સિટી પોલીસનો કાફલો દોડી ગયો હતો. વલસાડ સીટી પોલીસે તમામ મજૂરોની પૂછપરછ કરતા વિકાસ માંઝી નામનો મજૂર નહિ હોવાનું જાણવા મળ્યું હતું. જેથી પોલીસે ટેકનીકલ સર્વિસની ટીમની મદદ લઈ તપાસ કરતા આરોપી વિકાસ માંઝી મહારાષ્ટ્રના જલગાંવ તરફ જતો હોવાનું જાણવા મળ્યું હતું. જેથી વલસાડ સીટી પોલીસની ટીમે રેલવે પોલીસની મદદ લઈ આરોપી વિકાસ માંઝીની મહારાષ્ટ્રના જલગાંવ રેલવે સ્ટેશન પરથી ચાલુ ટ્રેનમાંથી ઝડપી પાડી વલસાડ સીટી પોલીસ મથકમાં લાવી પૂછપરછ કરતા મરણ જનાર પપ્પુ પાસવાન તેમની પત્નીની શારીરિક હડપલા કરતા તેની હત્યા કરી હોવાનું તપાસમાં બહાર આવ્યું હતું. વલસાડ સીટી પોલીસ મથકે હત્યાનો ગુનો નોંધી પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

## જિલ્લા કલેક્ટરે પારડીની કચેરીઓની અચાનક મુલાકાત લીધી


(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા.૧૨ :** વલસાડ જિલ્લા કલેક્ટર નૈમેશભાઈ દવે આજે સાંજના સુમારે અચાનક પારડીની મુલાકાતે પહોંચ્યા હતાં. તેમણે મામલતદાર કચેરી અને પ્રાંત કચેરીની મુલાકાત લીધી હતી. એમના સાથે પારડીના પ્રાંત અધિકારી અને ડેપ્યુટી કલેક્ટર એ.પી. ગોહિલ પારડીના મામલતદાર કિરણ રાણા સાથે તાલુકા વિકાસ અધિકારી વિશાલભાઈ પટેલ જોડાયા હતાં અને જરૂરી તમામ કામગીરી અંગેનો અહેવાલ રજૂ કર્યો હતો. બાદમાં જિલ્લા કલેક્ટર પારડી પોલીસ સ્ટેશને પહોંચ્યા હતાં. જ્યાં પારડી પોલીસ



મથકના પીઆઈ જી.આર. ગઢવીએ તેમનું સ્વાગત કર્યુ હતું. બાદમાં તેઓએ જાહેર જનતાને અપીલ કરી હતી કે આગામી તા.૧૭મી સપ્ટેમ્બરથી ૩૧મી ઓક્ટોબર સુધી સ્વચ્છતા હી સેવા અભિયાન તથા સેવા સેતુ શરૂ કરવામાં આવશે. જેમાં જિલ્લાના તમામ વિસ્તારોને આવરી લેવાશે અને તમામ પ્રકારના કામોનો નિકાલ કરાશે. તેમણે ગણેશ વિસર્જન દરમ્યાન નદીમાં પ્રદૂષણ અટકાવવા ફુલોને રિ-સાયકલ કરવા પણ સૂચન કર્યુ હતું.

## વાપીમાં ઠેર ઠેર કચરાના ઢગ અને ગંદકી !



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા.૧૨ :** વાપીના અનેક મુખ્ય માર્ગો પર કચરાના ઢગલા અને ગંદકી ઉભરાઈને રસ્તા પર આવતી જોવા મળી રહી છે. જેના કારણે લોકો માટે અહીંથી નીકળવું મુશ્કેલ બની રહ્યું છે. વરસાદના કારણે કચરાની દુર્ગંધ અને ખોરાક શોધતા પ્રાણીઓ લોકોની મુશ્કેલીમાં વધારો કરી રહ્યા છે. પંચાયત વિસ્તરણના રસ્તાઓ ઉપરાંત હાઈવે સર્વિસ રૂટમાં પણ આ સમસ્યા વધુ છે.

વાપી કોપરલી મુખ્ય માર્ગ પર ખોડિયારનગરથી થોડે આગળ ગટર પાસે કચરો ફેલાયેલો છે. રાત્રે લોકો અહીં કચરો ફેંકે છે. રસ્તા પર ફેલાતા કચરાના કારણે રાહદારીઓને સૌથી મોટી સમસ્યાનો સામનો કરવો પડી રહ્યો છે. આજુબાજુમાં રહેતા અને રોજ અહીં આવતા લોકોએ જણાવ્યું હતું કે લોકો તેમના વાહનોમાં કચરો લાવે છે અને રાત્રે તેને છોડી દે છે. ઘણી વખત ગટરમાં કચરો પણ ફેંકવામાં આવે છે. જેના કારણે પાણીના વહેણમાં અવરોધ ઉભો થયો છે. આ ઉપરાંત આ જ માર્ગ પર આવેલી સેન્ટ ઝેવિયર્સ સ્કૂલ અને ચામુંડા ડ્રીમ સિટી વચ્ચેની ખાલી જગ્યામાં હવે રોડ કિનારે કચરાની સમસ્યા ગંભીર બની રહી છે. અહીં આસપાસના લોકો કચરો ફેંકે છે. ઉનાળામાં અહીં કચરો સળગાવીને દૂર કરવામાં આવતો હતો. પરંતુ વરસાદથી અહીં કચરો વધી રહ્યો છે. ભીના થવાને કારણે દુર્ગંધ આવવાથી સ્થિતિ વધુ ખરાબ થાય છે. દરરોજ મોટી સંખ્યામાં લોકો અહીંથી ચાલીને પોતાના બાળકોને શાળાએ લઈ જાય છે. ઘણીવાર, ખોરાકની શોધમાં, ઘણા પ્રાણીઓ કચરો રસ્તા પર લાવે છે. જેના કારણે રાહદારીઓને વધુ મુશ્કેલીનો સામનો કરવો પડે છે. કોપરલી રોડ પરની આ સમસ્યા રાતા સુધી લંબાય છે. અહીથી પસાર થતી વખતે અસહ્ય દુર્ગંધથી બચવા લોકોએ નાક બંધ કરી દેવું પડે છે. હાઈવે સર્વિસ રોડની પણ આવી જ હાલત છે. અહીં, માંસ અને માછલીની દુકાનના માલિકો તેમનો કચરો ફેંકી દે છે અને રાત્રે નીકળી જાય છે. છરવાડા ચોકડીથી બલીઠા સુધીના હાઈવે સર્વિસ રૂટ પર આ સમસ્યા છે. આ સમસ્યાને ગંભીરતાથી ન લેવાના કારણે હવે તે વધી રહી છે.

**ફ્લેટ વેચવાનો છે**

આસોપાલવ એરીયામાં મેઈન રોડ ટચ
નેપ્ચુન ટાવરની બાજુમાં ફ્લેટ વેચવાનો છે.
૨ બેડરૂમ/ ૨ બાથરૂમ / કીચન / હોલ
ફર્નિચર સાથે

મો.નં. - 98252 68389

**VACANCY FOR APPRENTICE**

Required Turner 02, Or fitter 02
Contact Person
Darshan Vora M. 9825486761
Alfa Engineers CIB 2439/2440, III
Phase GIDC Vapi 396195






# અન્ય સમાચારો

Friday 13, September 2024
દમણગંગા ટાઇમ્સ
DAMANGANGA TIMES

# મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના સુશાસનના ત્રણ વર્ષ પૂર્ણ



મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ગુજરાતમાં તેમના સુશાસનના ત્રણ વર્ષ પૂર્ણ કર્યા છે. ૧૩ સપ્ટેમ્બર, ૨૦૨૧ના રોજ તેમણે ગુજરાતના મુખ્યમંત્રી તરીકેનો કાર્યભાર સંભાળ્યો હતો. આ ત્રણ વર્ષોમાં મુખ્યમંત્રીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા શરૂ કરાયેલી ગુજરાતની વિકાસયાત્રાને સતત આગળ વધારી છે. તેમના મક્કમ નેતૃત્વ હેઠળ ગુજરાતે છેલ્લા ત્રણ વર્ષોમાં વિવિધ ક્ષેત્રે અનેક સિદ્ધિઓ હાંસલ કરી છે. તેમના નેતૃત્વ હેઠળ ગુજરાતમાં ૪૨૦ મીટિંગો તેમજ વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટનું ૧૦મું સંસ્કરણ, બંને સફળતાપૂર્વક સંપન્ન થયા છે. તેમના નેતૃત્વ હેઠળ આજે ગુજરાત દેશનું સેમિકન્ડક્ટર હબ અને રિન્યુએબલ હબ બનવાની દિશામાં આગળ વધી રહ્યું છે. છેલ્લા ત્રણ વર્ષ દરમિયાન મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ૧૧ જેટલી મહત્ત્વપૂર્ણ પોલિસી લોન્ચ કરી છે, જે ગુજરાતની પોલિસી ડ્રિવન સ્ટેટ તરીકેની છબીને વધુ મજબૂત બનાવે છે. ગુજરાતની જનતાની સેવાના ત્રણ વર્ષોમાં ભૂપેન્દ્રભાઈ પટેલ અને તેમની ‘ટીમ ગુજરાતે’ દરેક ક્ષેત્રોમાં ઝડપી વિકાસને વેગ આપ્યો છે. વડાપ્રધાનએ ‘વિકસિત ભારત @2047’ નું જે વિઝન આપ્યું છે, તેને ‘વિકસિત ગુજરાતથી વિકસિત ભારત’ ની નેમ સાથે સાકાર કરવા માટે મુખ્યમંત્રીશ્રીના નેતૃત્વ હેઠળની ગુજરાત સરકાર પ્રતિબદ્ધતાથી કાર્ય કરી રહી છે. મુખ્યમંત્રીશ્રીના ૩ વર્ષના કાર્યકાળ દરમિયાન જાહેર કરાયેલી મહત્ત્વપૂર્ણ યોજનાઓ, પહેલ, નીતિઓ અને ગુજરાતની સિદ્ધિઓ અંગે માહિતી મેળવીએ.

**ત્રણ વર્ષ દરમિયાન ૧૧ મહત્વપૂર્ણ નવી નીતિઓ જાહેર કરી**

૧.ગુજરાત આત્મનિર્ભર પોલિસી ૨.ગુજરાત બાયોટેક્નોલોજી પોલિસી ૩.નવી ગુજરાત IT/ITes પોલિસી ૪.ગુજરાત સ્પોર્ટ્સ પોલિસી ૫.ડ્રોન પોલિસી ૬.ગુજરાત સેમિકંડક્ટર પોલિસી ૭.ગુજરાત રિન્યુએબલ એનર્જી પોલિસી ૮.સિનેમેટિક ટુરિઝમ પોલિસી ૯.સ્ટુડન્ટ સ્ટાર્ટ-અપ્સ એન્ડ ઈનોવેશન પોલિસી ૨.૦ (SSIP-2.0) ૧૦.ગુજરાત ખરીદ નીતિ ૧૧.ગુજરાત ગ્રીન હાઈડ્રોજન પોલિસી ૨૦૨

**સુશાસનની સિદ્ધિઓ**

●ગુજરાતની જનતા માટે ગરવું ગુજરાત, ગુણવંતુ ગુજરાત, ગ્રીન ગુજરાત, ગ્લોબલ ગુજરાત, ગતિશીલ ગુજરાત એમ ૫Gનો સમાવેશ કરતું સર્વગ્રાહી દિશાદર્શન કરનારુ રૂ.૩.૩૨ લાખ કરોડનું બજેટ ●અર્નિંગ વેલ, લિવિંગ વેલજ્ઞ ના મંત્ર સાથે ‘વિકસિત ગુજરાત @2047’ નો રોડમેપ બનાવનાર દેશનું પ્રથમ રાજ્ય બન્યું ગુજરાત●વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ ૨૦૨૪ના ૧૦મા સંસ્કરણનું સફળ આયોજન ● ઝીરો કેઝ્યુઅલ્ટી સાથે બિપરજોય વાવાઝોડાનો સામનો●ગુજરાતમાં સફળતાપૂર્વક ૧૭મી ૪૨૦ બેઠકોનું આયોજન●૨૬૪૯ અમૃત સરોવરોનું નિર્માણકાર્ય પૂર્ણ, લક્ષ્યાંકના ૧૦૭ ટકા ● મુખ્યમંત્રી કાર્યાલયને ISO 9001:2015 સર્ટિફિકેશન પ્રાપ્ત ●મુખ્યમંત્રી કાર્યાલય દ્વારા અધિકૃત વોટ્સએપ ચેનલ કાર્યરત ● સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ્સ ઈન્ડેક્સમાં આરોગ્ય સુવિધા સુખાકારી ક્ષેત્રે ગુજરાત સતત બીજીવાર દેશમાં પ્રથમ ●

**G- ગરીબો, વંચિતો, આદિવાસીઓ અને શ્રમિકોનો વિકાસ**

●રાજ્યના ૩.૮૨ કરોડ લોકોને પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજનામાં આવરી લેવાશે● ૭૨ લાખથી વધુ NFSA કાર્ડધારક પરિવારોને મફત અનાજ વિતરણ ●પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ ગુજરાતમાં ૧૪ લાખથી વધુ આવાસોનું નિર્માણકાર્ય●૧ લાખ કરોડની વનબંધુ કલ્યાણ યોજના ૨.૦ અમલમાં મૂકવામાં આવી ●આગામી ત્રણ વર્ષમાં રૂ.૧૫૦૦ કરોડના ખર્ચે ૩ લાખ જેટલા શ્રમિક બસેરાનું નિર્માણ કરવાનું આયોજન ● ઈ-શ્રમ પોર્ટલ પર ૧.૧૭ કરોડથી વધુ અસંગઠિત શ્રમયોગીઓને આપવામાં આવ્યા સ્માર્ટ કાર્ડ ● શ્રમિક અન્નપૂર્ણા યોજના હેઠળ રાજ્યના ૧૯ જિલ્લાઓમાં ૨૯૦ ખાદ્ય વિતરણ કેન્દ્રો કાર્યરત ● શ્રમિક અન્નપૂર્ણા યોજના હેઠળ અત્યાર સુધીમાં ૨.૬૮ કરોડ લોકોને ભોજન વિતરણ

**Y- યુવા વિકાસ - સફળ યુવા, સમર્થ ગુજરાત**

ભારત સરકારના સ્ટાર્ટઅપ રેન્કિંગ મુજબ ગુજરાત છેલ્લા ચાર વર્ષોથી સતત દેશમાં -થમ ક્રમે ●‘કૌશલ્ય સાથે શિક્ષણ’ના હેતુ સાથે ‘કૌશલ્યા - ધ સ્કિલ યુનિવર્સિટી (KSU)’ની સ્થાપના - ડ્રોન એપ્લિકેશનમાં ૯ અદ્યતન કોર્સની શરૂઆત●મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ -રિત સરદાર પટેલ ગુડ ગવર્નન્સ સીએમ ફેલોશીપ કાર્યક્રમ હેઠળ ૧૮ સી.એમ. ફેલોની પસંદગી●સ્પોર્ટ્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને પ્રોત્સાહન, ૨૨ જિલ્લાઓમાં ૨૪ જિલ્લા રમત સંકુલ કાર્યરત●ખેલ મહાકુંભ ૨.૦માં ૫૩.૬૬ લાખથી વધુ લોકોએ ભાગ લીધો●રાજ્યના ૨૧ જિલ્લાઓના ૫૦ તાલુકાઓમાં સરકારી પુસ્તકાલયોની શરૂઆત

**A- અન્નદાતાનું માન, અન્નદાતાનું ધ્યાન**

● પ્રધાનમંત્રી કિસાન સમ્માન નિધિ યોજનામાં ૫૮.૮ લાખ ખેડૂત કુટુંબોના ખાતામાં જમા થયા રૂ.૧૧,૦૫૮.૬ કરોડ ●ડાંગ બન્યો સૌપ્રથમ ૧૦૦ટકા પ્રાકૃતિક ખેતી કરતો જિલ્લો●રાજ્યના ૫૩ લાખથી વધુ ખેડૂતોએ પ્રાકૃતિક ખેતીની તાલીમ મેળવી●૯.૮૫ લાખ ખેડૂતો ૮.૪૫ લાખ એકરથી વધુ જમીન પર સક્રિય રીતે પ્રાકૃતિક ખેતી કરી રહ્યા છે●નેનો યુરિયાનો વધ્યો વ્યાપ, ૫૬.૬૫ લાખ જેટલી નેનો યુરિયાની (૫૦૦ મીલિ) બોટલોનો થયો વપરાશ●કૃષિ ક્ષેત્રે ઉદ્યોગસાહસિકતાને પ્રોત્સાહન આપવા અને કૃષિક્ષેત્રને લગતી માહિતી સેન્ટ્રલ પોર્ટલ પર ઉપલબ્ધ કરાવવા ઈન્ડેક્સ-A ની સ્થાપના●રાજ્યના ૨૪૬ તાલુકાઓમાં રવી કૃષિ મહોત્સવ ૨૦૨૩ નું સફળ આયોજન, જેમાં ૨.૧૦ લાખથી વધુ ખેડૂતોએ કૃષિ યુનિવર્સિટીના કૃષિ વૈજ્ઞાનિકો/નિષ્ણાતો પાસેથી મેળવ્યું ટેક્નિકલ માર્ગદર્શન●તુવેર રૂ.૭,૦૦૦ પ્રતિ ક્વિન્ટલ, ચણા રૂ.૫૪૪૦ પ્રતિ ક્વિન્ટલ અને રાયડાની રૂ.૫૬૫૦ પ્રતિ ક્વિન્ટલની ટેકાના ભાવે ખરીદી ●વર્ષ ૨૦૨૧-૨૨ દરમિયાન ચણાનું ઉત્પાદન વધતાં રાજ્ય સરકારના ખર્ચે વધારાના ૨૨ હજાર મેટ્રિક ટન જેટલા ચણાની રૂ.૧૧૫ કરોડથી વધુના ખર્ચે ખરીદી●ઈ-સેવાઓની સુલભતા માટે સામાન્ય સેવા કેન્દ્રો (CSCs) તરીકે PACS એટલે કે પ્રાથમિક કૃષિ ધિરાણ સંસ્થાઓનો વિકાસ કરવા માટે GOIની પહેલ અન્વયે ૩૨૩૩ PACS ઓનબોર્ડ -૧૮૧૨ PACS કાર્યરત ●વિવિધ કૃષિ રાહત પેકેજ દ્વારા ૧૨.૭૮ લાખ અસરગ્રસ્ત ખેડૂતોને રૂ.૧૯૨૫.૮૯ કરોડની સહાય ●જૂલાઈ-૨૦૨૪માં અતિવૃષ્ટિથી અસરગ્રસ્ત વિસ્તારના ખેડૂતો માટે રૂ.૩૫૦ કરોડનું કૃષિ રાહત-સહાય પેકેજ●ત્રણ વર્ષમાં પશુપાલન ક્ષેત્ર માટેના બજેટમાં ૧૩૨નો વધારો● મુખ્યમંત્રી ગૌ-માતા પોષણ યોજના અન્વયે ૬૦૯ કરોડની સહાય●લમ્પી રોગચાળા દરમિયાન ૬૩ લાખ પશુઓમાં રસીકરણ કરવામાં આવ્યું●મિલેટ વર્ષનો લાભ રાજ્યના ૮૦ લાખ જેટલા લોકો અને ખેડૂતોને થયો ●લગભગ ૧૫ લાખ ખેડૂતોએ માઈક્રો ઈરિગેશન પદ્ધતિ અપનાવી, ૨૩.૪ લાખ હેક્ટર વિસ્તારને આવરી લીધો છે●છેલ્લા ૩ વર્ષોમાં ખેડૂતોને રૂ.૨૪,૬૬૦ કરોડની પાવર સબસીડી આપવામાં આવી●કિસાન સૂર્યોદય યોજના હેઠળ રાજ્યના ૧૩,૭૩૦ એટલે કે ૭૬ટકા ગામડાઓમાં ખેડૂતોને દિવસે વીજળી, ખેડૂતોની જીવન ગુણવત્તામાં સુધારો

**N- નારી સશક્તિકરણ (સશક્ત નારી, સશક્ત પરિવાર)**

●નારી સશક્તિકરણ માટે નારી ગૌરવ નીતિ-૨૦૨૪●વર્ષ ૨૦૨૩માં સૌ-થમવાર જેન્ડર બજેટ ૧ લાખ કરોડને પાર, ૨૦૦થી વધુ યોજનાઓ માત્ર મહિલાલક્ષી.●૨૦૨૪-૨૫માં જેન્ડર બજેટમાં મહિલા સશક્તિકરણની કુલ ૮૦૪ યોજનાઓ આવરી લેવાઈ ●મુખ્યમંત્રી માતૃશક્તિ યોજના હેઠળ ૫ લાખથી વધુ સગર્ભા અને ધાત્રી માતાઓને લાભ●પોષણ સુધા યોજનાનો વ્યાપ વધાર્યો, ગુજરાતના તમામ ૧૪ આદિજાતિ જિલ્લાઓમાં અમલી ●‘નમો ડ્રોન દીદી યોજના’ હેઠળ ગુજરાતમાં મહિલાઓને ખેતીમાં નવી ટેક્નોલોજીનો ઉપયોગ કરીને ડ્રોન દ્વારા ખાતર અને જંતુનાશકોનો છંટકાવ કરવાની તાલીમ

**સ્વસ્થ ગુજરાત, સમૃદ્ધ ગુજરાત**

●રાજ્યના ૨.૬ કરોડથી વધુ લોકોને આયુષ્માન કાર્ડ●પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના - મુખ્યમંત્રી અમૃતમ (PMJAY-MA) હેઠળ ગુજરાતના નાગરિકોને મળતી રૂ.૫ લાખની સહાય વધારીને રૂ.૧૦ લાખ ●વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે રાજકોટ AIIMSનું ઉદ્ઘાટન●છેલ્લા ૩ વર્ષોમાં રાજ્યમાં ૯ નવી મેડિકલ કોલેજો કાર્યરત, કુલ ૧૧૦૦ મેડિકલ સીટ્સ ઉપલબ્ધ●રાજ્યની વિશિષ્ટ પહેલ અંતર્ગત, ૧.૧૫ કરોડ વિદ્યાર્થીઓની આરોગ્ય તપાસ બાદ ડિજિટલ હેલ્થ કાર્ડ ઉપલબ્ધ કરાવનાર ગુજરાત એક માત્ર રાજ્ય●ટીબીના દર્દીઓને પોષણયુક્ત આહાર માટે ૩ લાખ પોષણકિટનુ વિતરણ, આ કામગીરીમાં ગુજરાત દેશમાં પ્રથમ●પ્રધાનમંત્રી ટીબી મુક્ત ભારત અભિયાન અંતર્ગત ૧૦,૦૨૯ નિક્ષયમિત્રનું નિક્ષય પોર્ટલમાં રજિસ્ટ્રેશન●નમો શ્રી યોજનામાં ગર્ભવતી મહિલાઓને રૂ.૧૨ હજારની આર્થિક સહાય આપવાની યોજના જાહેર ●૧૦૮ એમ્બ્યુલન્સ સર્વિસ અંતર્ગત ૧૫૦ નવી એમ્બ્યુલન્સનો વધારો, કુલ સંખ્યા ૮૦૦ થઈ●રાજ્યમાં કુલ ૩૫ ડે કેર કીમોથેરાપી સેન્ટર્સ શરૂ કરવામાં આવ્યા. જેમાં ૬૩ હજારથી વધુ દર્દીઓના ૧,૬૯,૦૬૬ કીમોથેરાપી સેશન્સ થયા●ફ્રી ડાયગ્નોસ્ટિક સર્વિસ ઈનીશિએટિવ (FDSI) અંતર્ગત પેટા જિલ્લા હોસ્પિટલો ખાતે લેબોરેટરી ટેસ્ટની સંખ્યા ૩૩ થી ૧૧૧, જિલ્લા હોસ્પિટલ ખાતે લેબોરેટરી ટેસ્ટની સંખ્યા ૬૮થી ૧૩૪ કરવામાં આવી●-ધાનમંત્રી નેશનલ ડાયાલિસિસ પ્રોગ્રામ (PMNDP) અંતર્ગત ગુજરાતમાં નવા ૧૮૮ ડાયાલિસિસ કેન્દ્રો શરૂ●રાષ્ટ્રીય નેત્રદાન ઝુંબેશ હેઠળ ગુજરાતમાં ૧૪ લાખ સફળ મોતિયાના ઓપરેશન કરાયા

**શિક્ષિત ગુજરાત, સંપન્ન ગુજરાત**

●શિક્ષણ વ્યવસ્થાની રિયલ ટાઇમ જાણકારી મેળવવા વિદ્યા સમીક્ષા કેન્દ્રનો -રંભ●મિશન સ્કૂલ્સ ઓફ એક્સેલન્સ અંતર્ગત રૂ.૮૭૪.૬૮ કરોડના ખર્ચે ૯૭,૧૮૭ સ્માર્ટ ક્લાસરૂમ્સ તથા ૧,૪૩૨.૪૦ કરોડના ખર્ચે ૨૧,૦૩૭ કોમ્પ્યુટર લેબ્સ ●‘નમો લક્ષ્મી’ યોજના હેઠળ ધોરણ ૯ થી ૧૨ દરમિયાન ચાર વર્ષોમાં વિદ્યાર્થિનીઓને રૂ.૫૦ હજારની સહાય ●ધોરણ ૧૧ અને ૧૨માં વિજ્ઞાન પ્રવાહમાં એડમિશન લેનાર વિદ્યાર્થીઓ માટે ‘નમો સરસ્વતી વિજ્ઞાન સાધના યોજના’ હેઠળ રૂ.૨૫ હજારની સહાય

**નાગરિકો માટે ઉત્તમ પરિવહન સેવા**

●૯૪.૬૫ કરોડના ખર્ચે ૩૨ નવીન બસ સ્ટેશનો ●૩ સ્થળોએ પીપીપી ધોરણે એરપોર્ટ જેવી સુવિધા ધરાવતા બસપોર્ટ પ્રજાની સેવામાં લોકાર્પિત●ગુજરાત એસટી નિગમ દ્વારા ૩૦૦ લક્ઝરી, ૨૦૦ સેમી લક્ઝરી કોચ, ૪૦૦ સ્લીપર કોચ, ૧૬૮૨ સુપર એક્સપ્રેસ (૪૦૦-ઈન હાઉસ ૧૨૮૨ રેડી બિલ્ટ), ૪૦૦ મીની બસ અને ૫ ડબલ ડેકર ઈલેક્ટ્રિક બસ મળીને કુલ ૨૯૮૭ નવીન બસો લોકાર્પિત●ઘેર બેઠા ટિકિટ મેળવવા ઈ-ટિકિટની અને મોબાઈલ એપ્લિકેશનથી ટિકિટની સુવિધાઓ●એસટી બસોમાં ૩૦૦૦ મશીનો દ્વારા યુપીઆઈ ઓનલાઈન પેમેન્ટની શરૂઆત

**ઔદ્યોગિક ક્ષેત્રે ગતિશીલ ગુજરાત**

●વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ ૨૦૨૪નું ૧૦મું સંસ્કરણ સફળતાપૂર્વક સંપન્ન ●વાઈબ્રન્ટ ગુજરાતના ૧૦માં સંસ્કરણમાં ૧૪૦થી વધુ દેશોમાંથી ૬૧,૦૦૦ થી વધુ પ્રતિનિધિઓએ ભાગ લીધો. ●વાઈબ્રન્ટ સમિટના ભાગ રૂપે ૧૫૦ જેટલા સેમિનાર અને કાર્યક્રમોનું આયોજન●વાઈબ્રન્ટ ગુજરાતના ૧૦માં સંસ્કરણમાં ૨,૮૬૨ B2B મીટિંગ્સ અને 1,368 B2G મીટિંગ્સ યોજાઈ.●ઉદ્યોગોને આત્મનિર્ભરતા માટે સહાયની ‘‘ધ આત્મનિર્ભર ગુજરાત સ્કીમ્સ ફોર આસીસ્ટન્સ ટુ ઈન્ડસ્ટ્રીઝ’’ જાહેર ●ગુજરાત દેશનું એકમાત્ર રાજ્ય, જ્યાં ૪ સેમિકન્ડક્ટર પ્લાન્ટ કાર્યરત થશે●સાણંદમાં રૂ.૨૨,૫૦૦ કરોડના ખર્ચે માઈક્રોન કંપની દ્વારા સેમિકન્ડક્ટર પ્લાન્ટનું કામ પૂરજોશમાં●સી.જી.પાવર, રેનેસાસ ઈલેક્ટ્રોનિક્સ કોર્પોરેશન અને સ્ટાર્સ માઈક્રો ઈલેક્ટ્રોનિક્સના સંયુક્ત ઉપક્રમે રૂ.૭૬૦૦ કરોડના રોકાણથી પ્લાન્ટ શરૂ થશે●ધોલેરામાં ટાટા ઈલેક્ટ્રોનિક્સ પ્રાઈવેટ લિમિટેડ અને પાવરચીપ સેમિકન્ડક્ટર મેન્યુફેક્ચરિંગ કોર્પોરેશન સાથે મળીને રૂ.૯૧,૦૦૦ કરોડના રોકાણ સાથે સેમિકન્ડક્ટર ફેબ્રિકેશન યુનિટ સ્થાપશે●કેયન્સ સેમિકોનનો પ્લાન્ટ સાણંદમાં રૂ.૩૩૦૦ કરોડના રોકાણ સાથે ૬૦ લાખ ચિપ્સ પ્રતિદિન ઉત્પાદન કરશે ●આત્મનિર્ભર ગુજરાત અંતર્ગત, સ્પર્ધાત્મક બજારમાં ગુણવત્તાયુક્ત ઉત્પાદનો પ્રદાન કરવા માટે MSMEs માટે ‘આસિસ્ટન્સ ફોર ક્વૉલિટી સર્ટિફિકેશન’ સુવિધાઓ પ્રદાન કરવામાં આવી રહી છે ●ગુજરાત ૩૮,૦૦૦થી વધુ ZED પ્રમાણિત MSMEs સાથે આ કેટેગરીમાં ટોપ પર્ફોર્મર●મહાત્મા મંદિર, ગાંધીનગર ખાતે સેમિકોન ઈન્ડિયા સમિટ ૨૦૨૩નું સફળતાપૂર્વક આયોજન●ભારત સરકારના DPIIT અનુસાર, નાણાકીય વર્ષ ૨૦૨૪માં ગુજરાતને ૭.૩ બિલિયન FDI પ્રાપ્ત. ગુજરાતે ગત વર્ષની સરખામણીએ ૨.૬ બિલિયન વધુ FDI પ્રાપ્ત કર્યું●નવસારીના વાંસી-બોરસી ખાતે અદ્યતન સુવિધા સાથે પીએમ-મિત્ર પાર્કનું નિર્માણ થશે

**વિશ્વ કક્ષાનું ઈન્ફ્રાસ્ટ્રક્ચર**

●સાબરમતી નદી પર અટલ ફૂટઓવર બ્રિજનું નિર્માણ ●રાજકોટ ખાતે હીરાસર ગ્રીનફિલ્ડ એરપોર્ટનું નિર્માણ●ઓખા અને બેટ-દ્વારકાને જોડતા નવનિર્મિત સુદર્શન સેતુનું લોકાર્પણ●અંદાજિત રૂ.૩૯૪ કરોડના ખર્ચે એરફોર્સ સ્ટેશન ડીસાના રનવેનું લોકાર્પણ●સુરતમાં વિશ્વના સૌથી મોટા કોર્પોરેટ ઓફિસ હબ ડાયમંડ બુર્સનું લોકાર્પણ ●સુરત ખાતે ગુજરાતનું ત્રીજું આંતરરાષ્ટ્રીય એરપોર્ટ કાર્યરત ●દ્વારકા ખાતે નવા એરપોર્ટના નિર્માણ અને કેશોદ એરપોર્ટના વિસ્તરણનો નિર્ણય●અમદાવાદ, સુરત, ગાંધીનગર અને વડોદરામાં ૩૦ સ્કાયસ્ક્રેપર બિલ્ડિંગોને મંજૂરી મળી

**અર્નિંગ વેલ, લિવિંગ વેલ (શહેરી વિકાસ અને ગ્રામ્ય વિકાસ)**

●અમદાવાદ મેટ્રો ફેઝ-૧નું સપ્ટેમ્બર ૨૦૨૨માં વડારૂ.ધાન નરેન્દ્ર મોદી દ્વારા લોકાર્પણ●અમદાવાદ મેટ્રો ફેઝ-૨નું ટુંક સમયમાં થશે લોકાર્પણ, સુરત મેટ્રો પ્રોજેક્ટની કામગીરી પ્રગતિ હેઠળ●સ્માર્ટ સિટી મિશન હેઠળ રૂપિયા રૂ.૩૪૦૦ કરોડના ૧૫૯ પ્રોજેક્ટ પૂર્ણ●ગુજરાતના ૨૦ જિલ્લાના ૫૧ ગામો સ્માર્ટ વિલેજ જાહેર ●સ્માર્ટ વિલેજોમાં ભારતનેટ ફેઝ-૨ હેઠળ રૂ.૨૦૪૨ કરોડના ખર્ચે ગુજરાત ફાઈબર ગ્રીડ નેટવર્ક લિમિટેડનું લોકાર્પણ●રાજ્યની ૯ નગરપાલિકાઓને મહાનગરપાલિકાનો દરજ્જો ●વિવિધ મહાનગરપાલિકાઓમાં અમૃત યોજના ૧ હેઠળ રૂ.૩૩૫૦ કરોડના ૧૯૮ પ્રોજેક્ટ પૂર્ણ ●અમૃત ૨.૦ હેઠળ વિકાસકાર્યો માટે રૂ.૧૭ હજાર કરોડની ફાળવણી ●નાગરિકોના ઈઝ ઓફ લિવિંગ માટે મુખ્યમંત્રી સ્વર્ણિમ જયંતિ શહેરી યોજના વધુ ત્રણ વર્ષ માટે લંબાવાઈ ●૧૧૬ કરોડના ખર્ચે ૮૮ સિવિક સેન્ટરો શરૂ કરવાનું આયોજન●રાજ્યના કુલ ૧૦૫૭ તીર્થગામ અને કુલ ૪૪૫ પાવન ગામો મળીને કુલ ૧૫૦૨ ગામોને પુરસ્કાર અનુદાન ●ગ્રામ પંચાયતોનું વિભાજન કરીને ૩૮૪ નવી ગ્રામ પંચાયતોનું નિર્માણ●દ્વારકા-ઓખા શહેરી વિકાસ સત્તામંડળની રચના

**પ્રવાસન અને યાત્રાધામોનો વિકાસ**

●રાજ્યમાં પહેલી વખત ગિફ્ટ સિટી ખાતે ફિલ્મ ફેર એવોર્ડનું આયોજન●યુનાઈટેડ નેશન્સની એજન્સી વર્લ્ડ ટુરિઝમ ઓર્ગેનાઈઝેશન દ્વારા કચ્છનું ધોરડો ગામ બેસ્ટ ટુરીઝમ વિલેજ જાહેર ●ભારતમાં સૌપ્રથમ સમુદ્ર સીમા દર્શનનો કચ્છમાં કોટેશ્વર નજીક લક્કી નાલા વિસ્તારમાં પ્રારંભ ● UNESCOÞë Prix Versailles એવોર્ડ અંતર્ગત ભુજનું સ્મૃતિવન ભૂકંપ મેમોરિયલ અને મ્યુઝિયમ વિશ્વના ૭ સૌથી સુંદર મ્યુઝિયમ્સની યાદીમાં સામેલ●યુનેસ્કો દ્વારા ગુજરાતના ગરબા અમૂર્ત સાંસ્કૃતિક ધરોહર તરીકે જાહેર કરવામાં આવ્યાં●ભગવાન શ્રીકૃષ્ણની નગરી બેટ દ્વારકાની વિશ્વસ્તરીય કાયાપલટ કરવાનો નિર્ણય●ડોલ્ફિન માટે જાણીતો એકમાત્ર બેટ દ્વારકાનો નોર્થ-પદમ બીચ પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બનશે●પાવાગઢ ખાતે મહાકાળી માતાના નવનિર્મિત મંદિર પર ૫૦૦ વર્ષ બાદ શિખર પર ધ્વજારોહણ ●મુખ્ય યાત્રાધામોની ફરતે નાના યાત્રાધામોનો રૂ.૮૫૭.૧૪ કરોડના ખર્ચે થઈ રહ્યો છે વિકાસ●૭૬.૫૧ કરોડના ખર્ચે ફેઝ-૧ હેઠળ બહુચરાજી માતાજી મંદિરનું પુનઃનિર્માણ, મંદિરના શિખરની ઊંચાઈ ૮૬ ફૂટ ૧ ઈંચ સુધી વધારવામાં આવશે ●ભારત સરકાર દ્વારા ‘એક ભારત શ્રેષ્ઠ ભારત’ અંતર્ગત સોમનાથ ખાતે સૌરાષ્ટ્ર-તમિલ સંગમ કાર્યક્રમનું આયોજન ●૧૨૦૦ કરોડના ખર્ચે સાબરમતી ગાંધી આશ્રમનો થશે પુનઃવિકાસ

**શાંત અને સુરક્ષિત ગુજરાત**

●ગુજરાત પોલીસે એક વર્ષમાં રૂ.૫૬૪૦ કરોડનું ડ્રગ્સ પકડ્યું ૪૩૧ આરોપીઓ સામે ૩૧૭ ગુના દાખલ●ગુજરાત પોલીસની ટીમે માત્ર ૨૦ દિવસમાં ૨.૫૮ લાખથી વધુ બેંક ખાતાઓ અનફ્રીઝ કર્યા●ભ્રષ્ટ અને ગુનાહિત પ્રવૃત્તિઓ દ્વારા મેળવેલી સંપત્તિઓને જપ્ત કરવા માટે ગુજરાત સ્પેશિયલ કોર્ટ્સ ઍક્ટ, ૨૦૨૪ અમલી●પોક્સો હેઠળના ગુન્હાઓમાં ૧૦ દિવસમાં કાર્યવાહી કરીને ૨૧ દિવસમાં ફાંસીની સજા ●જિલ્લાના ૬૫૦ પોલીસ સ્ટેશનો પૈકી ૨૪૦ પોલીસ સ્ટેશનોને પી.આઈ. કક્ષાના પોલીસ સ્ટેશનમાં અપગ્રેડ કરવાનો નિર્ણય ●ગુજરાત માનવબલિ અને બીજી અમાનુષી, અનિષ્ટ તેમજ અઘોરી પ્રથા, કાળા જાદુ અટકાવવા નિર્મૂલન વિધેયક સર્વાનુમતે પસાર. ●જાહેર ભરતી તથા બોર્ડની પરીક્ષામાં થતી ગેરરીતિ પર નિયંત્રણ લાવવા માટે કડક કાયદો બનાવાયો

**જળસમૃદ્ધ ગુજરાત**

●વલસાડ જિલ્લામાં એન્જિયરિંગની દ્રષ્ટિએ ચમત્કારિક એસ્ટોલ પ્રોજેક્ટનું લોકાર્પણ●સુજલામ્ સુફલામ્ જળ અભિયાનના સાતમા તબક્કામાં જળસંગ્રહ ક્ષમતામાં ૧૧,૫૨૩ લાખ ઘનફૂટનો વધારો ●રાજ્યમાં કેચ ધ રેઈનના કોન્સેપ્ટ સાથે જળસંચય જન ભાગીદારી અભિયાનની શરૂઆત●’નલ સે જલ’ યોજના હેઠળ છેલ્લા ૩ વર્ષમાં ગુજરાતના ગ્રામ્ય વિસ્તારોમાં ૧૪ લાખ નળ જોડાણ ●સૌરાષ્ટ્ર અને કચ્છમાં ભવિષ્યની પાણીની જરૂરિયાત માટે રૂ.૧૩૦૦ કરોડના બલ્ક પાઈપલાઈનના કામો પૂર્ણ ●નળકાંઠાના વિસ્તારમાં ૩૯ ગામોને સિંચાઈની સુવિધા માટે રૂ.૪૦૦ કરોડથી વધુના કામોનો પ્રારંભ ●રાજકોટ જિલ્લાના વિંછીયા ખાતે રૂ.૧૮૧ કરોડના ખર્ચે સૌની યોજના લિંક-૪નું ખાતમુહૂર્ત●સુરેન્દ્રનગર જિલ્લામાં સિંચાઈથી વંચિત ૪૫ ગામોને નર્મદાનું પાણી આપવા રૂ.૪૧૭ કરોડની યોજનાને મંજૂરી ●દાહોદના ઐતિહાસિક છાબ તળાવનો રૂ.૧૧૭ કરોડના ખર્ચે કાયાકલ્પ

**અન્ય સિદ્ધિઓ**

●કેન્દ્રના નીતિ આયોગની પેટર્ન પર ગુજરાત રાજ્ય ઈન્સ્ટિટ્યૂશન ફોર ટ્રાન્સફોર્મેશન (GRIT) ની સ્થાપના ● વડાપ્રધાન નરેન્દ્ર મોદી પ્રેરિત ‘એક પેડ મા કે નામ’ અભિયાન કાર્યક્રમ હેઠળ ગુજરાત સમગ્ર દેશમાં બીજા ક્રમે●ગુજરાતમાં ભક્ત કવિ નરસિંહ મહેતા આંતરરાષ્ટ્રીય સંશોધન કેન્દ્રની સ્થાપના કરવાનો નિર્ણય●ગરવી ગુર્જરી દ્વારા રાજ્યના ૫૦ વર્ષના ઈતિહાસમાં હસ્તકલા અને હેન્ડલૂમ ઉત્પાદનોનું રૂ.૨૫ કરોડથી વધુનું વિક્રમી વેચાણ●‘ઓપરેશન ગંગા’ હેઠળ યુક્રેનમાં સર્જાયેલી ભયંકર યુદ્ધની પરિસ્થિતિમાંથી ૧૩૮૬ ગુજરાતી વિદ્યાર્થીઓને ગુજરાત પરત લાવવામાં આવ્યા●બાંગ્લાદેશમાં હિંસાના માહોલની વચ્ચે ગુજરાતના ૧૪ વિદ્યાર્થીઓને સહીસલામત ગુજરાત પરત લાવવામાં આવ્યા●‘ઓપરેશન કાવેરી’ હેઠળ સુદાનમાં ફસાયેલા ૫૬૯ બિન- નિવાસી ગુજરાતીઓને પરત લાવવામાં આવ્યા ●‘ઓપરેશન અજય’ હેઠળ ઈઝરાયેલમાં ફસાયેલા ૩૦ બિન-નિવાસી ગુજરાતીઓને પરત લાવવામાં આવ્યા

**ઊર્જાવાન ગુજરાત**

●ઉકાઈ, કડાણા, પાનમ અને સરદાર સરોવર ડેમમાંથી ઑગસ્ટ ૨૦૨૪માં ૧૦૬૭.૩ મિલિયન યુનિટ વીજ ઉત્પાદન ●ગુજરાતમાં વિવિધ સરકારી વિભાગોની ઈમારતો પર ૫૬.૮ મેગાવોટ ક્ષમતાની ૩૦૨૩ સોલાર રૂફટોપ સિસ્ટમ સ્થાપિત ●મોઢેરા ગામને સોલાર વિલેજ જાહેર કર્યાના દોઢ વર્ષમાં જ મોઢેરા દ્વારા ૩૧.૫ મિલિયન યુનિટ ગ્રીન એનર્જીનું ઉત્પાદન, કાર્બન ઉત્સર્જનમાં ૨૮,૬૬૪ ટનનો ઘટાડો ●પીએમ સૂર્યઘર મુફત બીજલી યોજના અંતર્ગત માત્ર ૭ મહિનામાં ૧,૫૯,૩૩૮ લાભાર્થીઓને લાભ ●૧ હજારથી વધુ સી.એન.જી. સ્ટેશનો સાથે ગુજરાત દેશમાં ટોચના ક્રમે●દેશના કુલ સી.એન.જી. સ્ટેશનોમાંથી ૧૪ ટકા ગુજરાતમાં●જામનગરના કાલાવડ ખાતે રૂ.૫૧.૮૭ કરોડના ખર્ચે ૧૨.૫ મેગાવોટના સોલર પીવી પ્રોજેક્ટનું લોકાર્પણ●વિશ્વના સૌથી મોટા ૩૭ ગીગાવોટના હાઈબ્રિડ રીન્યૂએબલ પાર્કનું નિર્માણકાર્ય પ્રગતિ હેઠળ ●માત્ર ૭ મહિનામાં ગુજરાતના ઘરોમાં ૧.૭૫ લાખથી વધુ ઘરોમાં પીએનજી કનેક્શન્સ ●ભાવનગરમાં વિશ્વના પ્રથમ CNG ટર્મિનલ, બ્રાઉન ફિલ્ડ પોર્ટનો થયો શિલાન્યાસ

**ગુજરાતને મળ્યા એવોર્ડ્સ - મારું ગુજરાત, શ્રેષ્ઠ ગુજરાત**

●‘એમ્પ્લોયમેન્ટ એક્ષચેન્જ સ્ટેટસ્ટિક્સ-૨૦૨૩’ અનુસાર યુવાનોને રોજગારી આપવામાં ગુજરાત દેશમાં પ્રથમ●GeM પોર્ટલ મારફતે પારદર્શક ખરીદી અંગેની ઉત્કૃષ્ટ કામગીરી બદલ ગુજરાતને સાત એવૉર્ડ●એક્સપોર્ટ પ્રિપેર્ડનેસ ઈન્ડેક્સ (EPI) ૨૦૨૨ના ચાર મુખ્ય પિલર્સમાં એક્સપોર્ટ પર્ફોર્મન્સ પિલરમાં ગુજરાત પ્રથમ ●RBI બુલેટિન અનુસાર બેંકો અને નાણાકીય સંસ્થાઓ દ્વારા ગુજરાતમાં સૌથી વધુ ૮૨ પ્રોજેક્ટ્સને ફંડ પૂરું પાડવામાં આવ્યું●ગુજરાત સરકારની ‘ગરવી-ગુર્જરી’ બની ભારત સરકારની ટ્રેડમાર્ક બ્રાન્ડ●ઈન્ડિયા એનિમલ હેલ્થ સમિટ-૨૦૨૨ માં ગુજરાતને પશુપાલન સંબંધિત માળખાકીય સુવિધાઓમાં શ્રેષ્ઠ રાજ્યનો એવોર્ડ ●વિદ્યા સમીક્ષા કેન્દ્રને જાહેર વહીવટમાં શ્રેષ્ઠતા માટે પ્રધાનમંત્રી પુરસ્કાર●PMJAY-MA યોજના હેઠળ સૌથી વધુ આયુષ્માન કાર્ડ બનાવવા માટે ભારત સરકાર તરફથી ગુજરાતને ‘આયુષ્માન ઉત્કૃષ્ટતા પુરસ્કાર ૨૦૨૨’ ●૮ જાન્યુઆરીના રોજ IKF-2023 રિવરફ્રન્ટ અમદાવાદ ખાતે એક સાથે સૌથી વધુ દેશના નાગરિકો દ્વારા પતંગ ઉડાવવા માટે ગિનિસ વર્લ્ડ રેકોર્ડ ●૭૫મા પ્રજાસત્તાક દિવસની પરેડમાં ગુજરાતનો ટેબ્લો સતત બીજા વર્ષે પીપલ્સ ચોઈસ એવોર્ડમાં પ્રથમ ક્રમે

---

દમણગંગા ટાઇમ્સ

NEWS CORPORATE NEWS

## ભારતના શિક્ષણ ક્ષેત્રમાં લીડ ગ્રૂપની ટેકબુક ક્રાંતિ લાવવા તૈયાર

**સુરત, ૧૨ :** ભારતની સૌથી મોટી સ્કૂલ એડ ટેક કંપની, લીડગ્રુપે આજે ટેકબુકની લોન્ચ કરવાની જાહેરાત કરી છે, જે પરંપરાગત પાઠ્ય પુસ્તક આધારિત શિક્ષણ ને પરિવર્તિત કરવા માટે તૈયાર કરવામાં આવેલ એક બુદ્ધિશાળી પુસ્તક છે. ટેક બુક ત્રણ અદ્યતન ટેક્નોલોજી અને ફજ્જ સંરેખિત અભ્યાસક્રમ પ્રસ્તુત કરે છે. જે આજના શાળાના વિદ્યાર્થીઓ વચ્ચેના શિક્ષણ સંબંધિત મુખ્ય પડકારોનો સામનો કરે છે. લીડ ગ્રૂપના સહ-સ્થાપક અને સીઈઓ સુમિત મહેતા એ જણાવ્યું હતું કે, ટેક બુક એ ટેક્નોલોજી, શિક્ષણ શાસ્ત્ર અને અભ્યાસ ક્રમમાં વર્ષોના સંશોધનનું ક્રાંતિકારી પરિણામ છે અને તે કાયમ માટે વિદ્યાર્થીઓની શીખવાની રીત બદલશે. ૨૦૨૮ સુધીમાં, અમે ભારતની અગ્રણી ૫૦૦૦ શાળાઓ ના ટેકબુકસ માં અપગ્રેડ થવાની અપેક્ષા રાખીએ છીએ, જે સમગ્ર દેશમાં કલાસ રૂમમાં પર્સનલાઈઝડ અને ઈન્ટરેક્ટિવ શિક્ષણ ને સામાન્ય બનાવશેં. સુમીતે આગળ સમજાવ્યું, પ્રથમ વર્ષમાં, ટેકબુકસ દેશની અગ્રણી ૪૦૦ નવીન શાળાઓ માટે ઈન્વાઈટ-ઓન્લી હશે. ઓગમેન્ટેડ રિયાલિટી પરંપરાગત 2D પાઠ્ય પુસ્તકો વિદ્યાર્થીઓની જટિલ, સ્વાભાવિક રીતે 3D હોય તેવા વિષયોને સમજવાની ક્ષમતાને મર્યાદિત કરે છે.

ટેકબુક એઆરઆઈ (ઓગમેન્ટેડ રિયાલિટીઈન્સ્ટ્રક્ટર) સાથે વિજ્ઞાન અને ગણિત જેવા વિષયોને ખુબજ રસપ્રદ બનાવે છે, જેનાથી વિદ્યાર્થીઓને વિષયો 3D માં સમજાવવા સક્ષમ બનાવે છે.પર્સનલાઈઝડ રીડિંગ ફલુ એંસી કોઈ પણ ભાષા શીખવા માટે, ટેકબુકનું IRA વ્યક્તિગત શિક્ષક તરીકે કાર્ય કરે છે, વિદ્યાર્થીઓને મોટે થી પુસ્તકો વાંચે છે અને સાથે-સાથે વિદ્યાર્થી જે વાંચે છે તે સાંભળે છે અને તેમની વાંચવાની ફલુએંસી અને ઉચ્ચારણ પર રીઅલ-ટાઈમ પ્રતિસાદ આપે છે.

---

## દમણ રેડિયો

આકાશવાણી

**102.3 FM**

**શુક્રવાર**

**સવારની સભા :** ૫.૫૫ સભાનો આરંભ, ૬.૦૦ - હિન્દી સમાચાર (દિલ્હીથી ) ૦૬.૦૫ -અર્થના (ભક્તિ ગીતો) અને ૦૬.૩૦ -અમૃતધારા (અમદાવાદ-વડોદરા પરથી) ૭.૪૫-ગુજરાતી સમાચાર, ૦૭,૫૫ - કાર્યક્રમ વિવરણ ૮.૦૦ - સમાચાર પ્રભાત (દિલ્હીથી) ૦૮.૧૫ - સુગમ સંગીત, ૦૮.૩૦ - શ્રવણ માધુરી (દમણથી) ૯.૦૦ -અમદાવાદના કાર્યક્રમ ૦૬.૩૫ - હિન્દી ફિલ્મ સંગીત(દમણથી) ૦૬.૫૫ - સંસ્કૃતમાં સમાચાર ૦૭.૦૦ . ફિલ્મ સંગીત ૭.૧૦- પ્રાદેશિક સમાચાર- ૦૭.૨૦- શ્રી રામ યરીત માનસ ગાળ. ૭.૩૦ - સુગમ સંગીત (દમણથી), ૧૦.૩૦-થી સાંજે ૦૫.૩૦ - અમદાવાદના કાર્યક્રમ જેમાં ૧૦.૦૦-હિન્દી ફિલ્મ સંગીત-ગુલમહોર (દમણથી) ૧૨.૦૦ થી ૦૧.૦૦ - લોક સંગીત અને નારી જગત ૦૧.૦૦- હિન્દી અને અંગ્રેજી સમાચાર, ૦૧.૩૦ (જય જવાન - હિન્દી ફિલ્મ સંગીત) ૦૨:૧૫ હિન્દી સમાચાર, ૦૨.૪૦ - સુગમ સંગીત.

**સાંજ :** (દમણથી) ૫.૩૦ - પ્રાયોજીત કાર્યક્રમ (NCERT UMANG) ૦૩.૦૦ થી ૫.૦૦ સુગમ સંગીત ૦૫.૦૦ - વિવધ ભારતી -૬.૧૫ થી અમદાવાદ નાં કાર્યક્રમ ૦૭.૧૦ - પ્રાદેશિક સમાચાર, ૭.૨૦ (દમણથી) ખેતી વિષયક કાર્યક્રમ, ૭.૫૦ ગુજરાતી સમાચાર, રાત્રે ૦૮.૦૦ વાગ્યા થી ૧૧.૦૦ સુધી અમદાવાદ નાં કાર્યક્રમ ૧૧.૦૦ - હિન્દી અને અંગ્રેજી સમાચાર - દિલ્હીથી ૧૧.૧૦ - સભા સમાપન




## આજનું પંચાગ

**તા.** ૧૩-૦૯-૨૦૨૪, **વારઃ** શુક્રવાર, **તિથિઃ** દશમ **વિક્રમ સંવતઃ** ૨૦૮૦
**સૂર્ય ઉદયઃ** ૦૬:૦૩ **સૂર્ય અસ્ત :** ૧૮:૨૮ **ચંદ્રરાશિઃ** ધન

## આજનું રાશિભવિષ્ય

**મેષ(અ.લ.ઈ) :** આજના દિવસે આજે તમારું આરોગ્ય સ્વસ્થ રહેવા ની અપેક્ષા છે.
**વૃષભ(બ.વ.ઉ) :** આજના દિવસે તમે જો ભૂતકાળની ઘટનાઓ અંગે જ વિચાર્યા કરશો -તો તમારી હતાશા તમારા સ્વાસ્થ્યને હાનિ પહોંચાડી શકે છે- શક્ય હો એટલા નિરાંતવા રહેવાનો પ્રયાસ કરો.
**મિથુન(ક.છ.ઘ) :** આજના દિવસે પારિવારિક સમસ્યાઓ તમારી પત્ની સાથે શૅર કરજો.
**કર્ક(ડ.હ) :** આજના દિવસે તમારા સ્વાસ્થ્યને લગતી સમસ્યાને કારણે તમે મહત્વનના કામ માટે નહીં જઈ શકો તેને કારણે તમે પાછળ રહી જાવ એવી શક્યતા છે.
**સિંહ(મ.ટ.) :** આજના દિવસે આજે તમે આશાવાદના જાદુઈ તબક્કા હેઠળ છો. આજ માટે તમારો સફળતા મંત્ર હોવો જોઈએ-તમારા નાણા એવા લોકોની સલાહ મુજબ રોકવા જોઈએ .
**કન્યા(પ.ઠ.ણ.) :** આજના દિવસે અસીમ જીવનની મહાન ભવ્યતાને માણવા માટે તમારા જીવનને વધુ ઉત્કૃષ્ટ બનાવો.
**તુલા (ર.ત.) :** આજના દિવસે તમારૂં માનસિક સ્વાસ્થ્ય જાળવો-આધ્યાત્મિક જીવન માટે તે પૂર્વશરત છે.
**વૃશ્ચિક(ન.ય.) :** આજના દિવસે કામના સ્થળે વરિષ્ઠો તરફથી દબાણ તથા ઘરે વિસંવાદિતા તાણને આમંત્રણ આપી શકે છે-જે કામમાં તમારા ધ્યાનમાં ખલેલ પહોંચાડી શકે છે.
**ધન(ભ.ધ.ફ.ઢ.) :** આજના દિવસે ગમગીનીને દૂર ફગાવી દો-જે તમારી આસપાસ ઘેરાઈ રહી છે તથા તમારા વિકાસમાં અંતરાય ઊભા કરી રહી છે.
**મકર(જ.ખ) :** આજના દિવસે તમે ઘણા લાંબા સમયથી અનુભવી રહ્યા છો એ જીવનના ટૅન્શન તથા તણાવમાંથી તમને રાહત મળશે.
**કુંભ(ગ.શ.સ.) :** આજના દિવસે તમારી ઈચ્છાઓ પૂરી કરવા માટે અંગત સંબંધોનો દુરૂપયોગ તમારી પત્નીને ગુસ્સો અપાવશે.
**મીન(દ.ચ.ઝ.થ.) :** આજના દિવસે આજે તમારે મહત્વના નિર્ણયો લેવા પડશે- જે તમને તાણગ્રસ્ત તથા ખૂબ જ નર્વસ કરી મુકશે.

# રશિયા ચંદ્ર પર એટોમિક પાવર પ્લાન્ટ બનાવવા માંગે છે



## વર્ષ ૨૦૩૬ સુધીમાં પ્લાન્ટ બનાવવી યોજના બનાવી છે અને આ માટે ભારત અને ચીનનો પણ સહકાર માંગ્યો

**સાયન્સ કોર્નર ડેસ્ક**
**દમણગંગા ટાઈમ્સ, વાપી**

રશિયાએ તાજેતરમાં જ ચંદ્ર પરનો એક મહત્વનો પ્રોજેક્ટ હાથ ધર્યો છે. તેણે વર્ષ ૨૦૩૬ સુધીમાં ચંદ્ર પર પરમાણુ પ્લાન્ટ બનાવવી યોજના બનાવી છે અને આ માટે તે ભારત અને ચીનનો પણ સહકાર માંગી રહ્યો છે. તો ભારત અને ચીને પણ આ મહત્ત્વકાંક્ષી પ્રોજેક્ટમાં ઊંડો રસ દાખવ્યો છે. આ ખાસ વિશેષતા ચંદ્ર પર બનનારા બેઝને ઊર્જાનો પુરવઠો પુરો પાડવાનો છે. અત્યાર સુધીમાં કોઈપણ દેશે ચંદ્ર પર આવો પ્રોજેક્ટ બનાવ્યો નથી, તેથી રશિયા, ભારત અને ચીનના સંયુક્ત સાહસ હેઠળ આ પ્રોજેક્ટ સફળ થયા ઈતિહાસ રચાશે.

આ પ્રોજેક્ટનું નેતૃત્વ રશિયાની સરકારી ન્યુક્લિયર કોર્પોરેશન રોસાટોમના હાથમાં છે. ચંદ્ર પર બનાવવામાં આવનારા પ્રથમ પરમાણુ પાવર પ્લાન્ટમાંથી અડધા મેગાવોટ વીજળીનું ઉત્પાદન કરવામાં આવશે અને આ વીજળી ચંદ્ર પર બનેલા બેઝને મોકલાશે.

રશિયાની સરકારી સમાચાર એજન્સી TASSના અહેવાલો મુજબ રોસાટોમના પ્રમુખ એલેક્સી લિખાચેવે કહ્યું કે, અમારા આ પ્રોજેક્ટમાં ભારત અને ચીને પણ રસ દાખવ્યો છે. રશિયાની અવકાસ એજન્સી રોસ્કોસ્મોસે જાહેરાત કરી છે કે, ચંદ્રમાં પર પરમાણુ પાવર પ્લાન્ટ બનાવવાની કામગીરી ચાલી રહી છે.

રશિયા અને ચીન સંયુક્ત રીતે આ કામગીરીમાં જોડાયેલા છે. આ પ્લાન્ટ વર્ષ ૨૦૩૬ સુધીમાં સ્થાપવામાં આવશે.

# ડાંગનાં ગુજરાતમાં સમાવેશ બાદ ૬૪ વર્ષ બાદ પ્રથમવાર સિધ્ધિ મેળવતા બીજુબાલા પટેલ

# ગણિત-વિજ્ઞાન મંડળના કન્વીનર શિક્ષિકાએ રાજ્યના શ્રેષ્ઠ શિક્ષકમાં સ્થાન મેળવ્યું

## ડાંગમાં પ્રથમ અટલ રોબોટિક લેબની સ્થાપનાથી લઈને ઈન્સ્પાયર્ડ એવોર્ડ સુધીની પ્રવૃત્તિમાં ભાગ લઈ આદિવાસી બહુલ વિસ્તારમાં વિજ્ઞાન પ્રસારમાં ફાળો આપ્યો



ચાણક્યના ખૂબ પ્રસિદ્ધ વાક્ય 'શિક્ષક, કભી સાધારણ નહિ હોતા' ને ડાંગ જિલ્લાના શિક્ષિકા શ્રીમતિ બીજુબાલા પટેલે સાર્થક કરતાં, ડાંગ જિલ્લાને અનોખુ ગૌરવ પ્રદાન કર્યું છે.

ડાંગ જિલ્લા શિક્ષણ જગતની તારીખ અને તવારીખમાં વધુ એક 'સુવર્ણ પૃષ્ઠ' ઉમેરાતા, સુશ્રી પટેલને ડાંગના ૬૪ વર્ષોના શિક્ષણ વિભાગના ઈતિહાસમાં, એટલે કે ગુજરાત/મહારાષ્ટ્રના વિભાજન બાદ, સને ૧૯૬૦થી અત્યાર સુધીના ઈતિહાસમાં પ્રથમ વખત માધ્યમિક વિભાગમાં 'રાજ્ય પારિતોષિક' નું સન્માન પ્રાપ્ત થયું છે.

'ગુરુ બ્રહ્મા ગુરુ વિષ્ણુ ...' ની ભારતીય સંસ્કૃતિ અને પરંપરામાં શિક્ષકે મળતો એક અલગ દરજ્જો, પોતાના વ્યક્તિત્વના નિખાર સાથે, સમાજ ઉપર પણ ખૂબ ઊંડી છાપ છોડતો હોય છે. ત્યારે ડાંગ જિલ્લાને રાજ્ય કક્ષાનું 'શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક' અપાવનારા, માધ્યમિક વિભાગના શિક્ષિકા શ્રીમતિ બીજુબાલા પટેલની, અહી સુધીની સફર ઉપર એક નજર કરીએ, જે પ્રાસંગિક લેખાશે.

સને ૨૦૦૮થી પોતાની શિક્ષિકા તરીકેની કારકિર્દીની શરૂઆત કરનારા બીજુબાલા અમૃતલાલ પટેલે, તેમની ૧૫ વર્ષ ઉપરાંતની કારકિર્દીમાં, ગુણોત્સવ જેવા કાર્યક્રમોમાં વિદ્યાર્થીઓની ભાગીદારી વધારતા અનેક કાર્યક્રમોમાં બાળકોની અભિરુચિ વધારવાના સંનિષ્ઠ પ્રયાસો કર્યા છે. સાથે સાથે તેઓ ગણિત-વિજ્ઞાન મંડળના કન્વીનર હોવાને નાતે, વિજ્ઞાન પ્રયોગ શાળામાં હાથ ધરાતા પ્રાયોગિક કાર્યો,

**સાયન્સ કોર્નર**
**- વિકાસ ઉપાધ્યાય**

સાંસ્કૃતિક કાર્યક્રમો, ઈકો કલબ અને પર્યાવરણીય કાર્યક્રમો, કોમ્પ્યુટર લેબ, વિજ્ઞાન મેળા સહિત સ્વચ્છ્તા અને શૈક્ષણિક પ્રવાસ જેવા વૈવિધ્યસભર કાર્યક્રમોમાં, ખૂબ ઉત્સાહ સાથે ભાગ લઈ, આ મુકામ સુધી પહોંચ્યા છે.

દરમ્યાન ડાંગ જિલ્લામાં પ્રથમ કાર્યરત થયેલી એવી 'અટલ રોબોટિક લેબ' માટે તેમના અથાગ પ્રયત્નો રહ્યા છે. શ્રીમતિ પટેલે શાળાના બાળકોને વિજ્ઞાન મેળામાં રસપૂર્વક ભાગ લેતા કરી, પાંચ વખત રાજ્ય કક્ષાએ બાળકોના માર્ગદર્શન તરીકે ભાગ લીધો છે. સાથે ઈન્સ્પાયર્ડ એવોર્ડ માટે બાળકોના માર્ગદર્શક તરીકે ત્રણ વાર ભાગ લઈ, એક વાર રાજ્ય કક્ષાએ પસંદગી પામી, રાષ્ટ્રીય કક્ષાએ દિલ્હી સુધી ભાગ લીધો છે. આ સાથે પુસ્તકાલયનો ઉપયોગ હોય કે મોડેલ્સ મેકિંગ દ્વારા પણ સતત બાળકોને પ્રોત્સાહિત કરતાં રહ્યા છે. નેશનલ એજ્યુકેશન પોલિસીના એમ્બેસેન્ડર તરીકે બીજુબાલા પટેલે શૈક્ષણિક સમેલનો, ગણિત-વિજ્ઞાન પ્રદર્શન, જેવા કાર્યક્રમોમાં નિર્ણાયક તરીકેની ભૂમિકા ભજવવા ઉપરાંત, ચૂંટણીલક્ષી કામગીરી, કે કોવિડ-૧૯ની કામગીરી સહિત જિલ્લા કક્ષાના મોટા ભાગના સરકારી કાર્યક્રમોમાં, ઉદઘોષક તરીકેની જવાબદારી પણ બખૂબી નિભાવી છે.

આમ, તાલુકા-જિલ્લા કક્ષાએ અનેક પારિતોષિકો અને ઈનામ-અકરામ મેળવનારા, સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા-આહવાના શિક્ષિકા બીજુબાલા પટેલને, રાજ્ય કક્ષાના 'શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક' ની નવાજેશથી, સમગ્ર ડાંગ જિલ્લો આજે ગૌરવાન્વિત થયો છે. મૂળ વલસાડ જિલ્લાના વાઘલધરાના રહેવાસી એવા, અને ડાંગને કર્મભૂમિ બનાવનારા બીજુબાલા પટેલને 'શિક્ષક દિવસ'ની ખૂબ ખૂબ શુભકામનાઓ પાઠવીએ, જે આજના દિવસે પ્રાસંગિક લેખાશે.

# ચંદ્રયાન-૩નું સંશોધન : ચંદ્ર પર ૧૪ મિનિટનો ચંદ્રકંપ આવ્યો હતો



**સાયન્સ કોર્નર ડેસ્ક**
**દમણગંગા ટાઈમ્સ, વાપી**

ચંદ્રની સપાટી પરના આ ભૂકંપ ઉલ્કાપિંડોના હુમલા અથવા ગરમી સબંધિત અસરના કારણે આવી શકે છે. ચંદ્રયાન-૩ના લેન્ડર વિક્રમ સાથે મોકલવામાં આવેલા પાંચ વૈજ્ઞાનિક સાધનોમાંથી એક ઈન્સ્ટ્રૂમેન્ટ ફોર લુનર સિસ્મિક એક્ટિવિટીએ ચંદ્રના દક્ષિણી ધ્રુવીય પ્રદેશોમાં ૨૫૦થી વધુ ચંદ્ર ભૂકંપના આંચકા નોંધ્યા છે. તેમાંથી લગભગ ૨૦૦ ભૂકંપના સંકેત ચંદ્રયાન-૩ મિશન સાથે મોકલવામાં આવેલા રોવર પ્રજ્ઞાન અથવા અન્ય સાધનોના સંચાલન દરમિયાન નોંધવામાં આવ્યા હતા. પરંતુ બાકીના ૫૦ સંકેતોનો સબંધ રોવર અથવા લેન્ડર વિક્રમના કોઈપણ સાધનના સંચાલન સાથે નથી.

વિજ્ઞાનીઓનું કહેવું છે કે આ ૫૦ સંકેતોનો સબંધ ચંદ્રની ભૂકંપની ગતિવિધિઓ સાથે હોઈ શકે છે. અમેરિકાના એપોલો મિશનના દાયકાઓ બાદ આ પ્રથમ વખત છે જ્યારે ચંદ્રના ભૂકંપનો અભ્યાસ કરવામાં આવ્યો છે.

લેન્ડર વિક્રમ અત્યાધુનિક ઈન્સ્ટ્રૂમેન્ટ સિલિકોન માઈક્રો-મશીનિંગ સેન્સર ટેક્નોલોજીથી સજ્જ ISRO ના વિજ્ઞાનીઓએ કહ્યું કે કદાચ આ પ્રથમ અવસર છે જ્યારે ચંદ્રના દક્ષિણી ધ્રુવીય પ્રદેશોમાં ભૂકંપના ડેટા એકત્ર કરવામાં આવ્યો હોય. વિજ્ઞાનીઓનું કહેવું છે કે લેન્ડર વિક્રમ અત્યાધુનિક ઈન્સ્ટ્રૂમેન્ટ સિલિકોન માઈક્રો-મશીનિંગ સેન્સર ટેક્નોલોજીથી સજ્જ છે અને તે અત્યંત સૂક્ષ્મ ચંદ્ર ધ્રુજારીનો પણ રેકોર્ડ કરે છે. ISRO વિજ્ઞાનીઓની ટીમે ચંદ્રયાન-૩ ઈન્સ્ટ્રૂમેન્ટમાંથી મેળવેલા ડેટાના આધારે સાયન્સ મેગેઝિન ઈકારસમાં પોતાનું સંશોધન પેપર પ્રકાશિત કર્યું છે.

લેન્ડરના પેલોડ ILSA એ ચંદ્ર ભૂકંપનો સૌથી લાંબો સમયગાળો ૧૪ મિનિટનો નોંધ્યો છે. પરંતુ આ ધ્રુજારી રોવરની હિલચાલથી છે. ડેટા દર્શાવે છે કે જ્યારે રોવર પ્રજ્ઞાન લેન્ડર વિક્રમની નજીકથી પસાર થઈ રહ્યું હતું ત્યારે ભૂકંપના સંકેત તીવ્ર હતા. લગભગ ૨૬ કિલો વજન ધરાવતું રોવર ચંદ્રની સપાટી પર ૧ સેમી પ્રતિ સેકન્ડની ઝડપે ચાલી રહ્યું હતું. લેન્ડરથી ૭ મીટરના અંતર સુધી આંચકાની તીવ્રતા વધુ રહી હતી.

પરંતુ જ્યારે અંતર ૧૨ મીટર થયું ત્યારે ભૂકંપના સંકેતોની તીવ્રતા ઓછી થવા લાગી. વિજ્ઞાનીઓનો દાવો છે કે જો ભવિષ્યમાં ચંદ્ર પર વસાહતો સ્થાપિત થશે તો આ પ્રકારના અભ્યાસ ખૂબ જ મહત્વપૂર્ણ સાબિત થશે.

## કેન્દ્રીય મંત્રી જ્યોતિરાદિત્ય સિંધિયાએ જણાવ્યો પ્લાન

# ભારતમાં હવે ઈન્ટરનેટ સુપર સ્પીડથી ચાલશે

**સાયન્સ કોર્નર ડેસ્ક**
**દમણગંગા ટાઈમ્સ, વાપી**

કેન્દ્રીય મંત્રી જ્યોતિરાદિત્ય એમ. સિંધિયાએ જણાવ્યું હતું કે ભારતની પોતાની 4G ટેક્નોલોજી ઈન્ફ્રા (સ્ટેક) ૨૦૨૫ના મધ્ય સુધીમાં સ્થાપિત થઈ જશે.

સિંધિયાએ AIMA નેશનલ મેનેજમેન્ટ કોન્ફરન્સની ૫૧મી આવૃત્તિમાં દેશ અને સરકાર માટે ત્રણ મુખ્ય લક્ષ્યોને પણ રેખાંકિત કર્યા. તેમણે કહ્યું કે પ્રથમ વખત, ભારતે પોતાનું 4G ટેક્નોલોજી ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકસાવ્યું છે, જે આવતા વર્ષના મધ્ય સુધીમાં સ્થાપિત થઈ જશે.

સિંધિયાએ કહ્યું કે માત્ર ટેક્નોલોજીનો અમલ કરવો જ નહીં પરંતુ સ્વદેશી ટેક્નોલોજીની ડિઝાઈન અને વિકાસ પણ મહત્વપૂર્ણ છે. તેમણે કહ્યું કે અમે પોતાના માટે ત્રણ લક્ષ્યો નક્કી કર્યા છે. પ્રથમ ધ્યેય સંપૂર્ણતાની ખાતરી કરવાનો છે. આપણા દેશનો દરેક હિસ્સો ડિજિટલ ટેક્નોલોજીથી જોડાયેલ હોવો જોઈએ. દરેક વ્યક્તિ ડિજિટલ ક્રાંતિ દ્વારા દરેક તકનો લાભ ઉઠાવવા સક્ષમ હોવી જોઈએ. સિંધિયાએ કહ્યું કે ભારતે દેશભરમાં લગભગ સાડા ચાર લાખ ટાવર લગાવ્યા છે. સરકારે લગભગ ૨૦,૦૦૦ વધુ ટાવર સ્થાપિત કરવા માટે પ્રતિબદ્ધ છે અને આ પહેલ માટે ૪૪,૦૦૦ કરોડ રૂપિયા ફાળવ્યા છે.

મહત્વપૂર્ણ છે, પરંતુ નવી ટેક્નોલોજીના ઉત્પાદન માટે અમારી ક્ષમતાઓનો ઉપયોગ કરવો પણ અમારા માટે મહત્વપૂર્ણ છે.

સિંધિયાએ પોસ્ટ ઓફિસ એક્ટ અને નવા ટેલિકોમ એક્ટ વિશે પણ વાત કરી અને પરિવર્તનશીલ ફેરફારોનું વચન આપ્યું. તેમણે કહ્યું કે સિંધિયાએ કહ્યું કે હું તમને બધાને વચન આપું છું કે આ વર્ષના ડિસેમ્બર સુધીમાં, બંને વિભાગો દ્વારા ખૂબ જ પારદર્શક, દૂરંદેશીવાળી નિયમ પ્રણાલી લાગુ કરવામાં આવશે જે અમારા ક્ષેત્રમાં એક નવું પરિવર્તન લાવશે.

# રાષ્ટ્રીય સાયન્સ ટેલેન્ટ સર્ચ એક્ઝામ આપવી છે?

**સાયન્સ કોર્નર ડેસ્ક**
**દમણગંગા ટાઈમ્સ, વાપી**

વિજ્ઞાન ગુર્જરી અને વિજ્ઞાન ભારતી, એનસીઈઆરટી, નેશનલ કાઉન્સીલ ઓફ સાયન્સ મ્યુઝીયમ અને વિદ્યાર્થી વિજ્ઞાન મંથન દ્વારા રાષ્ટ્રવ્યાપી સાયન્સ ટેલેન્ટ સર્ચ એક્ઝામની જાહેરાત કરવામાં આવી છે. વલસાડ જિલ્લાના સંયોજકો પ્રજ્ઞેશ રાઠોડ દ્વારા જણાવાયું છે કે વિદ્યાર્થીઓ શાળા, સંસ્થા કે વ્યક્તિગત રીતે રજીસ્ટેશન કરાવી શકે છે. રજીસ્ટેશનની છેલ્લી તા. ૧૫-૦૯-૨૦૨૪ છે. પરીક્ષા ૨૪ અથવા ૨૭ ઓક્ટોબરના બેમાંથી કોઈ એક દિવસે ઓનલાઈન આપવાની રહેશે. વિજેતાઓને જુદા જુદા સ્તરે પ્રમાણપત્રો, ટ્રોફી, રોકણ ઈનામો, સ્કોલરશીપથી લઈને જાણીતી રાષ્ટ્રીય વિજ્ઞાન સંસ્થાઓમાં ત્રણ અઠવાડિયાની વિના મુલ્યે તાલીમની તક મળી શકે છે. રસ ધરાવતા વિદ્યાર્થીઓએ www.vvm.org.in પર રજીસ્ટેશન કરાવવું અથવા વલસાડ જિલ્લાના સંયોજકનો મો.નં.૯૯૭૯૧ ૭૦૭૯૭ અથવા રાજ્યના સંયોજક મનસુખ નારીયાનો ૯૪૨૬૮ ૧૨૨૭૩ પર સંપર્ક કરવો.

# ડાંગના ૧૫ વિદ્યાર્થીઓની રાજ્ય કક્ષાની રૂરલ આઈટી ક્વીઝમાં પસંદગી



**સાયન્સ કોર્નર ડેસ્ક**
**દમણગંગા ટાઈમ્સ, વાપી**

દરવર્ષ મુજબ ટાટા કન્સલ્ટીંગ સર્વિસેસ દ્વાર આજ તા. ૬/૦૯/૨૦૨૪ શુક્રવાર ના રોજ આઇ. ટી., બી. ટી. તથા ડીપાર્ટમેન્ટ ઓફ કર્નાટક ગવર્મેંટ ના સહયોગ થી માહિતી અને તંત્રજ્ઞાન વિષય આધારીત ડાંગ જીલ્લા કક્ષાની નેશનલ રુરલ આઇ. ટી. ક્વીઝ ગુજરાત કાઉન્સીલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી(ગુજકોસ્ટ), ગાંધીનગર પ્રેરીત પ્રયોશા જીલ્લા લોક વિજ્ઞાન કેંદ્ર, આહવા ખાતે યોજાઇ. ક્વીઝમાં ડાંગ જીલ્લાના વિદ્યાર્થીઓએ ભાગ લીધો. ક્વીઝની શરૂવાતમાં સહભાગી વિદ્યાર્થીઓને કોઓર્ડીનેટર રતિલાલ સુર્યવંશી દ્વારા ક્વીઝ વિશે સમજ આપવામાં આવી હતી. રુરલ આઇ. ટી ક્વીઝ મોનિટર ઘેલાભાઇ કે. પટેલ દ્વારા ક્વીઝ નું સ્વરુપ તથા નિયમોની જાણકારી સહભાગીઓને આપવામાં આવી હતી.

ઉપરોક્ત ક્વીઝમાં ડાંગ જીલ્લામાં થી રાજ્ય કક્ષાની ક્વીઝ માટે ૧૫ વિદ્યાર્થીઓની પસંદગી કરવામાં આવી છે, જે હવે આગામી દિવસોમાં રાજ્ય કક્ષાની સ્પર્ધામાં ભાગ લેવા ગાંધીનગર ખાતે જશે.

સમગ્ર સ્પર્ધાનું સંચાલન સાયંસ કોમ્યુનિકેટર સંજયભાઇ બાગુલ દ્વારા કરવામાં આવ્યું હતું.

# ધ્રોલ વિજ્ઞાન કેન્દ્રમાં નેશનલ સાયન્સ સેમિનાર યોજાયો

**સાયન્સ કોર્નર ડેસ્ક**
**દમણગંગા ટાઈમ્સ, વાપી**



ગુજકોસ્ટ-ગાંધીનગર પ્રેરિત અને શ્રી એમ.ડી.મહેતા એજ્યુકેશન ટ્રસ્ટ-ધ્રોલ સંચાલિત શ્રી એમ.ડી.મહેતા જિલ્લા વિજ્ઞાનકેન્દ્ર, ધ્રોલ દ્વારા ડી.ઈ.ઓ. કચેરી, ડી.પી.ઈ.ઓ. કચેરી જામનગરના સંયુક્ત ઉપક્રમે આ વર્ષના મુખ્ય વિષય આર્ટિફિશયલ ઈનટેલિજન્સ પર જિલ્લાકક્ષાના નેશનલ સાયન્સ સેમિનાર-૨૦૨૪નું આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમની શરૂઆત સંસ્થાના સેક્રેટરી સુધાબેન ખંઢેરીયા અને અન્ય મહાનુભાવોના હસ્તે દિપપ્રાગટ્યથી કરવામાં આવી હતી. કાર્યક્રમમાં ૩૭ જેટલી શાળાના ૪૦ જેટલા સ્પર્ધકો સામેલ થયા હતા. બાળકોએ મુખ્ય વિષય આધારિત ચાર્ટસ અને પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા આર્ટિફિશયલ ઈનટેલિજન્સ પર પોતાના વિચાર વ્યક્ત કર્યા હતા. ત્યારબાદ તમામ બાળકોનાં વિષય અનુરૂપ જ્ઞાનની ચકાસણી માટે એક ૨૦ પ્રશ્નોની લેખિત પરિક્ષાનુ આયોજન પણ કરવામાં આવેલ. તમામ પ્રેઝન્ટેશનને અંતે નિર્ણાયકો દ્વારા શ્રેષ્ઠ બે બાળકોને રાજયકક્ષા માટે પસંદ કરવામાં આવ્યા હતાં. જેમાં પ્રથમ નંબર પર લાવીકા ત્રિપાઠી કે.ડી. અંબાણી-મોટી ખાવડી શાળાનાં અને બીજા નંબર પર હેમ્યા શુક્લા શ્રી સત્ય સાઈ સી.બી. એસ.સી(જામનગર) શાળાનાં અને ત્રીજા નંબર પર ત્રિષા કટારીયા શ્રી સેન્ટ ફ્રાન્સીસ જામનગર શાળાના રહેલ. શિલ્ડ તેમજ સામેલ થનાર તમામ સ્પર્ધકોને સર્ટીફીકેટ એનાયત કરવામાં આવ્યા હતાં. સમગ્ર કાર્યક્રમનું સંચાલન કેન્દ્રના સંજય પંડયા એ કર્યુ હતું.

# મોરબી વિજ્ઞાન કેન્દ્રમાં ઓઝન દિવસ ઉજવાશે

**સાયન્સ કોર્નર ડેસ્ક**
**દમણગંગા ટાઈમ્સ, વાપી**

ગુજકોસ્ટ પ્રેરિત આર્ય ભટ્ટ લોક વિજ્ઞાન કેન્દ્ર મોરબી દ્વારા વિશ્વ ઓઝોન દિવસની ઉજવણીના ભાગરૂપે વિવિધ કેટેગરીમાં જુદા જુદા વિષયે વિડિયો બનાવવાની સ્પર્ધા જાહેર કરવામાં આવી છે. તા.૧૬-૯-૨૦૨૪ વિશ્વ ઓઝોન દિવસ છે ઓઝોન એટલે (૩ અથવા ત્રિ પ્રાણવાયુ ) ત્રણ પ્રાણવાયુ પરમાણુથી બનેલો એક ત્રિઆણ્વિક અણુ છે. તે પ્રાણવાયુનું એક અપરરુપ છે જે બે પરમાણુ વાળા અપરરુપ દ્વિ-ાણવાયુ (પ્રાણવાયુ વાયુ) જેટલું ચિરસ્થાયી નથી. ઓઝોન સામાન્ય તાપમાન અને દબાણે વાયુ સ્વરૂપમાં હોય છે.ઓઝોન પ્રાણીઓના શ્વસનતંત્રમાં જવાથી કે વનસ્પતીના સંપર્ક માં આવવાથી હાનિકારક અસર કરે છે આથી ક્ષોભમંડળ (tropsphere)માં તેને પ્રદૂષણ માનવામાં આવે છે. સમતાપમંડળ (strato-sphere) માં સૂર્યના પારજાંબલી કિરણોને અવશોષી પૃથ્વી પર આ કિરણોથી જીવન નું રક્ષણ કરે છે. આ સ્પર્ધા માં ભાગ લીધેલ બધાજ સ્પર્ધકો ને પ્રમાણપત્ર તથા શ્રેષ્ઠ રજુઆત કરનાર સ્પર્ધક ને સિલ્ડ તથા પ્રમાણપત્ર એનાયત કરવામાં આવશે.

# ગીર સોમનાથના વિજ્ઞાન કેન્દ્રમાં નેશનલ રૂરલ આઇ.ટી.ક્વિઝ તથા સાયન્સ સેમિનાર યોજાયા



**સાયન્સ કોર્નર ડેસ્ક**
**દમણગંગા ટાઈમ્સ, વાપી**

ગુજકોસ્ટ-ગાંધીનગર પ્રેરિત શ્રી પ્રભાસ કેળવણી મંડળ સંચાલિત શ્રી ધર્મભકિત જિલ્લા લોક વિજ્ઞાન કેન્દ્ર, ગીર સોમનાથ દ્વારા ડી.ઈ.ઓ. કચેરી, ડી.પી.ઈ.ઓ. કચેરી ગીર સોમનાથ ના સંયુક્ત ઉપક્રમે ગીર સોમનાથ જિલ્લાના ધો.૮ થી ૧૨ ના ગ્રામ્ય વિસ્તારના બાળકો માટે જિલ્લાકક્ષાની નેશનલ રૂરલ આઈ.ટી.ક્વિઝનું તથા નેશનલ સાયન્સ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ અંગે માહિતી આપતા લોકવિજ્ઞાન કેન્દ્રના કો-ઓર્ડીનેટર નરેશભાઈ એન. ગુંદરણીયા એ જણાવેલ કે રૂરલ આઈ. ટી. ક્વિઝમાં ૪૦શાળાના ૧૬૦જેટલા બાળકો ઉત્સાહભેર સામેલ થયા હતા. જેમાંથી શ્રેષ્ઠ ૧૫ બાળકોને રાજયકક્ષાની ક્વિઝ માટે પસંદ કરવામાં આવ્યા હતા. જેમને શીલ્ડ આપી પ્રોત્સાહિત કરવામાં આવેલ તેમજ કાર્યક્રમમાં સામેલ તમામ બાળકોને પ્રમાણપત્ર તથા બોલપેન એનાયત કરવામાં આવેલ. તેમજ કૃત્રિમ બુદ્ધિમતા સંભાવનાઓ અને ચિંતાઓ (Artificial intelligence: potential & concerns)" અંગે નેશનલ સાયન્સ સેમિનાર યોજાયો હતો. આ સેમિનારમાં ૩૫ શાળાના ૭૦જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.જેમાં કાર્યક્રમના અંતે ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓ ને પ્રમાણપત્ર, પેન અને વિજેતાઓને ટ્રોફી આપવામાં આવી હતી. જિલ્લા કક્ષાએ પ્રથમ અને દ્વિતીય ક્રમે આવનાર વિદ્યાર્થી રાજ્ય કક્ષાની સાયન્સ સેમિનાર સ્પર્ધામાં ગીર સોમનાથ જિલ્લાનું પ્રતિનિધિત્વ કરશે. સમગ્ર કાર્યક્રમનું સંચાલન વિજ્ઞાન કેન્દ્રના એકેડેમીક કો-ઓર્ડીનેટર વિજયભાઈ કોટડીયા તથા સાયન્સ કોમ્યુનિકેટર ધર્મેશભાઈ મકાણી દ્વારા કરવામાં આવ્યું હતું.

# જૂનાગઢમાં રૂરલ આઈ.ટી. ક્વિઝ



**સાયન્સ કોર્નર ડેસ્ક**
**દમણગંગા ટાઈમ્સ, વાપી**

ગુજકોષ્ટ, ગુજરાત સરકાર પ્રસ્થાપિત શ્રી બ્રહ્માનંદજી જિલ્લા લોક વિજ્ઞાન કેન્દ્ર જૂનાગઢ દ્વારા નેશનલ રૂરલ આઈ.ટી.ક્વિઝ ૨૦૨૪નું આયોજન કરવા આવ્યું હતું જે ભારત સરકારના વિજ્ઞાન અને ટેકનોલોજી મંત્રાયલ તથા ટાટા કંટલટલસી બેંગ્લોર દ્વારા સમગ્ર ભારતમાં યોજાઈ છે. વિજ્ઞાન અને ટેકનોલોજી તથા ઈન્ફોર્મેશન ટેકનોલોજીમાં વધુને વધુ જાગૃત થાય તેવા હેતુથી આ ક્વિઝ રમાડવામાં આવે છે જેમા જૂનાગઢ જિલ્લામાંથી ૧૨૦ કરતા વધારે વિદ્યાર્થીઓ એ ભાગ લીધો જેમાં ૧૫ વિદ્યાર્થીઓ આગામી ૧૩ સપ્ટેમ્બરના રોજ ગાંધીનગર ખાતે રાજ્ય કક્ષાએ જુનાગઢ જિલ્લાનું પ્રતીનિધિત્વ કરશે આ તમામ ભાગ લેતા તથા વિજયતા વિદ્યાર્થીઓને મુક્તાનંદજી બાપુ તથા ચેરમેન ગિજુભાઈ ભરાડ સાહેબ દ્વારા આશિર્વાદ આપ્યા હતા સાથે જૂનાગઢ જિલ્લાનું નામ રોશન કરે તેવી શુભેચ્છાઓ પાઠવી હતી.

◉ ઉમરગામ
◉ સંજાણ
◉ ભીલાડ
◉ સરીગામ

ઉમરગામ તાલુકા વિશેષ

Friday 13, September 2024

દમણગંગા ટાઇમ્સ
DAMANGANGA TIMES

પ્રેસનોટ, જાહેરખબર, અવસાન નોંધ વગેરે આપવા માટે સંપર્ક કરોઃ દુકાન નં.૨, કોમલ કોમ્પલેક્ષ, એમ.કે. મહેતા હાઈ.ની. સામે, ઉમરગામ, 97240 70571/ 9898839269


# વીજ વિભાગ દ્વારા એલ .ટી. કનેકશનની ક્ષમતામાં વધારો કરી ૧૫૦ કેવી કરવામાં આવી




**ઉમરગામ યુઆઈએ સંસ્થા અને ઉદ્યોગકારોમાં ખુશીની લહેર**

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**ઉમરગામ, તા.૧૨:** ઉમરગામ તથા ગુજરાતના ઔદ્યોગિક વિસ્તારને વિકાસના નવા શિખરો પર પહોંચાડવા માટે ઔદ્યોગિક વિસ્તારની લો ટેન્શન (LT) વીજળી ક્ષમતા ૧૦૦ કેવીથી વધારીને ૧૫૦ કેવી કરવામાં આવી છે.

વીજ પુરવઠાના વધારાથી ઉમરગામ ઔદ્યોગ વિસ્તારમાં માઈક્રો, સ્મોલ, અને મિડિયમ ઈન્ડસ્ટ્રીઝને વિશાળ ફાયદો થશે, જેનાથી સમગ્ર ઉદ્યોગ વિસ્તારમાં નવું રોકાણ પ્રોત્સાહિત થશે અને સ્થાનિક ઉદ્યોગો વધુ મજબૂત બનશે. ઉમરગામ UIAના પ્રમુખ નરેશ એસ બાંઠિયા જેઓ હાલે ચાઈના પ્રવાસે છે જેમણે ચાઈનાથી ખુશી વ્યક્ત કરી ઉર્જા મંત્રી કનુભાઈ દેસાઈનો સોશિયલ મીડિયાના માધ્યમથી આભાર વ્યક્ત કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે મંત્રી કનુભાઈ દ્વારા ઉદ્યોગવિસ્તારના પ્રશ્નો પ્રત્યેનો સક્રિય અભિગમ પ્રશંસનીય છે. આ નિર્ણય ઉમરગાંવ ઉદ્યોગોને વધુ સક્ષમ બનાવવામાં મદદરૂપ બનશે અને આ વિસ્તારનો વિકાસ ઝડપી ગતિએ આગળ વધશે. મંત્રી કનુભાઈના માર્ગદર્શન થકી ઉમરગાંવના ઉદ્યોગોને સતત પ્રગતિ મળે તેવી અપેક્ષા સેવી હતી.

# આખરે વરસાદ બંધ થતાં ઉમરગામ અને વાપીમાં માર્ગોનું મરામત કામ શરૂ

**ઉમરગામ, ઔદ્યોગિક એકમોમાં અવર-જવર કરનાર લોકોને હવે રાહત થશે**




**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**ઉમરગામ, તા.૧૨:** ઉમરગામ તાલુકામાં ભારે વરસાદના પગલે માર્ગો વધુ ધોવાયા છે. વરસાદ બંધ થતા વાપી તથા ઉમરગામ તાલુકાના માર્ગની મરામત કામગીરી હાથ ધરવામાં આવી છે. વરસાદને કારણે રસ્તાઓની હાલત બિસ્માર થતા હાલ વરસાદ બંધ પડતાની સાથે જ રીપેરીંગની કામગીરી માર્ગ અને મકાન વિભાગ દ્વારા હાથ ધરવામાં આવી છે. આ કામગીરીના કારણે અવર-જવર કરનાર લોકો ઉમરગામમાં આવેલ ઔદ્યોગિક એકમોમાં થતા વાહનોનું આવાગમન સરળ બનશે. વરસાદ બંધ થતાં આખરે માર્ગ અને મકાન વિભાગ દ્વારા પેચવર્કની કામગીરી હાથ ધરાઈ છે. ઉમરગામના માર્ગો પર મરામત કામગીરી હાલ હાથ ધરવામાં આવી છે.

## મી એન્ડ મી ગ્રુપ દ્વારા

# ઉમરગામ તાલુકામાં પ્રદૂષણ અંગે જાગૃતતા માટે થઈ રહેલા પ્રયાસો



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**ઉમરગામ, તા.૧૨:** હાલ ગણેશ ઉત્સવને લઈ ભક્તો ભાવવિભોર બન્યા છે પરંતુ વિસર્જન દરમ્યાન ખંડિત થયેલી મૂર્તિઓ અને પ્લાસ્ટિક ફૂલ હારથી દરિયા કિનારા અને નદી તળાવો બગડી રહ્યા છે ઉમરગામ પાલિકા વિસ્તારના દરિયાકિનારે દોઢ દિવસના વિસર્જન બાદ મોટી માત્રામાં પ્લાસ્ટર ઑફ પેરિસનીં વિસર્જન કરાયેલી મૂર્તિઓ દરિયા કિનારે જોવા મળી હતી.

દરવર્ષે સામાજિક સંસ્થાઓ દ્વારા પ્લાસ્ટર ઑફ પેરિસનીં મૂર્તિઓ અંગે જનજાગૃતિ અભિયાન ચલાવવામા આવે છે. પરંતુ ગણેશજીની સ્થાપના કરતા લોકોમાં હજી જાગ્રુતિ નહીં હોવાના કારણે ભગવાન ખંડિત થઈ કિનારે પડ્યા રહે છે.

ઉમરગામ વિસ્તારના સેવાભાવી યુવકો સાથે સ્થાનિક મુસ્લિમ યુવકો દરિયા પર પડેલી ગણેશ પ્રતિમાઓને ફરી ખાડી માં વિસર્જન કરે છે ત્યારે હજી પણ લોકોએ માત્ર મનોરંજન માટે શ્રી ગણેશજીની સ્થાપના કરવા કરતા પર્યાવરણ પ્રત્યે જાગ્રુત બનવું જરૂરી છે સ્થાનીક લોકોએ પણ એ વાત સ્વીકારી છે કે જનજાગ્રુતિ જરૂરી છે.

વિસર્જન કરવામાં આવેલી પીઓપીની મૂર્તિઓ ખંડિત થયેલી જોવા મળે છે.

સામાજિક સંસ્થાઓ આગળ આવી લોકોને સમજાવવા પ્રયત્નો કરે છે પરંતુ હજી જાગ્રુતિ જરૂરી છે.

# સરીગામ ભાનુવિલા સોસાયટીમાં પાંચ દિવસ સુધી વિઘ્નહર્તા ગણપતિ દેવની કરવામાં આવેલી પૂજા અર્ચના

**ભાનુ વીલા સોસાયટીના યુવક મંડળ અને દાતાઓનો સહયોગથી પાંચ દિવસ સુધી મહાપ્રસાદનું આયોજન કરાયું**



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**ઉમરગામ, તા.૧૨:** ઉમરગામ સરીગામ ભાનુવીલા સોસાયટીમાં દર વર્ષની જેમ આ વર્ષે પણ પાંચ દિવસ સુધી વિઘ્નહર્તા ગણપતિ ભગવાનની પૂજા અર્ચના કરવામાં આવી હતી. ગણેશ ચતુર્થીના સ્થાપના દિવસે સોસાયટીના ક્લબ હાઉસમાં મેમ્બરો દ્વારા પૂજા વિધિ સાથે સ્થાપના કરવામાં આવી હતી. ત્યારબાદ દરેક દિવસે મહિલાઓ દ્વારા ભજન કીર્તનનું આયોજન કરી સમગ્ર વાતાવરણ ભક્તિમય બનાવી દીધું હતું. આ કાર્યક્રમ દરમ્યાન સ્થાપનાના ચોથા દિવસે મહિલાઓ દ્વારા આરતી થાળી શણગાર અને મહા આરતીનુ કરવામાં આવેલા આયોજન ભારે આકર્ષણ જણાવ્યું હતું. તદુપરાંત દરેક દિવસે મંડળના યુવાન સભ્યો અને દાતાશ્રી દેબાંગશુ જાનાજી, શ્રી વિનીત તિવારીજી, શ્રી આશિષભાઈ સિંગ તેમજ શ્રી ગૌતમસિંગજીના સહયોગથી મહાપ્રસાદનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. સરીગામ ભાનુવિલા સોસાયટી દ્વારા ગણપતિ ભગવાનની સ્થાપના બાદ પાંચ દિવસ પૂજા અર્ચના કરી નારગોલ ખાતેના દરિયામાં ગણપતિ બાપા મોરિયા અને અગલે બરસ લવ કરયાના નાદ વિસર્જન કરવામાં આવ્યું હતું.

## નવનિર્માણ કેળવણી મંડળ સંચાલિત

# શ્રી એમ.કે. મેહતા કેમ્પસમાં ગણેશજી સ્થાપના કરાઈ



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**ઉમરગામ, તા.૧૨:** નવનિર્માણ કેળવણી મંડળ સંચાલિત શ્રી એમ કે મેહતા કેમ્પસમાં ગણેશ ચતુર્થી નિમિત્તે ગણેશજી સ્થાપના કરવામાં આવી હતી . આ શુભ અવસરે અઢી દિવસના ગણેશજી સ્થાપના પુજા અર્ચના અને આરતી કરી સ્થાપના કરવામાં આવી હતી . ત્યારબાદ ભજન - કિર્તનનું પણ આયોજન કરવામાં આવ્યું હતું . જેમનો મુખ્ય હેતું વિદ્યાર્થીઓ આપણા ધર્મના તહેવારોનું મહત્વ સમજી શકે અને આપણા દેશ ની સંસ્કૃતિ નું મહત્વ સમજે. ગણેશજીના વિસર્જન નિમિત્તે વિદ્યાર્થીઓ માટે ગરબા સ્પર્ધાનુ પણ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિજેતા થનાર વિદ્યાર્થીઓને રોકડ ઈનામ આપવામાં આવ્યા હતા. ઈકો ફ્રેન્ડલી રીતે ગણેશજી નું વિસર્જન કેમ્પસમાં જ કરવામાં આવ્યું હતું.

આવું સરસ ગણેશ મહોત્સ્વનું આયોજન કરવા બદલ કેમ્પસના સેક્રટરી શ્રી સુકેતુભાઈ મેહતા એ કેમ્પસમાં આવેલ વિવિધ ફેકલ્ટીના આચાર્ય, શિક્ષક મિત્રો, અધ્યાપકો, નોન ટિચિગ સ્ટાફ અને તમામ વિદ્યાર્થીઓનો આભાર વ્યક્ત કર્યો હતો.

## વિદ્યાર્થીઓને તેમના કરિયર તેમજ સ્પર્ધાત્મક પરીક્ષા અંગે

# ભિલાડની સરકારી વિજ્ઞાન કોલેજમાં સેમીનાર યોજાયો



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**ઉમરગામ, તા.૧૨:** સરકારી વિજ્ઞાન કોલેજ ભીલાડ ખાતે તારીખ ૫-૯-૨૦૨૪ના રોજ ઉદ્દીશા અંતર્ગત વિદ્યાર્થીઓને શિક્ષક દિનની એક અનેરી ભેટ સ્વરૂપ તેમના કરિયર અંગે તેમજ સ્પર્ધાત્મક પરીક્ષાઓ શું છે તે અંગે એક સેમીનારનું આયોજન કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન તેમજ સંકલન શ્રી અંજલી દરજી દ્વારા કરવામાં આવ્યું હતું. જેમાં કોલેજના પ્રિન્સિપલ શ્રી ડૉ. દીપક ધોબી દ્વારા સંપૂર્ણપણે સહકાર આપવામાં આવ્યો હતો. કોલેજમાં અધ્યાપક તરીકે કાર્યરત એવા પિંકલ પટેલ સરના સહયોગથી જી.પી.એસ.સી. ના વર્ગો ચલાવતી ત્રણ ફેકલ્ટી ડોક્ટર રાહુલ દિવાન, જીનલ પટેલ અને જીગીશાબેન પટેલે કાર્યક્રમમાં વક્તા તરીકે પોતાનું વક્તવ્ય આપ્યું હતું. રાહુલ દિવાને વિદ્યાર્થીઓને સમજાવ્યું કે, કોઈપણ કાર્ય નાનું હોતું નથી અને આથી જ GPSC, GSSSB, GPSSB કે SSC દ્વારા લેવાતી કોઈપણ સ્પર્ધાત્મક પરીક્ષામાં વિદ્યાર્થીઓએ ભાગ લેવો જોઈએ તેમજ એક સરકારી કર્મચારી તરીકે નાની સેવામાં જોડાઈને પણ ઉત્તરો ઉત્તર પ્રગતિ સાધી ઉચ્ચ હોદ્દો પ્રાપ્ત કરી સમગ્ર દેશની સેવા કરવી જોઈએ. શ્રી જીનલ પટેલે વિદ્યાર્થીઓને આ પરીક્ષાઓમાં ફોર્મ ભરવા અંગે માર્ગદર્શન આપ્યું હતું. જીગીષાબેન પટેલે વિદ્યાર્થીઓને સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં ગુજરાતી વિષયનું મહત્વ સમજાવ્યું તેમજ આ પરીક્ષાઓમાં ગુજરાતી વ્યાકરણ ઉપર કેટલો ભાર મૂકવામાં આવે છે તે ઉપર પ્રકાશ પાડ્યો. કાર્યક્રમમાં કોલેજના કુલ ૧૧ અધ્યાપકો તેમજ ૯૦ વિદ્યાર્થીઓએ હાજરી આપી હતી.

# ઉમરગામની જીઆઈડીસી દ્વારા સંપાદન કરેલ જમીન પ્રકરણમાં લેન્ડગ્રેડિંગ હેઠળ કાર્યવાહી

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**ઉમરગામ, તા.૧૨:** ઉમરગામ જીઆઈડીસીની સંપાદિત જમીન પ્રકરણમાં GIDC જીઆઈડીસીના પ્રાદેશિક મેનેજરે ન્યાય માટે લેન્ડ ગ્રેબિંગ એક્ટ હેઠળ દાદ માંગતા ફરી એક વખત ઉમરગામમાં જમીનનો મામલો ચર્ચામાં આવ્યો છે.

ઉમરગામ જીઆઈડીસીએ સંપાદન કરેલી જમીનમાં રેકોર્ડ ઉપર એન્ટ્રી પાડી દેવામાં આવી હતી પરંતુ નિગમનું નામ દાખલ કરવાની પ્રક્રિયા અધૂરી રહેતા નામ ઈફેક્ટમાં લાવવામાં ચૂક થયેલી હતી. જે સમાન્ય ચૂકના કારણે લાંબો સમય પસાર થતાં સમગ્ર પ્રકરણ ગૂંચવાઈ જવા પામ્યું છે. નિગમના પ્રાદેશિક મેનેજરે સમગ્ર પ્રકરણ લેન્ડ ગ્રેબિંગ એક્ટ હેઠળ ફરિયાદ કરવાની ફરજ પડી છે. આ ફરિયાદના આધારે મામલતદાર કચેરીથી નિવેદનો નોંધવાની પ્રક્રિયા પૂર્ણ કરી દેવામાં આવી છે અને હવે પ્રાંત અધિકારીની કચેરીમાં સુનાવણીની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. આ પ્રકરણમાં વાદી તરીકે ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમના પ્રાદેશિક મેનેજર કુલદીપસિંહ ડી. સોલંકી છે જ્યારે પ્રતિવાદી તરીકે આઠ જેટલા વ્યક્તિઓના નામોનો સમાવેશ કરાયો છે. સંપાદન કરેલ જમીન ખરીદનારા પણ ભેરવાશે આ જમીન પ્રક્રણે ગુજરાત જમીન પચાવી પાડવા પર પ્રતિબંધ અધિનિયમ૨૦૨૦ હેઠળની કાર્યવાહી અંતર્ગત ચાલુ થયેલી પ્રક્રિયામાં ગત તા. ૨૮-૮-૨૦૨૪ના રોજની સમય નિર્ધારિત કરવામાં આવ્યો હતો. આ ઘટનામાં જમીન સંપાદનની પ્રક્રિયાથી અજાણ કેટલાક નિર્દોષ જમીન ખરીદનારાના પગ નીચે પણ રેલો આવવાની શક્યતા દેખાઈ રહી છે. હાલ તો સુનાવણી બાદ આ ઘટનામાં કેવો વળાંક તેમજ ચુકાદો આવશે એના ઉપર ઘણાની અટકળો સાથે નજર મંડરાયેલી છે.

## સ્વામી વિવેકાનંદ ગુજરાત રાજ્ય યુવા બોર્ડ દ્વારા


# માણેકપૂરની વિવેકાનંદ હાઈસ્કૂલમાં દિગ્વિજય દિન ઉજવણી





**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**ઉમરગામ, તા.૧૨:** સ્વામી વિવેકાનંદ ગુજરાત રાજ્ય યુવા બોર્ડ દિગ્વિજય દિન ઉજવણી ઉંમરગામ તાલુકાના માણેકપૂર શ્રી વિવેકાનંદ હાઈસ્કૂલમાં કરવામાં આવ્યો જેમાં શાળાના આચાર્ય પ્રકાશભાઈ આરેકર જી, અને યુવા બોર્ડના તાલુકા વાલી રજનીકાન્તભાઈ માંડેવાલા, અને પ્રમુખ નીલેશભાઈ પટેલ, સંયોજક પ્રતીક વારલી, હેમંત વારલી, ૧૧ સપ્ટેમ્બર દિગ્વિજય દિવસ નિમિતે સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં તાલુકા વાલી અને મુખ્ય વક્તા દ્વારા સુંદર માર્ગદર્શન વિસ્તાર પૂર્વક આપવામાં આવ્યો હતો.. શિકાગોની ધરતી પર ધર્મ પરિષદ યોજાઈ હતી જેમાં સ્વામી વિવેકાનંદજીને ઐતિહાસિક ભાષાણ આપ્યું હતું જેના સદર્ભે આપણે દિગ્વિજય દીવસની ભવ્ય ઉજવણી સમગ્ર ભારત વર્ષમાં ઉજવીએ છીએ અને આપણે ઉંમરગામ તાલુકામાં આજે પહેલો કાર્યક્રમ કરવામાં આવ્યો હતો બીજા પણ ૩ કાર્યક્રમ આગામી આવતીકાલે અને પરમ દિવસે કરવા માં આવશે.

# સરીગામની લક્ષ્મી ઈન્સ્ટિટ્યૂટમાં ઓરિએન્ટેશન પ્રોગ્રામ અને ફ્રેશર્સ પાર્ટી યોજાઈ





**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**ઉમરગામ, તા.૧૨:** લક્ષ્મી ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નોલોજી એ B.E, Diploma, B.Voc અને D.Voc સહિતના વિવિધ કાર્યક્રમોના ૫૦૦ થી વધુ નવા વિદ્યાર્થીઓને આવકારવા માટે આકર્ષક ફ્રેશર્સ પાર્ટી સાથે ઓરિએન્ટેશન પ્રોગ્રામને જોડીને અદભૂત ફ્રેશર્સ ડે ૨૦૨૪ ઈવેન્ટનું આયોજન કર્યું હતું. આ ઈવેન્ટમાં ૯૦૦થી વધુ વિદ્યાર્થીઓની ઉત્સાહપૂર્વક ભાગીદારી જોવા મળી હતી, જેણે તેને આનંદ, પ્રેરણા અને ઉજવણીનો દિવસ બનાવ્યો હતો. જે અંતર્ગત અતિથિ વિશેષ સ્થાને ડો કરણરાજ વાઘેલા (SP, વલસાડ જિલ્લો) તેમજ આર. પી. ડોડીયા (PSI ભીલાડ પોલીસ સ્ટેશન) ઉપરાંત ગુજરાતી મુવી સતરંગી રે ના સ્ટાર કાસ્ટની ઉપસ્થિતિએ વિદ્યાર્થીઓના ઉર્જા અને ઉત્સાહમાં નવા રંગો ભરી દીધા હતા. કાર્યક્રમના ઉપક્રમે લક્ષ્મી વિદ્યાપીઠ કેમ્પસમાં આવેલ એન્જીનીયરીંગ તેમજ મેનેજમેન્ટ કોલેજના ડાયરેક્ટર્સ તેમજ શાળાના આચાર્યઓ ઉપરાંત મેનેજમેન્ટના પ્રતિનિધિની ઉપસ્થિતિમાં એન્જીનીયરીંગ કોલેજના ડાયરેક્ટરશ્રી ડો બસાવરાજ પાટીલએ સૌ અતિથિઓ તેમજ ફ્રેશર્સ વિદ્યાર્થીઓ માટે સ્વાગત વક્તવ્ય આપ્યું હતું.

ડો. કરણરાજ વાઘેલા, કાર્યક્રમના વિશેષ અતિથિએ શિસ્ત અને વિદ્યાર્થીઓએ સ્વ-વિકાસ અને શીખવા માટે કેવી રીતે સમય ફાળવવો જોઈએ તેના પર ધ્યાન કેન્દ્રિત કરતું પ્રેરણાદાયી વક્તવ્ય આપ્યું હતું. જેઓએ વિદ્યાર્થીઓને સફળ થવા માટે જરૂરી દ્રષ્ટિકોણ અને મહેનત કરવા ઉપરાંત હેલ્મેટ પહેરવા તેમજ સમાજમાં ટ્રાફિક અંગે જાગૃતિ લાવવા તરફ યોગદાન નિર્દેશ કર્યો હતો. કાર્યક્રમ અંતર્ગત ફ્રેશર્સ વિદ્યાર્થીઓના ઉત્સાહમાં ઉત્તેજના વધારતા, આવનારી ગુજરાતી મૂવી ‘સતરંગી રે’ ના સ્ટાર્સે ખાસ હાજરી આપી, જે વિદ્યાર્થીઓને ખૂબ આનંદ આપે છે. અભિનેતા રાજ બસીરા અને અભિનેત્રી કથા પટેલે વિદ્યાર્થીઓ સાથે સંકલન કર્યું, પ્રોત્સાહક શબ્દોથી કાર્યક્રમને ઉર્જામય કરતા આવનાર મૂવી અંગે તેમજ દ્રઢતા અને સફળતાના પોતાના અનુભવો શેર કર્યા.

કાર્યક્રમનું નિપુણતાથી સંકલન પ્રો. કવિતા જોષી અને પ્રો. રોહન દેસાઈ દ્વારા કરવામાં આવ્યું હતું, જેમાં ફેકલ્ટી સભ્યોના સમર્થન સાથે તમામ ઉપસ્થિતો માટે એકીકૃત અને આનંદપ્રદ અનુભવ સુનિશ્ચિત કરવામાં આવ્યો હતો. ઈવેન્ટના સાંસ્કૃતિક સેગમેન્ટમાં વિદ્યાર્થીઓએ નૃત્ય પ્રદર્શન અને સ્કીટ દ્વારા તેમની પ્રતિભા દર્શાવી હતી. તેમની સર્જનાત્મકતા અને ઉત્સાહ સાથે પ્રેક્ષકોનું મનોરંજન ઉપરાંત ઈવેન્ટની ખાસ વિશેષતા મિસ્ટર ફ્રેશર અને મિસ ફ્રેશર સ્પર્ધા પણ રાખવામાં આવી હતી, જ્યાં ફ્રેશરોએ તેમની પ્રતિભા અને કરિશ્માનું પ્રદર્શન કર્યું હતું. વિજેતાઓને પ્રતિષ્ઠિત શીર્ષકો સાથે તાજ પહેરાવવામાં આવ્યો હતો, અને તેમને આશ્ચર્યજનક ભેટો પ્રાપ્ત થઈ હતી.

ઉત્સવનું સમાપન આનંદદાયક ડીજે પાર્ટી સાથે થયું, જેમાં વિદ્યાર્થીઓએ નૃત્ય અને સંગીતની રમઝટમાં ઝૂમ્યા. ત્યારબાદ એક સ્વાદિષ્ટ લંચ દ્વારા દરેકને ઉત્સાહિત કર્યા. LIT ખાતે ફ્રેશર્સ ડે ૨૦૨૪ એક અદ્ભુત સફળતા હતી, જેણે શૈક્ષણિક વર્ષ માટે સકારાત્મક ટોન સેટ કર્યો અને ફ્રેશર્સ અને વરિષ્ઠ બંનેને કાયમી યાદો સાથે છોડી દીધા.

# કરજગામમાં મંડપ બહાર જુગાર રમતા ૫ ઝડપાયા

**ભીલાડ પોલીસે ૧૨૫૨૦ રૂપિયા કબજે કર્યા**

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**ઉમરગામ, તા.૧૨:** સરીગામ જીઆઈડીસી નજીક કરજગામમાં ગણેશ મંડપમાં જુગાર રમતા ૫ ઈસમોને પોલીસે ઝડપી પાડી તેઓ પાસેથી રોકડ અને ગંજી પાના કબજે લઈ કાર્યવાહી કરી હતી.

ઉમરગામનાં કરજગામે ભીલાડ પોલીસે સોમવારે વહેલી સવારે ખાનગી વાહનમાં પેટ્રોલિંગમાં હતી ત્યારે બાતમી આધારે રાય ફળિયા પાસે બામટી ફળિયામાં ગણપતિ મંડપ બહાર પાથરણું પાથરી, ગોળ કુંડાળું કરી લાઈટનાં અજવાળે પૈસા પાનાનો હારજીતનો જુગાર રમતા ૫ ઈસમોને કોર્ડન કરી ઝડપી પાડ્યા હતા.પોલીસે દાવમાં લગાવેલ રોકડ રૂ.૨૧૩૦ તથા અંગ ઝડતીમાં મળેલા રૂ.૧૦૩૯૦મળી કુલ રૂ.૧૨૫૨૦ કબજે લઇ પાંચેય ઈસમોની જુગાર ધારા હેઠળ ધરપકડ કરી હતી. જુગાર રમતા પાંચ ઈસમોને ઝડપી કાર્યવાહી પોલીસ દ્વારા હાથ ધરવામાં આવી છે ગણેશોત્સવ દરમિયાન અસામાજિક તત્વો મંડપની આડમાં જુગાર રમતા ઝડપાઈ રહ્યા છે.

# ઉમરગામ તાલુકાના ઝરોલીમાં ઘરના ઓટલે જુગાર રમતા ૪ ઝડપાયા

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**ઉમરગામ, તા.૧૨:** ઉમરગામ તાલુકાના ભીલાડ નજીક ઝરોલી ગામ ખાતે લક્ષ્મણભાઈનાં ઘરનાં ઓટલા પર ખુલ્લી જગ્યામાં પૈસા પાનાનો હાર જીતનો જુગાર રમતા ચાર ઈસમોને ભીલાડ પોલીસે ઝડપી પાડ્યા હતા. જેઓ પાસેથી દાવ અને અંગઝળતીમાં કુલ રૂા.૨૧૯૮૦ રોકડ મળી આવી હતી. ઉમરગામ તાલુકાનાં ઝરોલી ગ્રામ પંચાયત વિસ્તારમાં ભીલાડ પોલીસ મંગળવારે વહેલી સવારે ખાનગી વાહનમાં પેટ્રોલિંગમાં હતી. જે દરમ્યાન ખાનગી બાતમી આધારે ખુશાલ ફળિયામાં ઓટલા પર ખુલ્લી જગ્યામાં પાથરણું પાથરી, ગોળ કુંડાળું કરી લાઈટનાં અજવાળે પૈસા-પાનાથી હારજીતનો જુગાર રમતા ચાર ઈસમોને પોલીસે કોર્ડન કરી દીધા હતા.દાવમાં મૂકેલાં રોકડ રૂા.૩૬૫૦ તથા અંગ ઝડતીમાં મળેલા રૂા.૧૮૩૩૦ મળી કુલ રૂા.૨૧૯૮૦ કબજે લઇ બનાવ અંગે ભીલાડ પોલીસે જુગાર ધારાની કલમ હેઠળ ગુનો નોંધી તમામ ચાર વ્યકિતઓ સામે કાર્યવાહી હાથ ધરી છે

# સરીગામ ઓધવ નગરમાં ગણપતિ દેવની કરવામાં આવેલી પૂજા અર્ચના



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**ઉમરગામ, તા.૧૨:** સરીગામ ઓધવ નગરમાં દર વર્ષની જેમ આ વર્ષે વિઘ્નહર્તા ગણપતિ ભગવાનની પૂજા અર્ચના કરવામાં આવી હતી. ગણેશ ચતુર્થીના સ્થાપના દિવસે ઓધવ નગર મિત્ર મંડળ દ્વારા પૂજા વિધિ સાથે સ્થાપના કરવામાં આવી હતી. ત્યારબાદ દરેક દિવસે ભજન કીર્તનનું આયોજન કરી સમગ્ર વાતાવરણ ભક્તિમય બનાવી દીધું હતું. આ કાર્યક્રમ દરમ્યાન સ્થાપનાના ચોથા દિવસે સુંદર કાંડનું પ્રોગ્રામ કરવામાં આવેલા આયોજન ભારે આકર્ષણ જણાવ્યું હતું. તદુપરાંત દરેક દિવસે મંડળના યુવાન સભ્યો અને દાતાશ્રી સહયોગથી મહાપ્રસાદનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. આ મહાપ્રસાદમાં ૩ હજારથી વધુ ભક્તોએ મેહાપ્રસાદનો લાભ લીધા હતા સરીગામ ઓધવ નગર મિત્ર મંડળ દ્વારા ગણપતિ ભગવાનની સ્થાપના બાદ પાંચ દિવસ પૂજા અર્ચના કરી સરીગામ તળાવ ખાતે ગણપતિ બાપા મોરિયા અને અગલે બરસ લવ કરયાના નારા અને ડીજેના ગાજ વાજ સાથે વિસર્જન કરવામાં આવ્યું હતું.

Friday 13, September 2024
દમણગંગા ટાઇમ્સ
DAMANGANGA TIMES

# અન્ય સમાચારો

દમણગંગા ટાઇમ્સ
EDITORIAL: DAMANGANGA TIMES
Friday 13, September 2024

## જળવાયુ વિસ્થાપનનો ખતરો

પનામા જળવાયુ પરિવર્તનના ખતરાને કારણે પોતાના દ્વીપીય સમુદાયને સ્થાનાંતરિત કરનારો વિશ્વનો પહેલો દેશ બની ગયો છે. અસલમાં પનામાના કેરેબિયન સાગરમાં સ્થિત 'ગાર્ડી સુગદુબ' દ્વીપ પર વસેલા એક હજારથી વધારે 'ગુના' સમુદાયના લોકો વધતા સમુદ્રી જળસ્તર અને તેનાથી પેદા થયેલ પૂર અને જળપ્લાવનના ગંભીર ખતરાનો સામનો કરી રહ્યા હતા. જળવાયુ પરિવર્તનને કારણે સંકટમાં પડેલી તેમની સંસ્કૃતિ, આજીવિકા અને જીવનશૈલીની સુરક્ષા તથા સંરક્ષણ સુનિ?િત કરવાના ઉદ્દેશ્યથી તેમને મુખ્ય ભૂમિ પર સ્થાનાંતરિત કરીને નવનિર્મિત ઘરોમાં વસાવવામાં આવ્યા. આ ઘટના વૈશ્વિક સ્તર પર જળવાયુ પરિવર્તનને કારણે થઈ રહેલ માનવીય સ્થાનાંતરણ અને વિસ્થાપનની સમસ્યા તરફ ધ્યાન ખેંચે છે. આ એ વાતની પણ પુષ્ટિ કરે છે કે જળવાયુ પરિવર્તનનો સામનો કરવા માટે સંગઠિત પગલાં ભરવાની જરૂર છે, કારણ કે એવી ઘટનાઓની આવૃત્તિ વધવાની આશંકા છે. જળવાયુ પરિવર્તનને કારણે વિસ્થાપનની આ કોઈ પહેલી ઘટના નથી. પરંતુ એવું પહેલી વાર થયું છે, જ્યારે જળવાયુ પરિવર્તનને કારણે એક દ્વીપના તમામ નિવાસીઓને સ્થાનાંતરિત થવું પડ્યું છે. જળવાયુ પરિવર્તન અને માનવીય વિસ્થાપન વચ્ચે ઘનિષ્ઠ સંબંધ છે. જળવાયુ પરિવર્તનને કારણે પેદા થનારી ચરમ હવામાન ઘટનાઓ લાખો લોકોને પોતાના ઘરો છોડવા માટે મજબૂર કરે છે. આંતરરાષ્ટ્રીય વિસ્થાપન નિરીક્ષણ કેન્દ્ર અનુસાર વર્ષ ૨૦૦૮થી ૨૦૨૨ વચ્ચે જળવાયુ વિસ્થાપનની ઘટનાઓમાં ૪૧ ટકાની વૃદ્ધિ નોંધવામાં આવી છે. એવી લગભગ ૯૮ ટકા ઘટનાઓ પૂર, તોફાન અને દુકાળ જેવી હવામાન સંબંધી ખતરાને કારણે થઈ છે. આજ વર્ષે એપ્રિલ-જૂનમાં બ્રાઝિલમાં આવેલ પૂરને કારણે ઓછામાં ઓછા ૩.૮૬ લાખ લોકો વિસ્થાપિત થયા હતા. વિશ્વ પ્રવાસન રિપોર્ટ-૨૦૨૪ દર્શાવે છે કે જળવાયુ પરિવર્તન ૨૦૫૦ સુધી ૨૧.૬ કરોડ લોકોને પોતાના દેશની અંદર જ સ્થાનાંતરિત થવા માટે મજબૂર કરશે. જળવાયુ પરિવર્તન અને ગ્લોબલ વૉર્મિંગના દુષ્પ્રભાવોને કારણે પોતાના ઘરો અને સમુદાયોને છોડનારા લોકો માટે ૧૯૭૬માં લેસ્ટર બ્રાઉને સર્વપ્રથમ 'પર્યાવરણ શરણાર્થી' શબ્દ પ્રસ્તુત કર્યો હતો. બાદમાં તેના માટે 'જળવાયુ શરણાર્થી' શબ્દાવલીનો પણ ઉપયોગ થવા લાગ્યો. જળવાયુ શરણાર્થીઓને ખાદ્ય અને જળ અસુરક્ષા, એકલતા, આજીવિકાનો ખતરો, સંઘર્ષ, ઉત્પીડન અને બીમારી વગેરેનો સામનો કરવો પડે છે. સાથે જ આંતરરાષ્ટ્રીય સીમાઓને પાર અને ભીતર થનારો તેમનો પ્રવાહ રાષ્ટ્રીય સુરક્ષા માટે ખતરો પેદા કરે છે. એકંદરે જળવાયુ પરિવર્તનની દિશામાં ઠોસ પગલાં ઉઠાવીને જ એવા મામલે ઘટાડો લાવી શકાય છે.

## ચીને ભારતનો ૪,૦૦૦ ચો.કિમી પ્રદેશ હડપ કર્યો છે: રાહુલ ગાંધી

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૧૨: અમેરિકાની યાત્રા પર ગયેલા કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ નરેન્દ્ર મોદી સરકાર પર પ્રહાર ચાલુ રાખતાં વોશિંગ્ટનમાં દાવો કર્યો હતો કે સરકાર ચીન સંઘર્ષના મુદ્દાનો સામનો કરવામાં નિષ્ફળ ગઈ છે અને પડોશી દેશના લશ્કરી દળોએ ભારતનો ૪,૦૦૦ ચોરસ કિલોમીટર વિસ્તાર હડપ કરી લીધો છે, જે આપત્તિજનક છે. રાહુલ ગાંધી યુએસ કેપિટોલ (સંસદભવન)માં સાંસદોના એક ગ્રૂપને મળ્યાં હતા અને વિવિધ મુદ્દાની ચર્ચાવિચારણા કરી હતી. આની સાથે સાથે વિપક્ષના નેતાએ સંકેત આપ્યો કે કોંગ્રેસ અમેરિકા ખાતેના સંબંધો, આતંકવાદનો અંત ન આવે ત્યાં સુધી પાકિસ્તાન સાથે કોઈ વાતચીત નહીં, બાંગ્લાદેશમાં કટ્ટરવાદી તત્વો અંગેની ચિંતા જેવા વિદેશ નીતિના મુખ્ય મુદ્દાઓ સાથે ભાજપ સરકાર સાથે સંમત છે. મંગળવારે પ્રતિષ્ઠિત નેશનલ પ્રેસ ક્લબ ખાતે એક પ્રેસ કોન્ફરન્સમાં રાહુલ ગાંધીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે તેઓ ભારતના આંતરિક મામલામાં અમેરિકાની કોઈ ભૂમિકા ઈચ્છતા નથી. ચીન અંગેના સવાલના જવાબમાં તેમણે જણાવ્યું હતું કે અમારા ૪,૦૦૦ ચોકિમી પ્રદેશમાં ચીનના સૈનિકોનો કબજો છે. ચીનના લશ્કરી દળોએ લદ્દાખમાં દિલ્હીના કદનો વિસ્તાર હડપ કરી લીધો છે. મને લાગે છે કે તે આપત્તિજનક છે. મીડિયાને તેના વિશે લખવાનું પસંદ નથી. જો કોઈ પાડોશી તમારા પ્રદેશના ૪,૦૦૦ ચોરસ કિલોમીટર પર કબજો કરે તો અમેરિકા કેવી પ્રતિક્રિયા આપશે? શું કોઈ પણ પ્રમુખ એમ કહીને છટકી શકશે કે તેમણે તે મુદ્દાનો સારી રીતે સામનો કર્યો છે? તેથી મને નથી લાગતું કે મોદીએ ચીનને સારી રીતે હેન્ડલ કર્યું છે. મને લાગે છે કે ચીનના સૈનિકો આપણા વિસ્તારમાં અડ્ડો જમાવે તેનું કોઈ કારણ નથી. યુ.એસ.ની ચાર દિવસની બિનસત્તાવાર મુલાકાતે રહેલા કોંગ્રેસ નેતાએ જણાવ્યું હતું કે પાકિસ્તાન અમારા દેશોમાં ત્રાસવાદીની ઉશ્કેરણી કરે છે. પાકિસ્તાન અમારા દેશમાં આતંકવાદી કૃત્યો કરે તેને અમે સ્વીકારી શકીએ નહીં. અમે તેને સ્વીકારવાના નથી. પાકિસ્તાન આવું ચાલુ રાખશે ત્યાં સુધી બંને દેશો વચ્ચે સમસ્યા રહેશે. કાશ્મીર મુદ્દો દક્ષિણ એશિયાના બે દેશોને વાતચીતથી દૂર કરી રહ્યો છે તેવા સવાલનો તેમણે નકારમાં જવાબ આપ્યો હતો.

### ડ્રગ્સ પેડલરો માટે ગુજરાત બન્યુ આર્શિવાદરૂપ

## અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે સરખેજ વિસ્તારમાંથી ૧ કરોડનું ડ્રગ્સ ઝડપ્યું

(સંપૂર્ણ સમાચાર સેવા)

અમદાવાદ, તા.૧૨: રાજ્યનું યુવાધન ડ્રગ્સના રવાડે ચડી ગયું છે. દર બીજા દિવસે રાજ્યમાંથી લાખો-કરોડોનું ડ્રગ્સ ઝડપાય છે. એમાં પણ ખાસ કરીને અમદાવાદ, સુરત, વડોદરા જેવા મોટા શહેરોમાં ડ્રગ્સ સરળતાથી ઉપલબ્ધ થઈ રહ્યું છે. ડ્રગ્સ પેડલરો માટે ગુજરાતનો દરિયો આર્શિવાદ બન્યો છે. આ ઉપરાંત રોડ માર્ગે પણ ડ્રગ્સ સહિતના નશીલા પદાર્શો ગુજરાતમાં ઘુસાડવાના પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. ત્યારે આજે અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે સરખેજ વિસ્તારમાં ૧ કરોડનું ડ્રગ્સ ઝડપી પાડ્યું છે. અમદાવાદમાં ડ્રગ્સનો સૌથી વધુ ઉપયોગ થાય છે, અમદાવાદ ડ્રગ્સ પેડલરોનું મોટું નેટવર્ક પથરાયેલું છે. દરરોજ લાખો-કરોડોનું ડ્રગ્સ સપ્લાય કરવામાં આવે છે. ડ્રગ્સના દૂષણને નાથવા માટે અમદાવાદ પોલીસ અને ક્રાઈમ બ્રાન્ચ સહિતની ટીમો સતત પ્રયાસ કરી રહી છે. ત્યારે ફરી એકવાર અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચને ૧ કરોડનું ડ્રગ્સ જપ્ત કરવામાં સફળતા પ્રાપ્ત થઈ છે.

ક્રાઈમ બ્રાન્ચે આસિમ હુસેન સૈયદ અને વિષ્ણુવાદી નામના બે આરોપીઓની ધરપકડ કરી છે, જ્યારે ડ્રગ્સ પહોંચાડનાર અતિક નામનો આરોપી ફરાર થઈ ગયો હતો. ક્રાઈમ બ્રાન્ચની તપાસમાં જાણવા મળ્યું છે કે જયપુર-રતલામ રૂટથી અમદાવાદમાં ડ્રગ્સનો જથ્થો ઘુસાડવામાં આવી રહ્યો હતો. ડ્રગ્સ માફિયાએ આ વખતે નવી જ તરકીબ અપનાવી હતી. આ તરકીબ જોઈને ભલભલા અચંબિત થઈ જાય. કોઈએ પણ વિચાર્યું ન હોય એમ ઈકો ગાડીના ટાયરમાં ડ્રગ્સનો જથ્થો સંતાડવામાં આવ્યો હતો. ક્રાઈમ બ્રાન્ચે ઈકો ગાડીની તલાશી લેતાં ટાયર ખોલીને જોયું તો ઘટનાસ્થળે હાજર સ્ટાફ અચંબામાં મુકાઈ ગયો હતો.

## ઉધમપુરમાં સેનાએ ત્રણ આતંકવાદીઓને ઠાર માર્યા

## ચૂંટણી પૂર્વે જમ્મુ-કાશ્મીરમાં પાકિસ્તાને યુદ્ધવિરામનો ભંગ કર્યો

**જમ્મુ-કાશ્મીર વિધાનસભા ચૂંટણીના પ્રથમ તબક્કા માટે ૧૮મી સપ્ટેમ્બરે મતદાન થશે**

(સંપૂર્ણ સમાચાર સેવા)

જમ્મુ-કાશ્મીર, તા.૧૨: જમ્મુ-કાશ્મીર વિધાનસભા ચૂંટણીના પ્રથમ તબક્કા માટે ૧૮મી સપ્ટેમ્બરે મતદાન થશે. તેના સાત દિવસ પહેલા ઉધમપુરમાં એન્કાઉન્ટર અને યુદ્ધવિરામનો ભંગ થયો છે. જમ્મુ-કાશ્મીરના અખનૂરમાં ૧૦-૧૧ સપ્ટેમ્બર દરમિયાનની મોડી રાત્રે ૨-૩૫ કલાક પાકિસ્તાનના જવાનોએ સરહદ પર યુદ્ધવિરામનો ભંગ કર્યો હતો. જોકે, વળતા પ્રહારમાં બીએસએફના જવાનોએ ફાયરિંગ કર્યું હતું. ફાયરિંગમાં બીએસએફનો એક જવાન ઘાયલ થયો છે. આ સિવાય, જમ્મુ-કાશ્મીરના ઉધમપુરમાં સુરક્ષા દળો સાથેની જૂથ અથડામણમાં ત્રણ આતંકવાદી ઠાર થયા છે. ભારતીય સૈન્યે જણાવ્યું કે આર્મીના ફર્સ્ટ પેરાના જવાનોને બુધવારે સવારે ઉધમપુરના ખંડરા ટોપના જંગલોમાં ત્રણેક આતંકવાદી છુપાયા હોવાની માહિતી મળી હતી. ત્યાર પછી પોલીસ સાથે મળીને સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતુ. બપોરે ૧૨-૫૦ કલાકે આતંકવાદીઓએ જવાનો પર ફાયરિંગ કર્યુ હતું. જોકે, ત્વરિત જવાબી કાર્યવાહીના ભાગરુપે સૈન્યના જવાનોએ પણ ફાયરિંગ કર્યુ હતું. લગભગ ચાર કલાક સુધી ચાલેલી જૂથ અથડામણમાં સુરક્ષા દળોએ ત્રણ આતંકવાદીઓને ઠાર કર્યા હતા. બોર્ડર સિક્યોરિટી ફોર્સ (બીએસએફ)ના પ્રવક્તાએ જણાવ્યું કે, જવાબી કાર્યવાહીમાં પાકિસ્તાનને થયેલા નુકસાનની હમણાં સુધી કોઈ જાણકારી નથી. આ ઘટના પછી બીએસએફના જવાનો બોર્ડર પર ચુસ્ત દેખરેખ રાખી રહ્યા છે. સુરક્ષા દળોને એલર્ટ મોડ પર રાખવામાં આવ્યા છે. અહીંયા નોંધવું રહ્યું કે, ભારત-પાકિસ્તાનની વચ્ચે ૨૦૨૧માં યુદ્ધવિરામ કરાર રિન્યુ થયો હતો. આ અંતર્ગત બંને દેશોએ જાહેરાત કરી હતી કે એ જમ્મુ-કાશ્મીર અને અન્ય ક્ષેત્રોમાં એલઓસી પર યુદ્ધવિરામ પર તમામ કરારનું ચુસ્ત રીતે પાલન કરશે, પરંતુ પાકિસ્તાને ફરી એક વાર અવળચંડાઈ કરી છે.

## વડાપ્રધાન મોદી ૧૬-૧૭ સપ્ટેમ્બરે આમદાવાદમાં

(સંપૂર્ણ સમાચાર સેવા)

અમદાવાદ,તા.૧૨

શહેરમાં ૧૬ અને ૧૭ સપ્ટેમ્બરે વડાપ્રધાન મોદીનો પ્રવાસ અને બે મોટા તહેવારો હોવાથી શહેર પોલીસને ખાસ બંદોબસ્તમાં ગોઠવી દેવાશે. જેમાં શહેરના કુલ ૧૨ હજાર પોલીસ કર્મચારીઓ ખડેપગે રહેશે. આ વખતે SRP અને બીજી ફોર્સ અન્ય રાજ્યમાં ચૂંટણી હોવાથી બહાર ગઈ છે.ત્યારે અમદાવાદ શહેરની તમામ પોલીસને આ મહત્ત્વના દિવસોમાં બંદોબસ્તમાં રોકવામાં આવી છે.સિનિયર અધિકારીઓની માગ અમદાવાદ પોલીસ તરફથી કરવામાં આવી હતી. જેમાં ચાર DCP અને ચાર ASPને અમદાવાદ માટે ફાળવવામાં આવ્યા છે.

આ અંગે અમદાવાદ શહેર પોલીસ દ્વારા તમામ તૈયારીઓ કરી દેવામાં આવી હોવાની વિગત શહેર પોલીસ કમિશનર દ્વારા જણાવવામાં આવી છે. શહેરના પૂર્વ વિસ્તારમાં ૧૬ સપ્ટેમ્બરે વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો GMDC ગ્રાઉન્ડમાં કાર્યકર્તાઓ સાથેનો કાર્યક્રમ યોજાનાર છે. જેમાં અંદાજે અઢી હજાર જેટલા પોલીસ કર્મચારીઓને નિયુક્ત કરવામાં આવ્યા છે. આ જ દિવસે અમદાવાદ શહેરમાં પૂર્વ વિસ્તારમાં કેટલીક જગ્યાએ ઈદ-એ-મિલાદના જુલુસ નીકળવાના છે. આ જુલુસ દરમિયાન પણ ખાસ વ્યવસ્થા પોલીસ દ્વારા કરવામાં આવી છે.

શહેરમાં ઝોન ૨, ઝોન ૩, ઝોન ૫ અને ૬માં સ્થાનિક પોલીસની સાથે અન્ય જગ્યાની પોલીસ પણ ફાળવવામાં આવશે.

અધિકારી સુત્રોના જણાવ્યા પ્રમાણે શહેરમાં અંદાજે ૧૨ હજાર જેટલા પોલીસ કર્મચારીઓ ફરજ બજાવે છે અને આ બે દિવસ તમામ પોલીસ શહેરમાં ખાસ બંદોબસ્તમાં હાજર રહેશે. અમદાવાદ શહેર પોલીસ કમિશનર જીએસ મલિકે મીડિયાને જણાવ્યું હતું કે, આ મામલે અમે તૈયારીઓ કરી લીધી છે અને કેટલોક વધારાનો સ્ટાફ માગવામાં આવ્યો છે જે અમને મળી ગયો છે. ચાર ડીસીપી અને ચાર એએસપી કક્ષાના અધિકારીઓ આ બે દિવસ અમદાવાદ શહેર પોલીસ સાથે કામ કરશે. બીજી તરફ SRP અને અન્ય ફોર્સ હાલ અન્ય રાજ્યમાં છે અને રાજ્યમાં બીજી જગ્યાએ પણ તહેવારો હોવાથી અમદાવાદ પોલીસનો સૌથી વધુ ઉપયોગ કઈ રીતે થાય તેનું આયોજન કરી દેવામાં આવ્યું છે.

૧૭મી સપ્ટેમ્બરે અમદાવાદ શહેરમાં ગણેશ વિસર્જન થવાનું છે.આ સમગ્ર વ્યવસ્થાને સિનિયર અધિકારીઓ દ્વારા મોનિટરિંગ અને વ્યવસ્થા સાથે જોડવામાં આવશે. ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન દ્વારા મેટ્રો રેલ નેટવર્કના બીજા તબક્કાનો પ્રારંભ થવા જઈ રહ્યો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે મેટ્રો રેલના બીજા તબક્કાના રૂટનો ૧૬ સપ્ટેમ્બરે સેક્ટર-૧થી શુભારંભ કરવામાં આવશે.

## વડોદરામાં પૂરગ્રસ્તો માટે સરકારે કરી રોકડ સહાયની જાહેરાત

**રૂપિયા ૨૫,૦૦૦ થી માંડીને ૮૫,૦૦૦ હજાર સુધીની રોકડ સહાય આપવાની જાહેરાત કરવામાં આવી**

(સંપૂર્ણ સમાચાર સેવા)

ગાંધીનગર, તા.૧૨: તાજેતરમાં વડોદરામાં ખાબકેલા વરસાદના લીધે પૂરની સ્થિતિ સર્જાઇ હતી. જેના લીધે વડોદરાના રહીશોની ઘરવખરીથી માંડીને વેપાર-વાણિજ્ય ભારે નુકસાન વેઠવાનો વારો આવ્યો છે. ત્યારે ધંધા રોજગાર પુનઃ ધમધમતા થાય અને આર્થિક રીતે મદદ થવાના હેતુથી રાજ્ય સરકારે મોટો નિર્ણય લેતાં ૫,૦૦૦થી માંડીને ૮૫,૦૦૦ હજાર સુધીની રોકડ સહાય આપવાની જાહેરાત કરી છે.

રાજ્ય સરકાર દ્વારા અલગ-અલગ પેકેજ તૈયાર કરવામાં આવ્યા છે, જેમાં લારી ધારકોથી માંડીને માસિક ૫ લાખથી વધુનું ટર્નઓવર કરતાં વેપારીઓનો સમાવેશ કરવામાં આવ્યો છે.

વડોદરાના પૂર અસરગ્રસ્તોના પુનઃ વસવાટ અને ધંધા રોજગારને પુનઃ કાર્યાન્વિત કરવા માટે રાજ્ય સરકારે મુખ્યમંત્રી રાહત નિધિમાંથી આર્થિક તેમજ પુનઃવસન સહાય આપવાનો મહત્ત્વપૂર્ણ નિર્ણય કર્યો છે.

સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલા રાહત પેકેજમાં નાના લારીધારકને ૫,૦૦૦ સુધીની રોકડ સહાય જ્યારે પાકી દુકાન ધરાવતા લોકોને ઉચ્ચક રૂ. ૮૫,૦૦૦ રોકડ સહાય જાહેર કરી છે.

- લારી/રેકડી ધારકને ઉચ્ચક રૂ. ૫,૦૦૦ ની રોકડ સહાય
- ૪૦ સ્ક્વેર ફૂટ સુધીની નાની સ્થાયી કેબિન ધારકને ઉચ્ચક રૂ. ૨૦,૦૦૦ ની રોકડ સહાય
- ૪૦ સ્ક્વેર ફૂટથી મોટી કેબિન ધારકને ઉચ્ચક રૂ. ૪૦,૦૦૦ ની રોકડ સહાય
- નાની અને મધ્યમ કક્ષાની પાકી દુકાન ધારકને ઉચ્ચક રૂ. ૮૫,૦૦૦ રોકડ સહાય
- માસિક ટર્નઓવર રૂ. ૫ લાખથી વધુ હોય તેવી મોટી દુકાનના ધારકને રૂ. ૨૦ લાખ સુધીની લોન પર ૩ વર્ષ સુધી વ્યાજસહાય ૭% ના દરે રૂ. ૫ લાખની મર્યાદામાં આપવામાં આવશે.

## ભૂસ્ખલનમાં પરિવાર ગુમાવ્યો, હવે કાર અકસ્માતમાં પતિનું મોત...

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૧૨: દુઃખદ ઘટનાઓ પર શોક વ્યક્ત કરતા કેરળના મુખ્યમંત્રી પિનરાઈ વિજયને જેન્સન અને શ્રૃતિના પરિવાર પ્રત્યે સંવેદના વ્યક્ત કરતા કહ્યું, "આ સમાચાર ખૂબ જ દુઃખદ છે. આફતોના કારણે થયેલા નુકસાનની ભરપાઈ કોઈ કરી શકે નહીં."જુલાઈ મહિનામાં કેરળના વાયનાડ જિલ્લામાં થયેલા વિનાશક ભૂસ્ખલનમાં સેંકડો લોકોએ જીવ ગુમાવ્યા હતા. ભૂસ્ખલન સમયે અનેક પરિવારો ઉખડી ગયા હતા અને માતમ જેવો માહોલ સર્જાયો હતો. આ લોકોમાં શ્રૃતિ (૨૪)નો સમાવેશ થાય છે, જેણે પોતાનો આખો પરિવાર ગુમાવ્યો હતો અને હવે તે મુશ્કેલ સમયમાંથી પસાર થઈ રહી છે. બુધવારે શ્રુતીને વધુ એક મોટો આઘાત લાગ્યો જ્યારે તેની મંગેતર જેન્સનનું કાર અકસ્માતમાં મૃત્યુ થયું.ડૉ. મૂપેન મેડિકલ કૉલેજના પ્રવક્તાએ પુષ્ટિ કરી હતી કે અકસ્માત દરમિયાન થયેલી અનેક ઈજાઓને કારણે જેન્સન ગંભીર રીતે ઘાયલ થયો હતો અને રાત્રે ૮:૫૦ વાગ્યે તેનું મૃત્યુ થયું હતું. પીટીઆઈના અહેવાલ મુજબ, ડોકટરોએ જણાવ્યું કે તેના નાકમાંથી ઘણું લોહી વહી રહ્યું છે અને તેના મગજમાં આંતરિક ઈજા થઈ છે.મંગળવારે જેન્સનને અકસ્માત થયો હતો જ્યારે તેની કાર ખાનગી બસ સાથે અથડાઈ હતી. કારમાં હાજર શ્રૃતિ અને જેન્સનના પરિવારના ઘણા સભ્યો ઘાયલ થયા હતા. મેડિકલ સ્ટાફના પ્રયત્નો છતાં જેન્સનને બચાવી શકાયો ન હતો.શ્રૃતિના પરિવારના નવ સભ્યો, જેમાં તેના માતા-પિતા (શિવન્ના, સબિતા) અને તેની નાની બહેન શ્રેયાનો સમાવેશ થાય છે, મેપ્પડી પંચાયતના ચુરલમાલા અને મુંડક્કાઈ ગામમાં ૩૦ જુલાઈના રોજ ભૂસ્ખલનમાં મૃત્યુ પામ્યા હતા.

## ચંદ્રચુડના ઘરે પહોંચ્યા વડાપ્રધાન મોદી

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૧૨: વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બુધવારે નવી દિલ્હીના મુખ્ય ન્યાયાધીશ ડીવાય ચંદ્રચુડના નિવાસસ્થાને ગણપતિ પૂજામાં ભાગ લીધો હતો. આ પ્રસંગે પીએમ મોદીએ ભગવાન ગણેશની આરતી પણ કરી હતી. આ પ્રસંગે વડાપ્રધાન નરેન્દ્ર મોદી પરંપરાગત મરાઠી સફેદ ટોપી પહેરેલા જોવા મળ્યા હતા. તમને જણાવી દઈએ કે આ વર્ષે ગણપતિ ઉત્સવ ૭ સપ્ટેમ્બરથી શરૂ થયો છે. આ ઉત્સવ ૧૬ સપ્ટેમ્બર સુધી ચાલશે.

સમગ્ર દેશ ૧૦ દિવસીય ગણપતિ ઉત્સવની ધામધૂમથી ઉજવણી કરી રહ્યો છે. મુંબઈ અને દિલ્હી સહિત દેશના વિવિધ શહેરોમાં ગણેશ પૂજાનું આયોજન કરવામાં આવ્યું છે. પીએમ મોદીએ નવી દિલ્હીમાં મુખ્ય ન્યાયાધીશના નિવાસસ્થાને આયોજિત ગણેશ પૂજામાં ભાગ લીધો હતો.

પીએમ મોદીએ સોશિયલ સાઈટ ઠ પર ગણેશ પૂજાની તસવીર પોસ્ટ કરી અને લખ્યું કે ભગવાન શ્રી ગણેશ આપણા બધાને સુખ, સમૃદ્ધિ અને સારું સ્વાસ્થ્ય પ્રદાન કરે. એક વીડિયોમાં ચીફ જસ્ટિસ ડીવાય ચંદ્રચુડ અને તેમની પત્ની કલ્પના દાસ પીએમ મોદીનું તેમના ઘરે સ્વાગત કરતા જોવા મળ્યા હતા. ત્યારબાદ મોદી તેમના નિવાસસ્થાને પૂજા કરતા જોવા મળ્યા હતા.

વડા પ્રધાન નરેન્દ્ર મોદી મુખ્ય ન્યાયાધીશ ડીવાય ચંદ્રચુડના નિવાસસ્થાને પહોંચ્યા અને ગણપતિ પૂજામાં ભાગ લીધો. ઝર્તૈ ચંદ્રચુડ અને તેમની પત્નીએ મરાઠી ટોપી પહેરીને વડાપ્રધાનનું સ્વાગત કર્યું. પીએમ મોદીએ આધ્યાત્મિક વાતાવરણમાં ભગવાન ગણેશની આરતી પણ કરી હતી.

હાલમાં દેશભરમાં ૧૦ દિવસીય ગણેશ ઉત્સવની ઉજવણી કરવામાં આવી રહી છે. આ તહેવાર આ વર્ષે ૭ સપ્ટેમ્બરથી ૧૬ સપ્ટેમ્બર સુધી ચાલશે. આ તહેવાર મુંબઈ અને મહારાષ્ટ્રના અન્ય ભાગોમાં ભવ્ય શોભાયાત્રા, સાંસ્કૃતિક પ્રદર્શન અને રંગબેરંગી ઉત્સવો સાથે ઉજવવામાં આવે છે. ગણપતિ ઉત્સવ નિમિત્તે મંદિરો અને મંડળો દ્વારા ભવ્ય શણગાર કરવામાં આવે છે.

આ પહેલા બુધવારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં કેન્દ્રીય કેબિનેટની બેઠક મળી હતી. આ બેઠકમાં, હવે આયુષ્માન ભારત પ્રધાન મંત્રી જન આરોગ્ય યોજના (છમ્-સ્ત્નછરૂ) હેઠળ ૭૦ વર્ષ અને તેથી વધુ વયના સિનિયર સિટીઝનને સ્વાસ્થ્ય વીમો આપવાના પ્રસ્તાવને મંજૂરી આપવામાં આવી હતી.

આયુષ્માન ભારત પ્રધાન મંત્રી જન આરોગ્ય યોજના હેઠળ, ૫ લાખ રૂપિયાની મફત આરોગ્ય વીમા સુવિધા આપવામાં આવે છે. તેનો ઉદ્દેશ લગભગ ૪.૫ કરોડ પરિવારોને લાભ આપવાનો છે. જેમાં છ કરોડ સિનિયર સિટીઝનનો સમાવેશ થાય છે.

## પેરિસ પેરાલિમ્પિકના ખેલાડીઓ સાથે પીએમ મોદીની મુલાકાત

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૧૨: વડાપ્રધાન નરેન્દ્ર મોદી તેમના નિવાસસ્થાને પેરિસ પેરાલિમ્પિક્સમાં ભાગ લેનારા ખેલાડીઓને મળ્યા હતા. આ દરમિયાન વડાપ્રધાન મોદીએ રમતગમતમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરવા બદલ ખેલાડીઓને અભિનંદન પાઠવ્યા હતા. ભારતે પેરિસ પેરાલિમ્પિક ગેમ્સમાં સાત ગોલ્ડ, નવ સિલ્વર અને ૧૩ બ્રોન્ઝ મેડલ સહિત કુલ ૨૯ મેડલ જીત્યા છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી તેમના નિવાસસ્થાને પેરિસ પેરાલિમ્પિક્સમાં ભાગ લેનારા ખેલાડીઓને મળીને શાનદાર પ્રદર્શન માટે શુભેચ્છા પાઠવી હતી. ભારતને પેરિસ પેરાલિમ્પિક ગેમ્સમાં કુલ ૨૯ મેડલ જીત્યા છે. સ્પોર્ટ્સ મિનિસ્ટ્રી દ્વારા શેર કરવામાં આવેલા વીડિયોમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી મેડલ વિજેતાઓ સાથે વાત કરતા પહેલા અભિનંદન આપતા જોવા મળે છે. આ દરમિયાન ખેલાડીઓએ વડાપ્રધાનને ખાસ વસ્તુઓ ભેટમાં આપી હતી. પેરાલિમ્પિક સુવર્ણ ચંદ્રક વિજેતા અવની લેખારાએ વડાપ્રધાન મોદીને સાઈન કરેલી ભારતીય જર્સી આપી હતી.

પેરિસ પેરાલિમ્પિકમાં ભાગ લેનારા ખેલાડીઓ સાથેની વાતચીત દરમિયાન રમતગમત મંત્રી મનસુખ માંડવિયા અને ભારતીય પેરાલિમ્પિક સમિતિના વડા દેવેન્દ્ર ઝાઝરિયા પણ હાજર હતા. મહિલાઓની ૧૦ મીટર એર રાઈફલમાં સુવર્ણ ચંદ્રક જીતનાર અવની લેખા અને કપિલ પરમાર સહિત અન્ય ખેલાડીઓ સાથે વડાપ્રધાન ફોટો પડાવ્યાં. આ દરમિયાન પરમારે પોતાના મેડલ પર વડાપ્રધાનની સહી પણ લીધી હતી.

ભારતની ૮૪ સભ્યોની ટુકડીએ પેરિસ ગેમ્સમાં ભાગ લીધો હતો, જેણે ત્રણ વર્ષ પહેલાં ટોક્યો ગેમ્સમાં હાંસલ કરેલા ૧૯ મેડલના પ્રદર્શન કરતા આ વખતે સારુ પ્રદર્શન જોવા મળ્યું છે. જેમાં ભારતે પહેલી વખત એથલેટિક્સની ટ્રેક સ્પર્ધામાં મેડલ જીતવા ઉપરાંત, તીરંદાજીમાં પ્રથમ વખત ગોલ્ડ મેડલ જીત્યો છે. આમ ભારતે પેરિસ પેરાલિમ્પિક ગેમ્સમાં સાત ગોલ્ડ, નવ સિલ્વર અને ૧૩ બ્રોન્ઝ મેડલ સહિત કુલ ૨૯ મેડલ જીત્યા છે.

પેરિસથી પરત ફર્યા બાદ ખેલાડીઓનું સરકાર દ્વારા સમ્માન કરવામાં આવી રહ્યું છે. જેમાં માંડવિયા દ્વારા ગોલ્ડ મેડલ વિજાતાને ૭૫ લાખ રૂપિયા, સિલ્વર મેડલ વિજેતાઓને ૫૦ લાખ રૂપિયા અને બ્રોન્ઝ મેડલ વિજેતાઓને ૩૦ લાખ રૂપિયા આપવામાં આવ્યા હતા. મિક્સ્ડ ટીમ ઈવેન્ટ્સમાં રાકેશ કુમાર સાથે કાંસ્ય પદ જીતનાર શીતલ દેવી સહિતના ખેલાડીઓને ૨૨.૫ લાખ રૂપિયાની રકમ અપાઈ છે.

## ખેડૂતો માટે કેન્દ્ર સરકારની મોટી જાહેરાત

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૧૨: ખેડૂતોના હિત માટે ભારત સરકાર દ્વારા સતત પગલાં લેવામાં આવી રહ્યા છે. કેન્દ્રથી લઈને રાજ્ય સરકારો એવી અનેક યોજનાઓ લઈને આવે છે જેનાથી ખેડૂતોની આર્થિક સ્થિતિ મજબૂત બને. તેમને સશક્ત બનાવવામાં આવે. પછી ભલે તે પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના હોય કે ખેડૂતોને લગતી અન્ય યોજનાઓ હોય. દેશના કરોડો ખેડૂતો આ યોજનાઓનો લાભ લઈ રહ્યા છે. આ વચ્ચે કેન્દ્ર સરકારે ફરી એક વખત ખેડૂતો માટે મોટી જાહેરાત કરી છે. ખેડૂતોની બે વર્ષ જૂની માંગણી થઈ પૂર્ણ થઈ ગઈ છે.

કેન્દ્રીય કૃષિ મંત્રી શિવરાજ સિંહે કહ્યું કે કૃષિ અને ખેડૂત કલ્યાણ વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સર્વોચ્ચ પ્રાથમિકતા છે. ખેડૂતોની સેવા અમારા માટે ભગવાનની પૂજા સમાન છે. છેલ્લા દિવસોમાં મધ્યપ્રદેશના ખેડૂતો ચિંતિત હતા. સોયાબીન એમએસપીથી નીચે વેચાઈ રહ્યું હતું. અગાઉ અમે મહારાષ્ટ્ર અને કર્ણાટક જેવા રાજ્યોને મિનિમમ સપોર્ટ પ્રાઈઝ પર સોયાબીન ખરીદવાની મંજૂરી આપી હતી. ગઈકાલે રાત્રે જ મધ્યપ્રદેશ સરકારનો પ્રસ્તાવ આવ્યો હતો. MSP પર સોયાબીનની ખરીદીના એ પ્રસ્તાવને અમે સ્વીકૃતિ આપી દીધી છે. કૃષિ મંત્રીએ કહ્યું કે મધ્યપ્રદેશના ખેડૂતો પણ ચિંતા ન કરો, સોયાબીનની એમએસપીની જે રેટ છે તેના પર જ ખરીદવામાં આવશે. ખેડૂતોના પરસેવાની પુરી કિંમત આપવામાં આવશે. મધ્યપ્રદેશમાં પણ આ ખરીદી થશે.

### ૭૨ વર્ષની વયે લીધા અંતિમ શ્વાસ

## વરિષ્ઠ CPI(M) નેતા સીતારામ યેચુરીનું નિધન

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી,તા.૧૨: ભારતીય કોમ્યુનિસ્ટ પાર્ટી (માર્કસવાદી)ના વરિષ્ઠ નેતા અને મહાસચિવ સીતારામ યેચુરીનું ગુરુવારે અવસાન થયું. તેમણે ૭૨ વર્ષની વયે અંતિમ શ્વાસ લીધા. તેઓ લાંબા સમયથી બીમાર હતા. તેમને તાજેતરમાં AIIMSમાં દાખલ કરવામાં આવ્યા હતા.

૭૨ વર્ષીય CPI(M)ના નેતા સીતારામ યેચુરીને અગાઉ ૧૯ ઓગસ્ટે AIIMSમાં દાખલ કરવામાં આવ્યા હતા. બાદમાં તેને ICUમાં લઈ જવામાં આવ્યા હતા. ત્યારથી તેમની સારવાર ચાલી રહી હતી. ગુરુવારે ફરી એકવાર તેમની તબિયત લથડી હતી.

સીતારામ યેચુરી કોમ્યુનિસ્ટ પાર્ટી ઓફ ઈન્ડિયા (માર્કસવાદી)ના જનરલ સેક્રેટરી અને પાર્ટીના સંસદીય જૂથના નેતા હતા. તેમનો જન્મ ૧૨ ઓગસ્ટ ૧૯૫૨ના રોજ ચેન્નાઈમાં તેલુગુ ભાષી બ્રાહ્મણ પરિવારમાં થયો હતો. તેમને ૨૦૧૬માં રાજ્યસભામાં શ્રેષ્ઠ સંસદસભ્યનો એવોર્ડ આપવામાં આવ્યો હતો.

### હિંદુ સંગઠનોના ૧૫ દિવસના ઉગ્ર વિરોધ બાદ નિર્ણય

## શિમલા સંજૌલી મસ્જિદનો ગેરકાયદે ભાગ દૂર કરાશે

**મૌલવીનું કહેવું છે કે પરસ્પર પ્રેમ જાળવી રાખવા માટે અમે મસ્જિદનો ગેરકાયદેસર ભાગ હટાવવાનો નિર્ણય કર્યો છે**

(સંપૂર્ણ સમાચાર સેવા)

શિમલા, તા.૧૨: હિમાચલ પ્રદેશના શિમલાના સંજૌલીમાં આવેલી ગેરકાયદેસર મસ્જિદને લઈને ઘણો હોબાળો થયો હતો. મસ્જિદના ગેરકાયદે બાંધકામને લઈને હિંદુ સંગઠનો દ્વારા આંદોલન કરવામાં આવ્યું હતું, જેને ધ્યાનમાં રાખીને મુસ્લિમ મૌલવીનું નિવેદન સામે આવ્યું છે.

મૌલવીનું કહેવું છે કે પરસ્પર પ્રેમ જાળવી રાખવા માટે અમે મસ્જિદનો ગેરકાયદેસર ભાગ હટાવવાનો નિર્ણય કર્યો છે. જો અમને પરવાનગી મળશે, તો અમે તેને જાતે દૂર કરીશું. મુસ્લિમ પક્ષ તરફથી શિમલા મ્યુનિસિપલ કમિશનરને એક પત્ર લખવામાં આવ્યો છે, જેમાં કહેવામાં આવ્યું છે કે હિમાચલ પ્રદેશમાં તમામ ધર્મ અને સમુદાયના લોકો હંમેશા શાંતિ અને ભાઈચારાથી રહે છે. તેથી અમે ઈચ્છીએ છીએ કે શિમલામાં શાંતિ અને સુલેહ-શાંતિ કાયમ પ્રવર્તે. મનપાએ ગેરકાયદે બાંધકામ ગણાતા ભાગને સીલ મારવો જોઈએ. આ મામલો કોર્ટમાં ચાલી રહ્યો છે અને અમે કોર્ટના નિર્ણયનું સન્માન કરીશું. જો અમને પરવાનગી આપવામાં આવે તો અમે મસ્જિદનો ગેરકાયદેસર ભાગને દૂર કરવા તૈયાર છીએ.

ગઈકાલ બુધવારે શિમલા પોલીસે, સંજૌલીમાં ગેરકાયદે મસ્જિદનો વિરોધ કરી રહેલા હિન્દુ પ્રદર્શનકારીઓ પર લાઠીચાર્જ કર્યો હતો. એટલું જ નહીં વિરોધ કરી રહેલા લોકો પર વોટર કેનનનો પણ ઉપયોગ કરવામાં આવ્યો હતો.

હવે સ્થાનિક વેપારીઓ આનાથી ભારે નારાજ જોવા મળી રહ્યા છે. તેના વિરોધમાં સ્થાનિક વેપારીઓએ આજે સવારે ૧૦થી બપોરે ૧ વાગ્યા સુધી પોતાની દુકાનો બંધ રાખવાનો નિર્ણય કર્યો છે. શિમલા ટ્રેડ બોર્ડ હેઠળની શહેરની તમામ દુકાનો બંધ છે.

આ ઉપરાંત સંજૌલી ઉપનગરમાં પણ દુકાન બંધ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. શિમલામાં એકપણ દુકાન ખુલ્લી નથી અને બજાર સંપૂર્ણપણે બંધ છે જેના કારણે લોકોને પણ ઘણી મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. વેપારીઓએ શિમલા લોઅર બજારમાં વિરોધ રેલી કાઢી હતી અને હનુમાન ચાલીસાના પાઠ કરી રહ્યા હતા. તેમજ વહેલી તકે ગેરકાયદેસર બાંધકામ તોડી પાડવાની માંગ કરી રહ્યા છે.

વેપારી મંડળના પ્રમુખ સંજીવ કહે છે કે, ગઈ કાલ બુધવારે લોકો સંજૌલીમાં ગેરકાયદે બાંધકામ તોડી પાડવા માટે વિરોધ કરી રહ્યા હતા અને પોલીસે તેમના પર નિર્દયતાથી લાઠીચાર્જ કર્યો હતો, જે કોઈપણ સંજોગોમાં સહન કરવામાં આવશે નહીં. જેના વિરોધમાં આજે શિમલામાં બજારો અને દુકાનો સદંતર બંધ રાખવામાં આવી રહી છે અને સરકારને વહેલી તકે ગેરકાયદે બાંધકામ તોડી પાડવાની માંગ કરવામાં આવી રહી છે અને જો તેને તોડી પાડવામાં નહીં આવે તો ભવિષ્યમાં ઉગ્ર આંદોલન કરવામાં આવશે.

દમણગંગા ટાઈમ્સ
સામાજીક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, સંસ્થાકિય, રાજકીય, વહીવટ વગેરેને લગતી પ્રેસનોટ અને તસ્વીરો નીચેના સરનામે મોકલાવો
મુખ્ય કાર્યાલય
દમણગંગા ટાઇમ્સ : ને.હા.નં.૮, આશાધામ સ્કૂલ પાછળ, વાપી.
ફોન: ૦૨૬૦- ૨૪૦૧૨૩૫, વોટસએપ નં. ૯૮૨૫૧ ૨૨૫૦૫
ઈમેલ- editor.dgt@gmail.com

Friday 13, September 2024

# દમણગંગા ટાઇમ્સ

BHAVESH
TEMPO SEVICE
PACKERS & MOVERS
BHAVESHBHAI
MO. : 9998050250
9327850050
ઘર સમાન ખાલી કરવા તથા ભરવા લેબર તથા પેકીંગ
101, MAGANLAL RESIDENCY, NR. SULABH APPT.
TITHAL CROSS ROAD, VALSAD. PH. NO. 02632-250050

## વાપીના ગૌરવપથને જાહેર સ્નાનાગારમાં ફેરવાતો રોકો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**વાપી, તા.૧૨:** વાપી કોપરલી રોડ ઉપર આવેલ શ્યામજી કૃષ્ણવર્મા સર્કલે વાપી નગરપાલિકા દ્વારા પાણી વિતરણ માટેનો નળ લગાવવામાં આવેલ છે જેનો કેટલાક બાળકો દુરુપયોગ કરી રહ્યા છે અહીં રાત દિવસ કેટલાક બાળકો જાહેરમાં નિવસ્ત્ર થઈ આ નળના પાણીથી નાહતા હોય છે જેને કારણે અહીંથી પસાર થતાં રાહદારીઓ મહિલાઓ યુવતીઓ અને સ્થાનિક લોકોની લાગણી દુભઈ જવા પામે છે. જેને ધ્યાને લઈ તાત્કાલિક વાપી નગરપાલિકાના વહીવટી તંત્ર દ્વારા યોગ્ય પગલાં લઈ અહીં પાણીના જોડાણ માટેનું આપવામાં આવેલ નળ પર લોક લગાવે અથવા તો તેને કાયમી ધોરણે બંધ કરી નાખવાની જરૂર છે. કારણ કે અહીં ઉનાળો, શિયાળો કે ચોમાસુ હોય નળ કાયમી ચાલુ જ રહે છે અને પાણીનો બગાડ થઈ રહ્યો છે સાથે રસ્તા પર પાણી ફરી વળતા અહીંથી પસાર થતાં રાહદારીઓના કપડા પણ ઘણી વખત બગડી જતા હોય છે તો તાત્કાલિક આ અંગે વાપી નગરપાલિકાનું વહીવટી તંત્ર દ્વારા કાર્યવાહી હાથ ધરાય તેવી સ્થાનિક દુકાનદારો તેમજ રાહદારીઓ કરી રહ્યા છે.

## ગોઈમામાં યુવતીએ ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**પારડી, તા.૧૨:** પારડી તાલુકાના ગોઈમા ગામમાં રહેતી ૨૨ વર્ષીય યુવતી પોતાના ઘરે કોઈ આગમ્ય કારણસર ગળે ફાંસો ખાય આત્મહત્યા કરી હતી અને પોતાનું જીવન ટૂંકાવ્યું હતું. અહીં ગોઈમા ગામમાં આમલી ફળિયામાં રહેતા અસ્મિતાબેન સુમનભાઈ ધોડિયા પટેલ ઉંમર વર્ષ ૨૨ પોતાના ઘરે લોખંડની એંગલ સાથે ઓઢણી વડે ગળે ફાંસો ખાઈ જઈ આત્મહત્યા કરી હતી અને પોતાનું જીવન ટૂંકાવ્યું હતું. કોઈ અગમ્ય કારણોસર અસ્મિતાબેને આત્મહત્યા કરી લેતા ઉપરોક્ત બનાવ અંગેની હકીકત પારડી પોલીસ મથકમાં દિનેશભાઈ ચંદુભાઈ પટેલે જાણ કરી હતી. જેથી પારડી પોલીસે અકસ્માત મોત દાખલ કરી આ બાબતની વધુ તપાસ ધરી છે.

### મારુતિ નવયુગ મિત્ર મંડળ દ્વારા

## પારનેરા પારડીમાં ઈકો ફ્રેન્ડલી શ્રીજીની સ્થાપના કરાઈ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**વલસાડ,તા.૧૨:** પારનેરા પારડી ગામે મારુતિ નવયુવક મિત્ર મંડળ દ્વારા પર્યાવરણને ધ્યાનમાં રાખી પીઓપીની ગણપતિ બાપાની મૂર્તિના બદલે યુવાનોએ ઈકો ફ્રેન્ડલી ગણપતિ બાપાની મૂર્તિની સ્થાપના કરી હતી.

આમ તો બજારમાં માટી અને પ્લાસ્ટર ઓફ પેરેસની મૂર્તિઓ વેચાતી હોય છે. પ્લાસ્ટર ઓફ પેલેસની મૂર્તિઓનું નદી દરિયામાં વિસર્જન કરાયા બાદ મૂર્તિઓ ઓગળતી ન હોવાના કારણે કિનારે આવી રઝળતી હાલતમાં જોવા મળતી હોય છે. પ્લાસ્ટર ઓફ પેરિસની મૂર્તિ પર્યાવરણને નુકસાન કરતી હોય છે તેમ છતાં ભાવિક ભક્તો ઉત્સાહભેર પીઓપીની મૂર્તિની સ્થાપના કરી વિસર્જન પણ કરતા કરે છે. જ્યારે માટીની મૂર્તિ તાત્કાલિક ઓગળી જતી હોય છે. અત્યારે વલસાડ તાલુકાના પારનેરા પારડી ગામે આવેલા હનુમાનજી મંદિર પટાંગણમાં ગણપતિ બાપાની મૂર્તિની સ્થાપના કરી હતી. મારુતિ નવયુવક મિત્ર મંડળ દ્વારા પર્યાવરણને નુકસાન ન થાય તે માટે તમણે પર્યાવરણને અનુકૂળ રહે તેવા



હેતુથી ઈકો ફ્રેન્ડલીની મૂર્તિની સ્થાપના કરે છે. જોકે ગૌમય ગણેશની મૂર્તિ કુદરતી રીતે ફરીથી માટીમાં ઓગળી જાય છે, જેથી પર્યાવરણને નુકસાન ન થાય શાસ્ત્રો અનુસાર દેવી લક્ષ્મી હંમેશા ગાયના છાણમાં વાસ કરે છે. રિદ્ધિ-સિદ્ધિ અને તેત્રીસ કરોડ દેવતાઓનો મહિમા ગાય માતામાં છે. ગૌમય ગણેશને ઘરે લાવીને પર્યાવરણને બચાવવું જોઈએ - એક ઈકો-ફ્રેન્ડલી ગણેશ જે તમારા ઘરને અપાર હકારાત્મક ઊર્જા, સુખ, સંપત્તિ અને સારા સ્વાસ્થ્યથી ભરી દેશે.

### વાપી વુમન્સ ક્લબ દ્વારા

## સર્વીકલ કેન્સર અંગે જાગૃતિ અને એચપીવી વેક્સિન અપાશે



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**વાપી, તા.૧૨:** વાપીમાં ૧૦૦ તરુણીઓને વાપી વુમન્સ ક્લબ દ્વારા એચપીવી વેક્સિનના બે ડોઝ આપી સર્વીકલ કેન્સર અંગે જાગૃતિ આપવામાં આવશે જે અંગે અગામી ૧૫ મી સપ્ટેમ્બરના રોજ બિંગો નાઈટ ઈવેન્ટનું આયોજન પણ કરવામાં આવ્યું છે.

આજે વાપી વુમન્સ ક્લબના પ્રમુખ શિલ્પા અગ્રવાલ દ્વારા પ્રેસ કોન્ફરન્સ કરી જણાવવામાં આવ્યું હતું કે તેમની સંસ્થા છેલ્લા ૧૮ વર્ષથી વાપીમાં કાર્યરત છે અને તેઓ મહિલાઓને એક અનોખી પહેલ કરી રહી છે અને હાલમાં સર્વીકલ કેન્સર અંગે જાગૃતિ આપવા માટે શાળા કોલેજમાં ભણતી ૯ થી ૧૮ વર્ષ સુધીની ૧૦૦ જેટલી તરુણીઓને નજીવા દરે એચપીવી વેક્સિન આપવામાં આવશે સાથે સર્વીકલ કેન્સર અંગે જાગૃતિ મહિલાઓમાં લાવવા માટે ખાસ આ કાર્યક્રમ કરાવી રહ્યા છે. આ વુમન્સ ક્લબ દ્વારા અગામી તારીખ ૧૫ મી સપ્ટેમ્બરના રોજ નામધા રોફેલ કોલેજ કેમ્પસ પાસે આવેલ વાપી નગરપાલિકાના ઓડિટોરિયલ હોલમાં સાંજે ચાર કલાકે બિંગો નાઈટ ઈવેન્ટનું આયોજન કરાયું છે. જેમાં ભાગ લેનારા વિજેતાને રોકડ ઈનામ આપવામાં આવશે સાથે આ કાર્યક્રમમાં થયેલી બચતની રકમ સર્વીકલ કેન્સર વેક્સિનમાં વાપરવામાં આવશે તેમ વાપી વુમન્સ ક્લબની પ્રમુખ શિલ્પા અગ્રવાલ અને તેની ટીમ દ્વારા જણાવાયું છે.

## ચીખલી પંથકમાં એકના ડબલ કરવાની લાલચ પ્રકરણમાં ધારાસભ્યને રજૂઆત



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**ચીખલી,તા.૧૨:** ચીખલી તાલુકાના મજીગામ નીલકંઠ દર્શન સોસાયટી ખાતે સાગર દિલીપભાઈ રાઠોડ, ચૈતાલી સાગર રાઠોડે પોતાના પુત્રના નામે સમર ગ્રુપ ગત ૦૮-૦૪-૨૦૨૦ ના રોજ બનાવ્યું હતું. જે ગ્રુપમાં રૂપિયાનું સંચાલન સાગર રાઠોડનો સાળો મિરલ પટેલ જે ચીખલી ખાતે હોમગાર્ડમાં નોકરી કરે છે એ કરતો હતો ત્યારે આ સમર ગ્રુપમાં સારો એવો પગાર આપવાની લાલચ આપી વિવિધ વિસ્તારોમાંથી એજન્ટો રાખ્યા હતા અને એજન્ટોને નવાનવા પ્રોજેક્ટો શરૂ કરવાના અને અગરબત્તીનું કારખાનું ચાલુ કરી તેમાં પણ સારી નોકરી આપવાની લાલચ આપી હતી. આ સમર ગ્રુપમાં એજન્ટો થકી લોકોના રોકાયેલા રૂપિયા ડબલ કરી આપવાની વાતો કરી કંપનીમાં એકાઉન્ટ ખોલાવી કરોડો રૂપિયા લોકો પાસેથી રોકાણ કરાવ્યા હતા. જેમાં એજન્ટોએ પોતે પણ રોકાણ કર્યું હતું. ઘણા લોકોએ તો લાલચમાં આવી બેન્કમાંથી લોન લઈ લાખો રૂપિયા રોક્યા હતા અને હવે બેન્કના હપ્તા પણ ભરી શકાય તેવી તેમની પરિસ્થિતિ નથી તો એજન્ટોએ જે લોકો પાસે આ કંપનીમાં રોકાણ કરાવ્યું હતું તેઓ પણ એજન્ટો પાસે રૂપિયાની ઉઘરાણી કરે છે ત્યારે સમર ગ્રુપના સંચાલકોને કારણે એજન્ટો અને રોકાણકારો કે જેઓ સામાન્ય પરિવારમાંથી આવીએ છે તેઓની હાલત દયનિય થવા પામી છે એજન્ટો આ અંગે પોલીસ મથકમાં કંપનીના સંચાલકો વિરૂદ્ધ ફરિયાદ કરવા જતા પોલીસ પણ આ એજન્ટોની ફરિયાદ લેતું નથી જેથી આ સમર ગૃપનુ એજન્ટો અને રોકાણકારો ચીખલી સર્કીટ હાઉસ ખાતે વાંસદા ચીખલીના ધારાસભ્ય અનંત પટેલ અને નવસારી જિલ્લા કોંગ્રેસ પ્રમુખ શૈલેષ પટેલને મળીને રજુઆત કરી હતી ત્યારે ધારાસભ્ય અનંત પટેલે તેમને એકજુથ રહેવાનું જણાવી આવનાર સમયમાં આવેદનપત્ર આપીને ઉચ્ચકક્ષાએ રજૂઆત કરવાનું જણાવ્યું હતું.

## આજે આહવામાં વિશ્વ આદિવાસી અધિકાર દિવસે રેલીનું આયોજન

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**સાપુતારા, તા.૧૨:** ડાંગ જિલ્લામાં મોટા ભાગે આદિવાસી સમાજના લોકો વસવાટ કરે છે. ત્યારે ૧૩મી સપ્ટેમ્બર વિશ્વ આદિવાસી અધિકારી દિવસ નિમિત્તે આહવા ખાતે રેલીનું આયોજન કરવામાં આવેલ છે. ડાંગ જિલ્લામાં મોટા ભાગે આદીવાસી સમાજના લોકો વસવાટ કરે છે. તેમજ અનુસૂચિ ૫ હેઠળનો વિસ્તાર ધરાવે છે. ત્યારે ૧૩મી સપ્ટેમ્બર વિશ્વ આદિવાસી અધિકાર દિવસ નિમિત્તે આદિવાસી સમાજનાં આગેવાનોએ કેટલાક પ્રશ્નોને લઈને રેલીનું આયોજન કરેલ છે.૧૩ મી સપ્ટેમ્બરના રોજ આહવા બિરસા મુંડા (ફુવારા) સર્કલથી કલેકટર કચેરી સુધી આદિવાસી સમાજના આગેવાનો દ્વારા રેલીનું આયોજન કરવામાં આવેલ છે. તેમજ બિન આદિવાસીઓ દ્વારા ખોટા આદિવાસી પ્રમાણપત્રો મેળવી નોકરીઓ અને અધિકારો પર તરાપ, આદિવાસીઓના જંગલની જમીનના પેન્ડિંગ દાવાઓ, આદિવાસીઓનું વિકાસના નામે વિસ્થાપન, પાંચમી અનુસૂચિ અને પેસા એક્ટનો ચૂસ્ત અમલ, આદિવાસી વિસ્તારમાં શિક્ષણ, આરોગ્ય તથા રસ્તા અને વાહન વ્યવહારની અપૂરતી વ્યવસ્થા, રોસ્ટર પોઈન્ટનો ચુસ્તપણે અમલ, આદિવાસીઓની ગ્રાન્ટની બિન આદિવાસીઓ દ્વારા ચોરી,જાતિ - માણપત્રો અંગે રાજ્ય સરકારે ઘડેલા કાયદા અને નિયમોનું ચૂસ્તપણે પાલન કરવું, આદિવાસીઓમાં સ્વરોજગારી, આવક મર્યાદા ૨.૫૦ લાખથી ૬ લાખ કરવી વગેરે મુદ્દાઓ તથા આ ઉપરાંત બંધારણમાં આપેલ ઘણા બધા હક્કોનું હનન થઈ રહ્યું છે. જેનો આદિવાસી સમાજ ઉકેલ ઈચ્છે છે. ત્યારે આ તમામ મુદ્દાઓ અને પ્રશ્નને લઈને આદિવાસી સમાજ દ્વારા રેલીનું આયોજન કરવામાં આવેલ છે.

## વલસાડમાં આજે ગૌરી વિસર્જન સાથે શ્રીજીની પણ વિદાય અપાઈ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**વલસાડ,તા.૧૨:** આજરોજ ગૌરી વિસર્જન હોવાથી વલસાડ શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં નાના મોટા મંડળો દ્વારા સ્થાપના કરાયેલા ગણેશજીની મૂર્તિનું વાજતે ગાજતે વલસાડની ઔરંગા વાંકી અને પાર નદીમાં અશ્રુ ભીની આંખે વિસર્જન કરવામાં આવ્યું હતું. ગણેશજીની વિસર્જન યાત્રા નીકળતા વલસાડ શહેરમાં પોલીસના ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો.

ગણેશ ચતુર્થીના દિવસે ગણપતિ બાપાની મૂર્તિની ગણેશ ભક્તો નાના-મોટા મંડળો દ્વારા ગણપતિ બાપાની મૂર્તિની સ્થાપના કરવામાં આવે છે. બાપાને સવાર સાંજ આરતી થાળ ધરાવામાં આવે છે. વલસાડ શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારમાંથી દોઢ અઢી અને પાંચ દિવસે બાપાની મૂર્તિનું વાજતે ગાજતે નજીકમાં આવેલા તળાવ નદી દરિયામાં વિસર્જન કરવામાં આવ્યું હતું ત્યારે આજરોજ ગૌરી ગણેશ વિસર્જન હોવાથી વલસાડ શહેરના મોગરાવાડીમાં વિજય સાર્વજનિક મંડળના ધર્મેશભાઈ ઉર્ફે ભોલા પટેલની આગેવાની હેઠળ વિસર્જન યાત્રા નીકળી હતી. આ ઉપરાંત વલસાડ શહેરના નાના-મોટા મંડળો દ્વારા ગણપતિ બાપાની વાજતે ગાજતે વિસર્જન યાત્રા શહેરના વિવિધ માર્ગો પરથી વલસાડની ઔરંગા, વાંકી નદીમાં વિસર્જન કરવામાં આવ્યું હતું તો અતુલ નજીક આવેલી પાર નદીમાં અતુલ વિસ્તાર નજીક આવેલા ગામોમાંથી બપોરે બાપાની વાજતે ગાજતે વિસર્જન યાત્રા નીકળી હતી. બાપાની મૂર્તિને અતુલની પાર નદીમાં વાજતે ગાજતે ભક્તોએ અશ્રુભીની આંખે વિસર્જન કરવામાં આવ્યું હતું.

### રવિવારે ધ્વનિવૃંદ દ્વારા

## બીલીમોરમાં અનાવિલ સમાજની શેરી-ગરબા સ્પર્ધા યોજાશે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**બીલીમોરા,તા.૧૨:** બીલીમોરાના અનાવિલ મંડળ ધ્વનિવૃંદના સોનલબેન દેસાઈ સહિતના મહિલા અગ્રણીઓ દ્વારા બીલીમોરાના સોમનાથ સંકુલમાં મો.યુ.શાહ સાંસ્કૃતિક ભવનમાં ૧૫-૦૯-૨૦૨૪ ના રવિવારના રોજ બપોરે અમદાવાદથી મુંબઈ સુધીના અનાવિલ સમાજના બહેનો-ભાઈઓ માટે શેરી-ગરબા સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. ધ્વનિવૃંદ દ્વારા સૌ-પ્રથમ વખત સમાજના બહેનો-ભાઈઓ માટે આયોજિત શેરી-ગરબા સ્પર્ધાને લઈને સમાજના લોકોમાં અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

શેરી-ગરબા સ્પર્ધામાં જિલ્લા પંચાયતના પ્રમુખશ્રી પરેશભાઈ દેસાઈ, ધારાસભ્ય રાકેશભાઈ દેસાઈ, સંદીપભાઈ દેસાઈ, પૂર્વ ધારાસભ્ય પીયૂષભાઈ દેસાઈ, ભાજપ અગ્રણી અને કાવેરી સુગરના ચેરમેન આનંદભાઈ દેસાઈ, ભાજપ મહામંત્રી જીગ્નેશભાઈ નાયક, ઉ.પ્રમુખ જીગરભાઈ દેસાઈ, આશિષભાઈ દેસાઈ (બંટી) સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહેશે. બીલીમોરાનું ધ્વનિવૃંદમાં સૂર, લય, તાલ અને બહેનોનો સમન્વય વિશેષ છે. ધ્વનિવૃંદ દ્વારા શેરી ગરબા સ્પર્ધા ઉપરાંત લગ્નગીત, સ્પર્ધા, રામકથા, વૃક્ષારોપણ, ભજન સ્પર્ધા, રસોઈ સ્પર્ધા સહિતની વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવતું હોય છે. અને આજે આ ધ્વનિવૃંદ એક વટવૃક્ષ સમાન બની જવા પામ્યું છે.

ધ્વનિવૃંદના સોનલબેન દેસાઈ, માયાબેન વશી, નિપા દેસાઈ, હેમાંગી નાયક, આકૃતિ મહેતા, તૃપ્તિ દેસાઈ, બિના નાયક, તુષારભાઈ નાયક, અમિતભાઈ (લાંબો), નરેશભાઈ વશી, નિમેશભાઈ દેસાઈ, રાકેશભાઈ નાયક, જીગરભાઈ દેસાઈ/વશી સહિતના અગ્રણીઓ દ્વારા શેરી ગરબા સ્પર્ધાને લઈને તડામાર તૈયારી કરવામાં આવી રહી છે.

## વલસાડમાં ૧૦૮ એમ્બ્યુલન્સમાં મહિલાની સફળ ડિલિવરી કરાવી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**દમણ,તા.૧૨:** વલસાડને ૧૦૮ની ટીમને કોલ મળતા તાત્કાલિક વલસાડ ૧૦૮ની ટીમને સુગર ફેક્ટરી કોલોની અતુલ રહેતા એક મહિલા દર્દી રાજધાનીબેન મોહનભાઈ ચૌહાણ જેને પ્રસુતિનો દુખાવો થયો હતો અને દુખાવો વધારે થતા એમણે ૧૦૮ ને કોલ કર્યો હતો કોલ મળતાની સાથે જ વલસાડ ૧૦૮ ના ઈએમટી ચંદ્રાવતી પટેલ અને પાયલોટ બીપીન પટેલ અતુલ સુગર ફેક્ટરી કોલોની જવા રવાના થયા હતા. દર્દીની બીજી ડીલેવરી હતી દર્દીને સુગર ફેક્ટરી ફેલાઈ જતા રસ્તામાં અસહ્ય દુખાવો ઉપાડતા રેલવે ઓવરબ્રીજ ઉપર આવી ૧૦૮ની ટીમ ઈએમટી ચંદ્રાવતી પટેલ એ એમ્બ્યુલન્સમાં ડીલેવરી કરાવવાની ફરજ પડી હતી તેથી પાયલોટ બીપીન ભાઈને એમ્બ્યુલન્સ સાઈડે લેવા માટે જણાવ્યું ડીલેવરીમાં થોડી તકલીફ પડી હતી પરંતુ સફળતાપૂર્વક ડીલેવરી કરાવી હતી ડીલેવરી થયા પછી તરત બાળક રડ્યું ન હતું બાળક પેટમાં જ સ્ટૂલ પાસ કરી દીધો હતો ત્યાર પછી બાળકને સકશન કર્યું બીવીએમ ઓક્સિજન આપ્યુ બાદ બાળક રડ્યું હતું તરત જ ઈએમટી ચંદ્રાવતી પટેલને ૧૦૮ હેડ ઓફિસમાં ડોક્ટર શાહ સર અને ડોક્ટર મિલન સર સાથે કોન્ફરન્સ કરી તેમના માર્ગદર્શન હેઠળ દર્દીને જરૂરી ઈન્જેક્શન ઓક્સિટોસિન અને ઈન્જેક્શન NS અને અન્ય સારવાર આપી બાળકનું વજન ૩ કિલો ૨૦૦ ગ્રામ હતું. દર્દી (માતા અને બાળક) સહી સલામત કસ્તુરબા હોસ્પિટલ વલસાડ માં ખસેડવામાં આવ્યા હતા આમ દર્દીના પરિવારે ૧૦૮ સ્ટાફનો આભાર વ્યક્ત કર્યો હતો.

## દમણમાં NIFT ઓણમ ઉત્સવની ઉજવણી



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**દમણ,તા.૧૨:** નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ફેશન ટેક્નોલોજી દમણએ રંગીન પડદા ઉચકવા વાળા કાર્યક્રમ સાથે ઓણમ ઉત્સવની શરૂઆત કરી. કેરળના સમૃદ્ધ સાંસ્કૃતિક વારસાને પ્રદર્શિત કરતી અને આગામી તહેવારોની શરૂઆતને ચિહ્નિત કરતી આ કાર્યક્રમ સંસ્થાના પરિસરમાં યોજાયો હતો.

આ કાર્યક્રમમાં કેરળના પરંપરાગત પોશાક, જટિલ રીતે સુશોભિત ફ્લોરલ વ્યવસ્થા અને રંગબેરંગી શણગારનું અદભૂત પ્રદર્શન સામેલ હતું. ફત્જ૮ દમણના વિદ્યાર્થીઓ અને ફેકલ્ટી સભ્યોએ સાથે મળીને કેરળના લણણીના તહેવાર ઓણમનું મહત્વ દર્શાવતો અનુભવ બતાવ્યો. આ પ્રસંગે અરવિંદ બાલક્રિષ્નન અને અથિદી બદોરિયાએ પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા. આ પ્રસંગે બોલતા કેન્દ્રના ડાયરેક્ટર સંદીપ સચને જણાવ્યું હતું કે, "ઓણમ એ એકતા, સમૃદ્ધિ અને નવી શરૂઆતનો ઉત્સવ છે વિદ્યાર્થીઓ અને સમુદાય સાથે તેનું મહત્વ 'પહેલાં રજૂ કરવા માટે ઉત્સાહિત' છે.

## શામગહાનમાં ટેમ્પો સાથે બાઈક ભટકાતા એકનું મોત

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**સાપુતારા,તા.૧૨:** ડાંગ જિલ્લાનાં વઘઈ તાલુકાનાં ઘોડવહળ ગામનાં યુવકોમાં પ્રદીપભાઈ ક્રિષ્નાભાઈ ચૌધરી અને દિનેશભાઈ રામચંદ્રભાઈ જાદવનાઓ તેઓની કે.ટી.એમ.ડુક મોટર સાયકલ. નં.જીજે-૩૦-ઈ-૭૪૬૫ પર સવાર થઈ સાપુતારા કામ અર્થે ગયા હતા. આ યુવકો કામ પતાવી સાપુતારાથી પોતાની મોટરસાયકલ પર સવાર થઈ પરત ઘોડવહળ ગામ જઈ રહ્યા હતા. તે વેળાએ સાપુતારાથી શામગહાનને જોડતા રાષ્ટ્રીય ધોરીમાર્ગનાં સાપુતારા ઘાટમાર્ગમાં સામેથી ચડી રહેલ આઈસર ટેમ્પો સાથે ભટકાતા ઘટના સ્થળે ગંભીર અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતનાં બનાવમાં મોટરસાયકલ પર પાછળ બેસેલ યુવક નામે દિનેશભાઈ રામચંદ્રભાઈ જાદવનાઓને માથાને ભાગે ગંભીર ઈજા પહોંચતા તેનું સ્થળ પર જ પ્રાણ પંખેરૂ ઉડી જવા પામ્યુ હતુ. જ્યારે મોટરસાયકલ ચાલક યુવાન નામે પ્રદીપભાઈ ક્રિષ્ના ચૌધરીને નજીવી ઈજાઓ પહોચવાની સાથે તેનો ચમત્કારિક બચાવ થયેલ છે. આ અકસ્માતનાં બનાવ સંદર્ભે સાપુતારા પોલીસ મથકનાં પી.આઈ.આર.એસ. પટેલનાં માર્ગદર્શન હેઠળ પી.એસ.આઈ. ડી.પી. ચુડાસમાએ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે..

યોગીકૃપા ક્લિનિક - રાહતદરે સારવારનું જાહેરનામું
વાપીના સૌથી જૂના અને જાણીતા - સિનિયર મોસ્ટ લેડી ડોક્ટર - ડો. અંજનાબેન (MBBS, MRSH, London)
નિયમિત રૂપે ગોકુળવિહારમાં મળશે.
સૌને રાહતદરે સારવારનો લાભ લેવા આમંત્રણ.
સમય : સવારે ૧૦ થી ૧ – સાંજે ૫.૩૦ થી ૭.૩૦
(રવિવાર અને જાહેર રજાના દિવસે બંધ)
મો. નં. : 9228163737
સ્થળ : A41, ગોકુળવિહાર સોસાયટી, ને. હા. ૮, GIDC

દમણગંગા ટાઈમ્સ ઈ-પેપર ડાઉનલોન કરવા માટે વેબસાઈટની મુલાકાત લો
www.damangangatimes.com

**OWNER :** Sheetal Publication, **PRINTER AND PUBLISHER : Mrs. Manjulaben N. Ukani**, **Printed at** Sheetal Publication, Plot No. 2505, 3rd Phase, GIDC, VAPI. - 396195 & **Published at** Sheetal Publication, 1st Floor, Shiv Krupa, B/h. Ashadham High School, N.H.8, Vapi, Dist.: Valsad, Pin - 396 191, **Editor : Mrs. Manjulaben N. Ukani**